# ધર્મવીર ઉપાધ્યાય
## શ્રી સોહનવિજયજી



મહુવાકર



# સંદેશ

યાદ છે સમાધિમંદિરની સભા! યાદ છે એ ગમગીન દિન! યાદ છે એ કર્મવીરનાં સ્મરણો! યાદ છે એ ગુરુવર્યની ભાવનાઓ અને કાર્યો!

યાદ છે ગુરુદેવ શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજીએ ઉચ્ચારેલાં વચનો—

"આજે આપણી વચ્ચેથી એક સિતારો અદ્રશ્ય થયો. તેમણે પંજાબ ગુરુકુળની સમુન્નતિ અને જાતિ સંગઠન—આ બે કાર્ય સમાજને ચરણે ધર્યાં છે. એ બહાદુર વીરે એકલાએ આટલી હિંમત બાંધી આટલું કામ કરી બતાવ્યું. શું આપણે બધા મળી સમાજના કલ્યાણનાં એ બે કામો નહિ કરીએ."

# ધર્મવીર ઉપાધ્યાય



[ સ્વ. ઉપાધ્યાય શ્રી સોહનવિજયજી
મહારાજની જીવનરેખા ]

: પ્રયોજક :


ફુલચંદ હરિચંદ દોશી
મહુવાકર



: પ્રકાશક :

મંત્રીઓ : શ્રી. આત્માનંદ જૈન સભા,

મુંબઈ.

મૂલ્ય : સદુપયોગ

## સહાયકો

૧૦૦ શેઠ કેશવલાલ નાનચંદ ધરમશી મુકાદમ મુંબઈ

૧૦૧ લાલા હંસરાજજી સૂરતરામજી જૈન સાઢોરા
( લઘુબંધુ લા. દીપચંદના લગ્નની ખુશાલીમાં )

૧૦૧ લાલા રતનચંદજી રીખબદાસજી ગદ્દદીપા હુશિયારપુર
( લઘુબંધુ લા. સાગરચંદ્રજીના લગ્નની ખુશાલીમાં )

૧૦૦ લાલા મુન્શીરામજી તિલકચંદજી જૈન મુન્હાણી ગુજરાનવાલા

૧૦૧ લાલા ધનપતરામજી વિલાયતીરામજી લુધિયાના
( લા. વલ્લભદાસના વિવાહ (સગાઇ)ની ખુશાલીમાં )

૫૧ લાલા સુંદરદાસજી મહેરચંદજી ખરડ ગુજરાનવાલા

૧૦૦ એ ગૃહસ્થ–પાલેજ : આચાર્યશ્રી વિજયલલિતસૂરિજીના સદુપદેશથી

૧૦૦ શ્રાવિકાસંઘ : પ્રવર્તિની–સાધ્વીજી શ્રીદેવશ્રીજીના સદુપદેશથી

૧૦૧ શ્રી શેઠ રતિલાલ વર્ધમાન, વઢવાણ કેમ્પ

વીર સં. ૨૪૬૮ — વિક્રમ સં. ૧૯૯૮

આત્મ સં. ૪૬ — ઈસ્વી સન ૧૯૪૨

પ્રકાશક : શ્રી હીરાભાઈ રાયચંદ મલબારી
શ્રી વાડીલાલ જેઠાલાલ શાહ : મંત્રીઓ. શ્રી આત્માનંદ
જૈન સભા ગોડીજીની ચાલ, પાયધુની, મુંબઈ ૨ ભાવનગર

મુદ્રક : મણિલાલ કલ્યાણદાસ પટેલ, શ્રી સૂર્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસ
પાંચકુવા દરવાજા અમદાવાદ




મરુભૂમિઉદ્ધારક, પ્રખર શિક્ષાપ્રચારક
**આચાર્યશ્રી વિજયલલિતસૂરીશ્વરજી.**

# સમર્પણ



પંજાબકેસરી, શાશનશિરોમણી

સમાજઉદ્ધારક, શિક્ષણસંસ્થાઓના સંસ્થાપક

## આચાર્યશ્રી વિજયવલ્લભ સૂરીશ્વરજી

ના

શિષ્યરત્ન

મરુભૂમિઉદ્ધારક, શિક્ષાપ્રચારક

ગુરુભક્ત, શાસનસેવક

## શ્રી વિજયલલિત સૂરીશ્વરજી

**ના કરકમળમાં**

**તેમનાજ**

**આત્મપ્રિય લઘુબંધુ ધર્મવીર ઉપાધ્યાય**

**શ્રી સોહનવિજયજીની જીવનગાથા**

**સપ્રેમ સમર્પિત**



ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વર
'આત્મારામજી' મહારાજ.



# બે બોલ

આત્માનંદ જૈન ગુરુકુળ માટે યોજના અને કાર્યનો વિચાર કરવા હું આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી પાસે ગુજરાનવાલા ગયો ત્યારે ચરિત્રનાયક બિમાર હતા. અને ગુરુકુળની શરૂઆત વખતે તો એ ધર્મવીર સ્વર્ગે સંચરેલા. તેમનાં કાર્યો અને ગુરુકુળ માટેની ઝંખના વિષે ગુરુકુળમાં વાતો ચાલતી. ગુજરાનવાલાના ભાઈઓ અને પંજાબનો શ્રીસંઘ ઉપાધ્યાયજીને પ્રસંગે પ્રસંગે યાદ કરતા હતા. પણ હું છ વર્ષ ગુરુકુળમાં રહ્યો તે દરમિયાન ઉપાધ્યાયજીના સંકલિત જીવનચરિત્ર વિષે કશું થઈ શકયું નહિ. પણ પાંચ વર્ષ પહેલાં તેમનું હિન્દી જીવનચરિત્ર વાંચી એ કર્મવીર માટે ભારે સન્માન થયેલું. તેમના જીવનના પ્રસંગો રોમાંચ જેવા લાગ્યા અને તેમની જીવનગાથા ગૂજરાતીમાં નવીન દ્રષ્ટિએ આલેખવાની મને સ્વયંભૂ ઇચ્છા થઈ આવી.

ગુરુભક્ત પં. શ્રી સમુદ્રવિજયજી મહારાજશ્રી તો ગુરુના પગલે ચાલનારા અને સમાજ તથા ધર્મની ઉન્નતિ માટે દિવસ રાત પરિશ્રમ કરનાર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજના ચરણમાં અવિરત સેવાભાવે રહેનારા હોવાથી આચાર્યશ્રીની અનુજ્ઞા મેળવી મને જીવનચરિત્ર આલેખવા જણાવ્યું.

ગૃહપતિના જવાબદારી ભર્યાં કાર્યમાં તો વખત મળે જ ક્યાંથી! પણ રજામાં તેમજ બીજે થોડો થોડો સમય મેળવી ગૂજરાતી જનતા સમક્ષ 'ધર્મવીર ઉપાધ્યાય' ધરવા ભાગ્યશાળી થયો છું.

પણ આ પ્રકાશનનો યશ તો એ ગુરુભક્ત પંન્યાસજી મહારાજશ્રી સમુદ્રવિજયજીનેજ ઘટે છે. જીવનચરિત્ર તૈયાર થયું પણ છપાવવા માટેની ચિંતા થઈ. તે માટે તેમણે ઉપદેશ આપ્યો અને કેટલાક ગૃહસ્થોએ તે માટે સહાયતા કરી. તે બધા પણ હાર્દિક ધન્યવાદને પાત્ર છે.

આ પુસ્તકના પ્રકાશનમાં મારા લઘુબંધુ સમા ભાઈશ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈ (જયભિખ્ખુ) નો ઘણો સારો ફાળો છે. સુશોભન તથા પ્રુફ વગેરે માટે હું તેમનો ઋણી છું.

આ ચરિત્રનાયક ખરેખર પ્રખર સેવાભાવી અને ધર્મધુરંધર હતા. આજે તેવા ત્યાગીઓની જૈન સમાજને ખોટ છે.

સાધુ સમાજના સ્થંભો જૈન સમાજની આજની દુર્દશા, અજ્ઞાનતા, કુસંપમય વાતાવરણ અને દરિદ્રતા ક્યારે વિચારશે! સમાજના કલ્યાણ અને ઉદય વિના કોઈ ધર્મ વિકાસ પામ્યો જાણ્યો છે! ધર્મનાં કલ્યાણમય કામો સમાજના વિકાસની દૃષ્ટિએ થવાં જરૂરી છે.

શેઠ ચીમનલાલ નગીનદાસ
વિદ્યા વિહાર
એલિસબ્રિજ, અમદાવાદ
જ્ઞાનપંચમી, સંવત ૧૯૯૮

ફૂલચંદ હરિચંદ દોશી



ચરિત્રનાયક ધર્મવીર ઉપાધ્યાય

શ્રી સોહનવિજયજી



# નિવેદન

આનંદનો વિષય છે કે આજ ચાર વર્ષ પછી મારી અને આદર્શ ઉપાધ્યાયના ભક્તગણો તથા પાઠકગણની ભાવના સફળ થઇ.

ચાર વર્ષ પહેલાં જ્યારે હિન્દી ભાષામાં ‘आदर्श उपाध्याय’ પુસ્તક પ્રકાશિત થયું ત્યારે મને આનંદ થયો હતો. પણ ગૂજરાતી જનતા અને ગૂજરાતના ભાઈબહેનોને માટે ગૂજરાતી ભાષામાં પુસ્તક પ્રકાશિત કરવા મારી ઈચ્છા ઘણા સમયથી હતી. ગૂજરાતમાં આવ્યા ત્યારે તો તે માટે ઘણા ભાઈબહેનોએ માટે અનુરોધ કર્યો અને આજે તે પ્રકાશિત થતું જોઈને કોને આનંદ નહિ થાય!

ચરિત્ર વાંચવાથી જોઈ શકાશે કે ઉપાધ્યાયજી મહારાજ ખરેખર એક આદર્શ ઉપાધ્યાય હતા. તેઓશ્રીએ જૈનધર્મની ઉન્નતિને માટે, જૈનધર્મના ગૌરવને માટે અને જૈનધર્મના સિદ્ધાન્તોના પ્રચારને માટે નથી જોઈ રાત કે નથી જોયો

દિવસ, નથી ગરમીનો વિચાર કર્યો કે નથી શરદીની પરવા કરી, નથી ભૂખની પરવા કરી કે નથી આરામની પરવા કરી. કેવળ ધર્મહિતના કાર્યોમાં મગ્ન રહેતા હતા.

હિન્દુ કે મુસલમાન, બ્રાહ્મણ કે ક્ષત્રિય, રાજા કે રંક કોઈપણ એક વખત તેમના સમાગમમાં આવતા, તેમનાં પ્રભાવશાળી વ્યાખ્યાન સાંભળતા, તે તરતજ તેમના ભક્ત બની જતા. હિન્દુ–મુસલમાન બધાએ મળીને તેમના ગુણ ગાયા; કસાઈભાઈઓએ પણ બહુ જ આદરભાવપૂર્વક માન-પત્ર સમર્પણ કરીને શ્રદ્ધાના ફૂલોથી તેમનું સન્માન કર્યું.

ઉપાધ્યાયજી મહારાજના સ્વર્ગવાસથી કેવળ જૈનસમાજને હાનિ થઈ છે એમ નથી, પણ અજૈન સમાજને પણ ભારે ખોટ પડી છે. આજસુધી તે બધા ભાઈઓ 'સોહન-બાબાકી કયા બાત કરની ?' આ પ્રમાણે કહીને પોતાનો ખેદ દર્શાવે છે.

સ્વર્ગસ્થ ઉપાધ્યાયજી મહારાજમાં વિશેષ ઉલ્લેખ કરવા યોગ્ય ગુણ તો એ હતો કે તે અનન્ય ગુરુભકત હતા. ગુરુભકિતમાં તેઓ કદી પાછા નથી હઠયા. ગુરુ–આજ્ઞા શિરોધાર્ય કરવામાં તેઓ સદૈવ તત્પર રહેતા હતા. ગુરુ કાર્યને માટે તેઓ કષ્ટોની પણ પરવા નહોતા કરતા.

ગુરુદેવ ઉપાધ્યાયજી મહારાજની અંત સુધી અપરિચિત અનાર્ય દેશોમાં પણ પવિત્ર જૈનધર્મના પ્રચારની અને ત્યાંના લોકોમાં ધર્મભાવના જાગૃત કરવાની સુંદર ભાવના હતી.

જ્યારે ગુજરાનવાલામાં શ્રી આત્માનંદ જૈન મહાસભા

પંજાબનું અધિવેશન થયું ત્યારે પંજાબભરના લોકો તેમાં ભાગ લેવા આવ્યા હતા. તેમાં મુસલમાન ભાઈઓ પણ હતા. તેઓએ ઉપાધ્યાયજી મહારાજને મુલતાન પધારવાની જોરદાર પ્રાર્થના કરી. આ વખતે તેઓ નવપદજી આરાધના નિમિત્ત મૌન રાખતા હતા, પણ તેમણે પત્ર પર લખીને પોતાના વિચારો પ્રગટ કર્યા; તે આજે પણ યાદ આવે છે.

'ભાઈઓ! તમારી પ્રાર્થના મને શિરોધાર્ય છે. હું તો મુસાફર છું. મારે કામ કરવું છે સમાજ ઉત્થાનનું, રાષ્ટ્રની જાગૃતિ અને અહિંસા ધર્મનું. કરાંચીથી ઘણા વખતથી આમંત્રણ આવ્યા કરે છે. તે પ્રદેશમાં સાધુઓને વિચરવાની અત્યંત આવશ્યકતા છે. કારણ કે ત્યાં લોકો અધિક સંખ્યામાં માંસાહારી છે. તે લોકોને માટે તો જીવોનો વધ કરવો તે શાકભાજી સમારવા બરોબર છે. આજ કારણે તે પ્રદેશના લોકોમાં અહિંસા ધર્મનો પ્રચાર કરવાની અને તે લોકોના કઠોર, નિર્દય હૃદયોમાં દયાના ભાવ પૂરેપૂરા ભરવાની અત્યંત જરૂર છે. આથી મારો ઇરાદો તે તરફ છે. તે તરફ જતાં હું મુલતાન આવીશ."

આ ઉપરથી જાણી શકાય છે કે ઉપાધ્યાયજી મહારાજની કેવી ઉચ્ચ ભાવના હતી.

અહિંસાનો પ્રચાર, અનાર્ય દેશોમાં વિહાર, દયાભાવ ફેલાવવાની તમન્ના અને ધર્મની જાગૃતિ માટેની કેવી ધૂન હતી એ આ ઉપરથી જોઈ શકાય છે. પણ દુઃખ—મહા દુઃખ થાય છે કે કુદરતને તેમના જેવા મહાત્માના જલદી જરૂર

[ मव

પડી હશે સ્વર્ગમાં પ્રચાર કરવા તેમને તે ઉપાડી ગઈ અને સમાજને ઉદાસીન બનાવી દીધો.

ગુરુમહારાજનું આયુષ્ય દીર્ઘ હોત તો જરૂર ગુરુદેવ અનાર્ય દેશોમાં ધર્મપ્રચાર કરી શકયા હોત. શ્રી ઉપાધ્યાયજી મહારાજની સરળતા પણ વિશિષ્ટ પ્રકારની હતી. કોઈ કોઈ વખત કોઈની સાથે બોલચાલ થઈ હોય, મન દુઃખ થયું હોય, કોઈને ઊંચે સાદે કહેવાઈ ગયું હોય, પોતાના શિષ્ય પ્રતિ પણ કદી કંઈ આકરાં વચનો કહેવાયાં હોય તો પોતે બહુ ખિન્નતા પામતા અને તરત ક્ષમાપ્રાર્થના કરી લેતા.

અંત સમય પહેલાં જ્યારે તેમને લાગ્યું કે હવે જવાની તૈયારી છે ત્યારે બધાને બોલાવી પોતે ખમતખામણાં કર્યાં, એટલું જ નહિ પણ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયકમલસૂરિજી સાહેબ, પ્રવર્તકજી મહારાજ શ્રી કાંતિવિજયજી મહારાજ, શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજ આદિ મુનિ મહાત્માઓને પોતાની તરફથી ખમતખામણાના પત્રો ગુરુદેવ મારફત લખાવ્યા.

તેઓશ્રીના શુદ્ધ હૃદય તથા ભદ્રિકતાના પ્રતાપથી ગ્રહસ્થ તો શું પણ ઘણાય મુનિ મહાત્માઓ પણ ગુણાનુરાગી બની જતા. વિ. સં. ૧૯૬૯ના વર્ષમાં શ્રી ગુરુદેવની આજ્ઞાથી ઉપાધ્યાયજી મહારાજશ્રી સિદ્ધાચળજી તીર્થની યાત્રા કરવા જઈ રહ્યા હતા. ત્યારે કાઠીઆવાડના રાણપુર નામના ગામમાં યોગનિષ્ઠ જૈનાચાર્ય શ્રીમદ બુદ્ધિસાગરસૂરિજીના પટધર

આચાર્ય શ્રીમદ્ અજિતસાગરસૂરિ સાથે તેઓનો મેળાપ થયો. માત્ર એક જ દિવસ સાથે રહેવાનો પ્રસંગ મળ્યો હતો, પરંતુ ઉપાધ્યાયજી સાથે ધાર્મિક વાર્તાલાપ કરીને તેમને બહુજ આનંદ થયો હતો અને તેઓ ઉપાધ્યાયજીના ગુણાનુરાગી બની ગયા હતા. પછી તો કોઈ વખત મળ્યાનો પ્રસંગ નહોતો આવ્યો પણ તેઓનો ઘનિષ્ઠ સંબંધ જળવાઈ રહ્યો હતો. જ્યારે ઉપાધ્યાયજીના સ્વર્ગવાસના સમાચાર તેમણે સાંભળ્યા ત્યારે તેમને ભારે ખેદ થયો. પોતાનો શોક પ્રગટ કરવાને માટે તેમણે ગુરુમહારાજની બે સ્તુતિ બનાવીને 'આત્માનંદ પ્રકાશ' માં પ્રકાશિત કરાવી હતી.

પ્રાન્તે આ સુંદર પુસ્તક જનતાના હાથમાં સોંપાય છે. આ પુસ્તકના પૃષ્ઠે પૃષ્ઠ માંથી ગુંજી રહેલો અવાજ સહુ સાંભળે અને જાગ્રત બને !

## પંજાબને પ્રાર્થના

યાદ છે સમાધિમંદિરની સભા ! યાદ છે એ ગમગીન દિન ! યાદ છે એ કર્મવીરના સ્મરણો ! યાદ છે એ ગુરુવર્યની ભાવનાઓ અને કાર્યો !

યાદ છે ગુરુદેવ શ્રીમદ્ વિજયવલ્લભસૂરિશ્વરજીએ ઉચ્ચારેલાં વચનો—

"આજે આપણી વચ્ચેથી એક સિતારો અદ્રશ્ય થયો. તેમણે પંજાબ ગુરુકુળની સમુન્નતિ અને જાતિ સંગઠન–આ બે કાર્ય સમાજને ચરણે ધર્યાં છે. એ બહાદુર વીરે એકલાએ આટલી હિંમત બાંધી આટલું કામ કરી બતાવ્યું. શું આપણે

બધા મળી સમાજના કલ્યાણનાં બે કામો નહિ કરીએ. !"

મહાનુભાવો! આ વચનો યાદ કરો. હૃદયપટ પર સોનેરી અક્ષરોએ લખીને કટિબદ્ધ થઇ જાઓ. મેદાનમાં કૂદી પડો અને કાર્ય કરી બતાવો. હું પણ તમને સહયોગ આપવા તૈયાર છું. 'હિમ્મતે મર્દાં તો મદદે ખુદા' યાદ કરો. પંજાબીવીર! ચાલો ગુરુદેવના સંદેશને પૂરો કરો. પંજાબદ્વારા આખાએ જૈનસમાજની ઉન્નતિ સાધવાની ભાવનાથી જ્યોતિ જગાવો, સમાજનું કલ્યાણ સાધવા સંકલ્પ કરો. સેવાની મશાલ ધરો. અને આપણે ઋણમુક્ત થઇએ.

વિયોગી શિષ્ય
સમુદ્રવિજય




પંજાબકેસરી શાસનશિરોમણિ આચાર્યશ્રી
વિજયવલ્લભસૂરીશ્વરજી



# શ્રી. આત્માનંદ જૈન સભા

## મુંબઈ

પૂજ્યપાદ આચાર્ય ૧૦૦૮ શ્રી. વિજયાનંદસૂરીશ્વરજી ( શ્રી. આત્મારામજી ) મહારાજના નામથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. આ ગુરુદેવનો ઉપકાર જૈન સમાજમાં અનહદ છે. પંજાબમાં તેઓશ્રીનો ઉપકાર તો મહાન છે. આવા મહાન ઉપકારી મહાત્માના નામથી પંજાબમાં ઠેરઠેર સંસ્થાઓ છે. કોઇ સ્થળે શ્રી આત્માનંદ જૈન સભા તો કોઈ સ્થળે શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ, તો કોઈ ઠેકાણે શ્રી આત્માનંદ જૈન લાયબ્રેરી. અને વળી કોઈ ઠેકાણે શ્રી વિજયાનંદસૂરિ જૈન મંડળ, નામની સંસ્થાઓ છે તેવીજ રીતે શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરમાં પણ છે.

મુંબઈ જેવા મોટા શહેરમાં ગુરુદેવના નામની પુણ્યસ્મૃતિ કાયમ રહે તે માટે તેઓશ્રીના ભક્તોદ્વારા ગત ચૈત્ર સુદ ૧ના શુભ દિવસે—ગુરુદેવના જન્મદિનના પવિત્ર દિવસે—( શતાબ્દિ દિને ) આ સંસ્થાની સ્થાપના પાયધુની ઉપર આવેલા જૈન ઉપાશ્રયમાં પૂજ્ય મુનિરાજશ્રી બુદ્ધિમુનિજી ગણીવર્યના શુભ હસ્તે કરવામાં આવી છે.

## ઉદ્દેશો

(૧) સામાજિક, ધાર્મિક તેમજ ઐતિહાસિક ઉપયોગી સાહિત્ય પ્રકાશન.

(૨) ધાર્મિક, સામાજિક તેમજ ઐતિહાસિક સાહિત્યને સહાય અને ઉત્તેજન.

(૩) જૈન ધર્મના પ્રચાર માટે ભાષણુ, પુસ્તિકા યોજના.
(૪) જૈન જનતાનો સંપર્ક સાધવો અને ભાઈચારો વધે તેવા પ્રયાસો કરવા.
(૫) જૈન તત્ત્વ, ક્રિયા કે જૈન ઈતિહાસ સંબંધી ગેરસમજુતી અટકાવવા માટે પ્રયત્ન કરવા અને તે માટે યોગ્ય પ્રચાર કરવો.
(૬) જૈન સેવાભાવી કાર્યકર્તાઓ તૈયાર કરવા અને તેમને ઉત્તેજન આપવું.

## સભ્યોના પ્રકાર

સંસ્થામાં ત્રણ પ્રકારના સભ્યો નીચે મુજબ ગણાશે. પેટ્રન, આજીવન સભ્યો, અને સામાન્ય સભ્યો.

**પેટ્રનઃ**

સંસ્થાને ૫૦૧) રૂા. એકી વખતે આપનાર.

**આજીવન સભ્ય**

પ્રથમ વર્ગના આજીવન સભ્ય એકી વખતે ૨૦૧) રૂા. આપનાર

બીજા વર્ગના આજીવન સભ્ય એકી વખતે ૧૦૧) રૂા. આપનાર

**સામાન્ય સભ્ય**

પ્રથમ વર્ગના દર વરસે ૬) રૂા. અને બીજા વર્ગના દર વરસે ૩) રૂા. આપનાર.

**ચાલુ વર્ષની વ્યવસ્થાપક સમિતિ.**

| | |
|---|---|
| શેઠ સકરચંદ મોતીલાલ મુળજી | પ્રમુખ |
| શેઠ રણછોડભાઈ રાયચંદ ઝવેરી | ઉપપ્રમુખ |
| શેઠ ફુલચંદભાઈ શામજી | ખજાનચી |
| શ્રી હીરાભાઈ રાયચંદ મલબારી | મંત્રીઓ |
| શ્રી વાડીલાલ જેઠાલાલ શાહ | મંત્રીઓ |
| શેઠ કાંતિલાલ ઈશ્વરલાલ જે. પી. | સભ્યો |
| શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીયા | ,, |
| શ્રી શાંતિલાલ મગનલાલ શાહ | ,, |
| શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી | ,, |
| શ્રી નરોતમદાસ ભગવાનદાસ શાહ | ,, |
| શ્રી મનસુખલાલ હીરાલાલ લાલન | ,, |

# અનુક્રમ


| | પૃષ્ઠ |
|---|---|
| અબ મોહે તારો ગુરુજી! | ૩ |
| વતન ને વંશ | ૭ |
| મનની મુરાદ ફળી | ૧૧ |
| સાધુતાની કસોટી | ૧૬ |
| પત્થર કે મોતી | ૨૨ |
| ધન્ય જીવન | ૨૫ |
| પંન્યાસ બન્યા | ૩૨ |
| કલ્યાણકારી કાર્યો | ૩૯ |
| વધતી જતી સુવાસ | ૪૪ |
| લોકપ્રેમ | ૫૦ |
| વીરના પુત્રોને જ્ઞાનદાન | ૫૬ |
| શ્રીરામ જયંતિ | ૬૨ |
| દાવાનળની શાંતિ | ૬૬ |
| જૈન મહાસભાની સ્થાપના | ૬૯ |
| અહિંસાનો પ્રચાર | ૭૪ |
| રાજદ્રોહની ગંધ | ૮૦ |
| સાધુતાના સંદેશ | ૮૭ |
| અદ્‌ભુત જાદુગર | ૯૭ |
| શાન્તિ અને જયન્તિ | ૧૦૩ |
| કુરાને શરીફનું ફરમાન | ૧૧૨ |
| આર્યસમાજ પંડિતોનું આકર્ષણ | ૧૧૮ |
| ભાઈભાઈ અને પિતાપુત્રમાં શાંતિ | ૧૨૩ |
| પદવીદાન સમારંભ | ૧૩૨ |
| દીપક બુઝાયો | ૧૩૮ |
| પરિશિષ્ટો | ૧૪૫–૧૬૦ |
| અંત સમયના પત્રો | ૧૬૧ |
| સ્નેહાંજલિ | ૧૬૫ |


## અંત સમયના પત્રો

પહેલો પત્ર આચાર્યશ્રી વિજય વલ્લભસૂરિજીએ ઉપાધ્યાયજી મહારાજના પરમપ્રેમી આત્મ પ્રિયબંધુશ્રી લલિત વિજયજી મહારાજ પર લખેલો છે. બીજા બે પત્રો ઉપાધ્યાયજી મહારાજશ્રી સોહનવિજયજી મહારાજે પોતે પોતાના પ્રિયઆત્મબંધુશ્રીલલિતવિજયજી મહારાજશ્રીને લખ્યા છે.

# શુદ્ધિપત્રક

| અશુદ્ધ | શુદ્ધ | પૃષ્ઠ | અશુદ્ધ | શુદ્ધ | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ઝકાવી | ઝૂકાવી | ૫ | કતરિપુર | કર્તારપુર | ૭૨ |
| આભન | આભને | ૭ | અકાળી | અકાલી | ૭૮ |
| ખોરૂ | ખોરૂ | ૪૦ | ખંડેલવાળા | ખંડેલવાળ | ૮૭ |
| પાલી | વાલી | ૫૨ | કહું છે | કહું છું | ૯૦ |
| મુનિશ્રી | મુનિશ્રી લલિત | | વિદય | વિદાય | ૧૦૦ |
| | વિજયજી, મુનિશ્રી | | ફેલાવો | ફરમાવો | ૧૧૫ |
| | ઉમંગ વિજયજી | | અગરમલ | મગરમલ | ,, |
| | તથા | ૫૪ | સિખે | સિખ | ૧૧ |
| મુદરી | મુદકી | ૬૧ | ફીલાસોમાસિંહ | ફીલાસોભાસિંહ | ૧૩૫ |
| મકાનઆદિમાં | મકાનઆદિ | ૬૩ | માગશરવદી૧૪ | કાર્તિકવદી૧૪ | ૧૪૦ |
| રહે નહિ | રાખે નહિ | | હાટ | હાર | ૧૪૬ |
| મંદિરા | મદિરા | ૭૧ | લોકોઓ | લોકોએ | ૧૫૯ |

**નોંધ** પંજાબી તથા ગૂજરાતી તિથિમાં ફેરફાર હોવાથી શરતચૂકથી ભૂલ રહી ગઈ હોય તો ક્ષંતવ્ય.

**આ ગ્રંથ આત્માનંદ જૈન સભા, ભાવનગરથી પણ પ્રાપ્ત થઇ શકશે.**

# ધર્મવીર ઉપાધ્યાય

[ શ્રી સોહનવિજયજી મ. ની જીવનરેખા ]





# ' અબ મોહે તારો ગુરુજી ! '

•

**ઉષાનાં** ગુલાબી કિરણોએ સરોવરોનાં પુષ્પોને હજી ચુમ્બ્યાં ય નહોતાં, ને એક કુમાર ગુરુચરણોમાં આવી નમ્યો. એણે આર્તસ્વરે વિનંતી કરી. એ સ્વરોમાં સંસાર તરફની મૂંઝવણ સ્પષ્ટ રણકાર કરતી હતી.

" ગુરુદેવ ! આપનો ચરણકિંકર બનાવો. મને દીક્ષા આપો. મને આત્મશાન્તિ જોઈએ છે. "

" વત્સ, શાન્ત થા ! આત્મશાન્તિ માટે તત્ત્વશ્રદ્ધા જરૂરી છે. ભાવના હશે ને ભાગ્યોદય પ્રબળ હશે, તો બધું આવી મળશે. " ગુરુદેવના શબ્દોમાં સ્વસ્થતા હતી.



" ગુરુમહારાજ, એ તત્ત્વશ્રદ્ધાને કાજે તો એક અંચળો ( સ્થા. સાધુનો ) ફગાવીને આપને ચરણે આવ્યો છું. સાધુ તો બન્યો હતો પણ શાન્તિ લાધતી નહોતી. જ્ઞાન તો મેળવી રહ્યો હતો; પણ વિરતિનો કોઈ અંશ સૂઝતો નહોતો. એક ઘેરો અંધકાર મારા આત્માને વીંટી વળ્યો છે. આજે પ્રકાશ ઝંખુ છું. મારી શ્રદ્ધા છે, કે એ પ્રકાશ મને આપ દ્વારા મળશે. "

" મહાનુભાવ, એ પ્રકાશ મેળવવા માટેનો સંયમમાર્ગ અત્યંત દુષ્કર છે. અસ્થિર મનવાળા જુવાનો બંને બાજુનું ખુએ છે. ઘેર જાઓ, શાન્ત થાઓ ! દીક્ષા લેવી એ નાના બાળકના ખેલ નથી. ખાંડાની ધાર પર ખેલવું પડશે. એટલી તૈયારી, એટલો ત્યાગ, એટલી દૃઢ મનોભાવના છે? આ બધાનો સરવાળો કરી ફરી વળી સ્વસ્થ ચિત્તે મળજો. "

" આજે તો પાછો જ વળું ? "

" અવશ્ય, મહાનુભાવ ! ધર્મલાભ. "

નિરાશ યુવાન પાછો વળ્યો. એણે ઉપાશ્રય છોડયો, પણ દિલ ત્યાં જ હતું. એ શાંત મુદ્રા, કરુણાભર્યાં એ નયનો, અમીરસ ઝરતી એ જબાન અને એ ઉદાર હૃદયઃ સ્મૃતિમાંથી ખસે જ નહિ. એ બીજે અનેક સ્થળે ફર્યોઃ પણ દિલને શાન્તિ ન લાધી તે ન જ લાધી.

ફરીથી એકવાર યુવાન ગુરુચરણમાં પહોંચી ગયો. એ જ પ્રાર્થના, એ જ આજીજી અને સામેથી પણ એવો જ પ્રેમભર્યો આવકાર, એ જ નિખાલસ જવાબ અને એ જ ઉપદેશભર્યાં અમૃતવચનો.

યુવાન પુનઃ પાછો ફર્યો. પણ એના પાછા ફર્યે શું થાય ? દિલ તો પાછું ફરતું જ નહોતું !

તો ફરીથી એ ગુરુચરણો સ્પર્શવાં ?

ફરીથી પ્રાર્થના કરવી ? એના દિલમાં મનોમંથન જાગ્યું. શા માટે નહિ ? યુવાને આત્મિક તૈયારીઓ આદરી. વાસના અને નિર્બલતાને ફગાવી દીધાં. અસ્થિરતાને દેશવટો આપ્યો. મન મક્કમ બનાવ્યું.

એક દહાડો, આટલી તૈયારી સાથે ગુરુચરણમાં એણે ઝુકાવી દીધું. એણે ગદગદ કંઠે વિનંતી કરીઃ

" ગુરુજી, અબ મોહે તારો ! "

સૌમ્યમૂર્તિ ગુરુદેવના ચહેરા પર હાસ્ય ફરક્યું. બબે વખત પાછો વાળ્યા છતાં યુવાનનો આશાદોર હજી અણ-ત્રુટ રહ્યો છે. એમને લાગ્યું, કે આવા મુમુક્ષુ માટે કંઈ કરવું ઘટે. એની પિપાસા સાચી છે. એના આર્તનાદમાં સ્મશાનવૈરાગ્ય નહિ, પણ શાશ્વત શાંતિ તરફનો મોહ છે. સંયમની સાચી આગ જલી રહી છે.

" વસંતામલ ! " ગુરુદેવે પ્રેમભીના સ્વરે કહ્યું.

" ગુરુદેવ ! " યુવાન ચરણકમલમાં ઝૂકેલો જ હતો.

" ગૂજરાત જઈશ ? "

" મારી ભાવના ફળતી હોય તો ગગનમંડળ ભેદીને પણ કહો ત્યાં જાઉં. "

" વસંતામલ, ગૂજરાત તારા માટે અનુકૂલ થશે, એમ મને લાગે છે. સગાંસ્નેહીના મોહપાશથી દૂર રહેવાશે,

ગૂજરાતનાં મહામૂલાં તીર્થો પણ જોવાશે; અને કેટલાય મુનિરાજોનાં દર્શન થશે. ”

“ આપની આજ્ઞા શિરોધાર્ય છે. ”

ગુરુદેવે એક પત્ર લખી આપ્યો,—પંજાબની ભૂમિથી દૂરદૂર ગૂજરાતમાં વિચરી રહેલ મુનિરાજ શ્રી લલિતવિજયજી પર.

એ પત્ર લઈને બહાર નીકળતા વસંતામલનો હૃદયાનંદ અપૂર્વ હતો. એને એ પત્રમાં નવજીવન મળ્યાનો આનંદ હતો.

એ કરુણામૂર્તિ ગુરુદેવ એટલે પંજાબકેસરી આચાર્યવર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ.



[ ૨ ]

## વતન ને વંશ

સૌંદર્ય અને સરસ્વતીનું ધામ કાશ્મીર પૃથ્વીના સ્વર્ગ તરીકે વિખ્યાત છે. હિમથી આચ્છાદિત ગિરિમાળાઓ, કમળપત્રોથી ભરચક્ક સરોવરો, નિર્મળ ઝરણાંઓ, મઘમઘતાં પુષ્પવનો અને ખુશનૂમા હવાવાળો આ પ્રદેશ છે. કોઈ એને નંદનવન કહે છે. બાદશાહ જહાંગીર એને 'ફિરદોશે જમીનસ્ત' પૃથ્વીનું સ્વર્ગ કહેતો.

કિંવદન્તી કહે છે, તેમ કલિકાળસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે અહીં જ સરસ્વતીની સાધના કરેલી. મહાકવિ કાલિદાસે પણ અહીં વિદ્યોપાસના આદરેલી. અનેક વિદ્વાનોએ પણ કાશ્મીર–જમ્મુની પાઠશાળામાં ભણી દિગ્વિજય સાધેલો.

આભને સ્પર્શવા ઉન્નત બનેલી ગિરિરાજ હિમાલયની હારમાળાઓની વચ્ચે આ પ્રદેશ, પંજાબની ઉત્તરે

આવેલો છે. એની પશ્ચિમ તરફ અફઘાનિસ્તાન, પૂર્વ તરફ અદ્‌ભુત પ્રદેશ ટિબેટ, અને ઉત્તરમાં કારાકોરમના ગગનચુંબી પહાડો વિસ્તરે છે.

આ કાશ્મીરની રાજધાની જમ્મુ શહેર સુવિખ્યાત છે. દીક્ષાના ઉત્કટ અભિલાષી, ચરિત્રનાયક વસંતામલનો જન્મ આ વીરભૂમિ ને વિદ્યાભૂમિમાં થયો હતો. કાશ્મીરના બાસીંદા નિહાલચંદને ઘેર ઉત્તમદેવીની કુક્ષીથી વિ. સં. ૧૯૩૮માં આ નરરત્નનો જન્મ થયો. દુગડ એમનું ગોત્ર, વીસા ઓસવાલ એમની જાતિ.

પિતા નિહાલચન્દ પુત્રના જન્મના સમાચાર સાંભળી આનંદિત થયા. પુત્રનાં લક્ષણ પારણામાંથી તે કહેવત પ્રમાણે બાળ વસંતામલના લલાટની રેખાઓ, તેનું તેજસ્વી સ્વરૂપ, સુંદર આકૃતિ, મધુરું હાસ્ય અને તેના મનોહર હાવભાવ ભવિષ્યની ચાતુર્યતા, પ્રતિભા અને વીરતાની આગાહી આપતાં હતાં.

બાલ્યાવસ્થામાં તીવ્ર બુદ્ધિશક્તિથી સારો એવો વિદ્યાભ્યાસ કર્યો. પ્રત્યેક નાનામોટા કાર્યમાં વસંતામલની ચાતુરીનાં દર્શન થતાં હતાં. લોકો બાળક વસંતામલની હોશિયારી અને પ્રતિભા જોઇ ચકિત થતાં. આવા વીર બાલકના માતાપિતા થવા માટે તેઓ પોતાને ધન્ય માનવા લાગ્યાં. બાલકના મુખારવિંદ સામું જોઇ જોઇ તેઓ ફૂલ્યાં નહોતાં સમાતાં.

પણ આ સુખ વિધિને મંજૂર નહોતું. એક દિવસ ભવિષ્યની આશાઓ અને સ્વપ્નો બધાં સરી પડ્યાં. માતા-પિતા

બન્ને વસંતામલને બાલ્યવયમાં જ વિધિના આશ્રયે છોડી ચાલ્યાં ગયાં. વસંતામલ નિરાધાર થઇ પડ્યો. માતાપિતાના સ્વર્ગગમન પછી તેમનાં મોટાં બહેન વસન્તીદેવી પોતાના ભાઇને પોતાને ગામ જંડિયાલાગુરૂ લઇ ગયાં.

નાનપણમાં વસંતામલને એક જીવલેણ પ્રસંગ ઘટ્યો. નાની ઉંમર હતી. એક દહાડો અચાનક વાવાઝોડું શરૂ થયું. વંટોળીઓ પણ બરાબર ચડ્યો ને મૂશળધાર વરસાદની એલી જામી. છાપરાં ઊડવા લાગ્યાં. ઝાડો પડવા લાગ્યાં. એકાએક તેમના મકાનનો કરો ધસી પડ્યો. ચાર જીવ મકાનમાં રહેતાં હતાં. બે નાસી છૂટ્યા. બે દબાઇ ગયાં. વસંતામલને માટે પાડપડોશી બચાવો બચાવોની બૂમો મારવા લાગ્યા. જુવાન માણસો દોડ્યા, કરાની માટી ખેંચવા લાગ્યા અને ભાઇ વસંતામલ તો તળાઇઓની નીચે સુરક્ષિત માલૂમ પડ્યા. તે બચી ગયા. વિધિનો ચમત્કાર !

વસંતામલના બનેવી ગોકુલચંદજી સ્ટેશન માસ્તર હતા. તેમની પાસે રહી અંગ્રેજીનો અભ્યાસ શરૂ કર્યો. તેમને હિન્દી–ઉર્દૂનું જ્ઞાન તો હતું જ. બહુ જ થોડા સમયમાં પ્રબળ યાદશક્તિના કારણે ત્રણે ભાષાનો સારો પરિચય મેળવ્યો. તાર માસ્તરનું કામ મળી ગયું. થોડો સમય કામ કર્યું ન કર્યું ત્યાં જીવનસંગ્રામ શરૂ થયો.

બહેન અને બનેવી વસંતામલનાં લગ્ન માટે વિચાર કરવા લાગ્યાં. પિતાના ઘરનું બારણું ઉઘાડું થશે, એ કલ્પનાએ બેનને ભાઇની શાદીનો ઉમંગ હતો અને ભાભીનું મોઢું જોવાની ઇચ્છા પૂરી થવાના દિવસો પણ આવી લાગ્યા.

વસંતામલે આ વાત જાણી. કોણ જાણે શા અગમ્ય કારણથી તે દુનિયાની જંજાળ અને આળપંપાળથી નાસતો હતો. તેણે બહેનને નિરાશ કરી, બનેવીને નમ્રતાથી પોતાની શાદી ન કરવા પ્રાર્થના કરી.

અને તે પછીના દિવસો દોહ્યલા હતા. કામ કરતાં દિલ ચોંટતું નહિ. સંસાર પરથી મન ઊઠી ગયું હતું. આઠે પ્રહર ઉદાસીનતા છવાઇ રહેતી હતી.

પૂર્વજન્મના પુણ્યકર્મનો પ્રભાવ જાગ્યો અને વસન્તામલને ૨૨ વર્ષની યુવાન અવસ્થાએ જ સંસાર પર વિરક્તિ થઇ. ગૃહસ્થાશ્રમમાં રહેવું ગમ્યું નહિ.

એ ગયો ગુરુચરણનો સાથ શોધવા. ગુરુ મળી ગયા. પટિયાલા રાજ્યના ‘સામાના’ શહેરમાં સંવત ૧૯૫૯ ભાદ્રપદ શુકલા ૧૩ ના દિવસે વસંતામલની દીક્ષા ધામધૂમથી થઇ. સ્થાનકવાસી સંપ્રદાયના સાધુ શ્રી ગેંડેરાયના શિષ્ય બન્યા.

દીક્ષાને હજી તો ચાર માસ પૂરા થયા નહોતા, ત્યાં તો સાધુનો અંચળો ભારે પડ્યો. મન મૂંઝાવા લાગ્યું. અશાંતિ થવા લાગી. ક્રિયાકાંડ નીરસ લાગ્યાં. આત્માની અશાંતિ વધારે ને વધારે ઉગ્ર થવા લાગી. અભ્યાસમાં ચિત્ત ન લાગ્યું. સંપ્રદાયમાં કોઇ પણ સાધુ તેમને માર્ગદર્શક ન થઇ શક્યા. બેચેની વધી પડી. અસ્થિરતા વધવા લાગી. દિવસ અને રાત્રિ યંત્રવત ઘરેડ ચાલવા લાગી. બંધનો ભારે પડ્યાં.

આખરે એક દિવસ એ અંચળો ફગાવી નાસી છૂટયા.



[ ૩ ]

## મનની મુરાદ ફળી

"**ક્યાંથી** આવો છો, મહાનુભાવ !" વંદણા કરી સામે બેસનાર આગન્તુકને શ્રી લલિતવિજયજીએ પૂછ્યું.

"મહારાજશ્રી ! હું દૂર દૂરથી આવું છું. પહેલાં તો પાટણ ગયો. ત્યાં શ્રદ્ધેય શ્રી પ્રવર્તકજી મહારાજ કાંતિ-વિજયજીનાં દર્શન કર્યાં. ત્યાંનાં ભવ્ય મંદિરોનાં દર્શન કરી હું કૃતાર્થ થયો. મારા ચંચળ અને વિહ્વળ મનને જરા શાતા વળી; પણ આપશ્રી તો અહીં ભોયણી હતા તેથી, અહીં આવ્યો છું."

"બહુ સારું ! પણ તમારા આગમનનું પ્રયોજન શું છે? તમારી જન્મભૂમિ ?"

" સ્વામીજી, મારું પ્રયોજન આપ ગુરુ મહારાજોના ચરણોની સેવા. આપની જન્મભૂમિ તે મારી જન્મભૂમિ."

" શું તમે પંજાબ જેટલે દૂરથી આવો છો? ત્યારે તો ગુરુદેવે જ તમને મોકલ્યા છે તેમ જ કહોને-ત્યારે શું બોલતા નથી?"

" હા જી! હું ગુરુદેવની આજ્ઞાથી આવ્યો છું, પણ મારી કથા વિચિત્ર છે."

" ગુરુદેવની આજ્ઞા મારે શિરોધાર્ય છે, તમે નિશ્ચિંત રહો. ગુરુદેવ કૃપાનિધાન છે. તેમના હૃદયમાં ગમે તેવા પાપીને પણ સ્થાન છે, તો પછી તમારી તો વાત જ શી! હા, પણ તમારી કથા તો કહો. જુઓ, આ શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજશ્રી પધારે છે. તેમને તમારી વાત કહેશો તો તમને માર્ગદર્શન મળી રહેશે."

" ગુરુવર્ય! આપના જેવા પરમ ઉપકારી શાંતમૂર્તિના દર્શનથી હું પવિત્ર થયો. હું મારી જાતને ધન્ય માનું છું, કે મને પાટણમાં શ્રદ્ધેય પ્રવર્તકશ્રી કાન્તિવિજયજી મહારાજશ્રીની કૃપાથી મનોહર મંદિરોનાં અને ભવ્ય પ્રાચીન મૂર્તિઓનાં દર્શન થયાં. આજે શ્રી ભોયણીજી તીર્થમાં શ્રી મલ્લીનાથજીનાં દર્શનથી હું વિશેષ કૃતાર્થ થયો છું."

" પૂજ્યપાદ! આ મહાનુભાવ પંજાબથી આવે છે. ગુણમહોદધિ શ્રી ગુરુદેવે તેમને અહીં મોકલ્યા છે. આપની સેવામાં રહેવાની તેમની અભિલાષા છે." શ્રી લલિતવિજયજીએ શાંતમૂર્તિશ્રી હંસવિજયજી મહારાજશ્રીને સંબોધીને કહ્યું.

“ તમે પંજાબી લાગો છો ! ” શાંતમૂર્તિએ પરીક્ષા કરી.

“ જી હા, ગુરુવર્ય ! હું જમ્મુનો રહીશ ઓસવાળ છું. બાવીસ વર્ષની વયે મેં સ્થાનકવાસી ગુરુ પાસે દીક્ષા લીધી હતી, પણ ચાર મહિનામાં કંટાળી ગયો. ”

“ શું ચાર જ મહિનામાં તમે દીક્ષા છોડી દીધી ? ”

“ શું કરું, ગુરુવર્ય ! ત્યાં મારા આત્માને શાંતિ જ ન વળી. હું મૂંઝાઈ ગયો. બંધનમાંથી છૂટી ન શકું તેવો બંધી થઈ ગયો હતો. ”

“ પછી ? ”

“ પછી મને ગુરુવર્યનાં દર્શન થયાં. તેમણે મારી પૂરી પરીક્ષા કરી–ત્રણ ત્રણ વખત મને નિરાશ કર્યો–પણ મારી મક્કમતા જોઈ તેઓ પ્રસન્ન થયા. મારી આશા ફળી અને આપનાં ચરણોમાં આવી પડ્યો. ”

“ ચિંતા નહિ, તમે હવે સ્થિરતાથી રહો. શ્રી લલિતવિજયજી વિદ્વાન છે, પ્રેમી છે. તેમની પાસે વિદ્યાભ્યાસ કરો, તેમના સહવાસથી તમારું ચિત્ત આનંદિત રહેશે. ”

“ પણ ગુરુવર્ય, મારા ભાવ દીક્ષાના છે તેનું શું ? ”

“ ઉતાવળ શું છે ? યોગ્ય અવસરે જોઈ લેવાશે. તમે મન શાંત કરી શાસ્ત્રઅભ્યાસમાં લાગી જાઓ. ”

વસંતામલનો અભ્યાસ ચાલવા લાગ્યો. મુનિશ્રી લલિતવિજયજી તેમને માટે ખૂબ પરિશ્રમ લેવા લાગ્યા. જીવવિચાર, નવતત્ત્વ, દંડક, પ્રકરણ વગેરે અભ્યાસ શરૂ થયો. સ્મરણશક્તિ એવી તો સતેજ હતી કે થોડા જ સમયમાં

તમામ અભ્યાસ કરી લીધો. માત્ર જોડાક્ષરના ઉચ્ચારમાં ભારે મુશ્કેલી પડતી. જોડાક્ષરની આદત નહિ અને વ્યાકરણમાં તો જોડાક્ષર આવે જ. પણ તેથી નિરાશ થવાની જરૂર નહોતી. શિક્ષક અને શિષ્ય બંને ઉત્સાહી હતા. આ માટે તો મુનિમહારાજ શ્રી લલિતવિજયજી પંદર પદર દિવસ સુધી મહેનત લેતા અને વારંવાર કંટાળ્યા સિવાય જોડાક્ષર શીખવતા.

ભોયણીથી વિહાર કરી મહારાજશ્રી શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી વગેરે માંડલ પધાર્યા. માંડલના શ્રી સંઘે મહારાજશ્રીની ભક્તિ કરી.

વસંતામલે એક દિવસ શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજશ્રીને પ્રાર્થના કરીઃ "ગુરુવર્ય ! હવે મારી કસોટી ન કરો. હું અકળાઉં છું. મને દીક્ષા આપી કૃતકૃત્ય કરો."

માંડલના શ્રી સંઘ પાસે વાત મૂકવામાં આવી. માંડલના સંઘે દીક્ષાના ઉત્સવ માટેની બધી જવાબદારી ઊઠાવી લીધી અને આવા માંગલિક પ્રસંગ માટે તત્પરતા બતાવી.

શ્રી લલિતવિજયજી મહારાજશ્રીએ શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજશ્રીને બે વિનતિ કરી. એક તો ગુરુ મહારાજ શ્રી શુભવિજયજી મહારાજશ્રીનાં દર્શન કરી આવવાની અને ત્યાંથી આવ્યા પછી દીક્ષા વિષે તૈયારી કરવાની.

મહારાજશ્રીએ ખુશીથી આજ્ઞા આપી. દસાડાના શ્રી સંઘને શ્રી લલિતવિજયજીના આગમનથી હર્ષ થયો અને જ્યારે વસંતામલની દીક્ષાનો વિચાર અને માંડલના શ્રી

સંઘનો તે માટે ઉત્સવનો અભિલાષ જણાવ્યો; ત્યારે તો દસાડાના શ્રી સંઘે મહારાજશ્રી શુભવિજયજી મહારાજને સપ્રેમ અનુરોધ કર્યો કે આ દીક્ષાના ઉત્સવનો લાભ અમને મળવો જોઈએ. અમે શ્રી લલિતવિજયજી મહારાજશ્રીને અહીંથી જવાની રજા જ નથી આપવાના. અમારાં સૌભાગ્ય કે અહીં દીક્ષાઉત્સવ થાય !

શ્રી શુભવિજયજી મહારાજશ્રીએ પણ આ પ્રસ્તાવની અનુમોદના કરી અને શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજશ્રીને પૂછાવ્યું કે દસાડા શ્રી સંઘની આ પ્રેમભરી માગણી અવગણી શકાય તેમ નથી. માંડલના શ્રી સંઘે છેવટે તે માટે સંમતિ આપી અને ધૂમધામપૂર્વક સં. ૧૯૬૦ના વૈશાખ સુદિ ૧૦ના દિવસે દીક્ષામહોત્સવ થયો.

ગુરુદેવ શ્રી વલ્લભવિજયજી મહારાજશ્રીએ તો શ્રી લલિતવિજયજીના નામની દીક્ષા આપવા જણાવેલું, પણ શ્રી લલિતવિજયજીએ નમ્રભાવે ગુરુદેવના નામની દીક્ષા આપી અને પોતાના 'બંધુ' તરીકે તેમને અપનાવી લેવામાં આનંદ માન્યો. દસાડામાં આ ઉત્સવ વીસ દિવસ ચાલ્યો. નગરજનો પણ પ્રેમ અને ઉત્સાહથી કેવી અનુપમ ગુરુભક્તિ અને સંઘભક્તિ કરી જાણે છે, તેનું આ જીવંત દ્રષ્ટાંત ગણાય. વસંતામલ હવે શ્રી સોહનવિજય થયા. તેમના હર્ષની સીમા ન રહી. પોતાના આવા નવીન અને પ્રેરણાજનક નામને શોભાવવાની દૃઢ પ્રતિજ્ઞા કરી પોતાને ધન્ય ધન્ય માનવા લાગ્યા.



[૪]

## સાધુતાની કસોટી

"એજ! એજ, જુઓ બરાબર લાગ આવ્યો છે હો! જરા આઘેરા જવા દઈએ. તમે છૂપાઈને પાછળ પાછળ ચાલ્યા આવો. ગમે તે થાય પણ એનું વેર તો વાળ્યે જ છૂટકો. હોશિયાર રહેજો."

"અરે! હા! એ જ સાધુ—અને એ ન હોય તો એનો ભાઈ સહી! આપણે શું! ખો જ ભૂલાવી દો. આપણો લાગો બંધ કરવાનો અધિકાર તેને શેનો? લોકો ચોખા ચઢાવે તે તો અમારા જ ગણાય. વર્ષોથી તે ધારો ચાલ્યો આવે છે. તે બંધ થઈ શકે જ નહિ. હવે તો બદલો લીધા સિવાય છોડશું નહિ."




आचार्यश्री विजयवल्लभसूरिजी महाराज

નાં

શિષ્યરત્નો

“ એ ય સાધુડા ઊભો રહે ! તું જાણે છે અમે કોણ ? કોણ ? અમે તો શેત્રુંજાના માલિક. અમારા બાપદાદાએ તો માથાં આપ્યાં છે માથાં. આજકાલના સાધુ તમે અમારા લાગા બંધ કરવા આવ્યા છો, તો લેતા જાઓ.”

“ ભાઈ! તમે મને ઓળખો છો ? હું તો નવો સાધુ છું. તમારી તકરાર પણ હું જાણતો નથી. તમે મને હેરાન કરશો તો તમારું શું કલ્યાણ થશે ? અને છતાં તમારે મારા ઉપર જ હુમલો કરવો હોય તો હું તૈયાર છું. આમ હું તમને બે ચારને ભારે પડી જાઉં એવો પંજાબી છું સમજ્યા, પણ મારો સાધુનો તે ધર્મ નથી.”

શત્રુંજય પર્વતના બારોટોએ કશી દરકાર કર્યા વગર તેમના પર હુમલો કર્યો. તેમને પકડી, બાંધી ને દૂરના એક ઊંડા ખાડામાં નાંખી દીધા.

અહીં સ્થંડિલ ગયેલ ‘ સોહનવિજય ’ મોડા સુધી ન આવવાથી શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી તથા શ્રી લલિતવિજયજી-ને ભારે ચિંતા થઈ. ખૂબ ખૂબ તપાસ કરાવી. આસપાસની વાડીઓ, ઝાડીઓ જોવરાવી. પાસેના કૂવા પણ તપાસરાવ્યા છતાં પત્તો મળ્યો નહિ. આખો સમુદાય ચિંતિત થઈ ગયો. કોઈએ ગોચરી–પાણી ન કર્યાં.

બીજે દિવસે એક કઠીઆરો ત્યાંથી નીકળ્યો. તેણે તે જ ખાડા પાસે ભારી ઉતારી, થાક ખાવા કાંઠે બેઠો. ત્યાં અંદરથી ધીમોધીમો અવાજ આવતો સાંભળી ચકિત થયો. પહેલાં તો ભૂત–પ્રેત કલ્પી ડરી ગયો, પણ પછી જોયું કે આ તો કોઈ માણસનો અવાજ છે; એટલે તેમને બહાર કાઢવામાં આવ્યા.

પોતાના જીવનદાતાનો આભાર માની સોહનવિજય ઉપાશ્રય તરફ ચાલ્યા. માત્ર ચોળપટ્ટો પહેરેલો અને બે દિવસની ખાડાની હવા ! ખાવાનું તો નામ જ શાનું ! પાણી પણ મળેલું નહિ. કઠીઆરા સાથે શહેર તરફ આવતા હતા ત્યાં શ્રી સંપતવિજયજી મહારાજશ્રીએ દૂરથી જોયા અને ઉપાશ્રયે દોડી આવ્યા. આ સમાચાર સાંભળી સૌના જીવમાં જીવ આવ્યો. શ્રી લલિતવિજયજી કપડાં વગેરે લઇને ઉપડ્યા અને તેમને ક્ષેમકુશળ જોઇને ભેટી પડ્યા. ઉપાશ્રયે આવ્યા ને બધા સાધુઓ તેમને જોઇને આનંદાશ્રુથી ભેટી પડ્યા. સંસારકૂપના પ્રતીકસમા પોતાના આ સામાન્ય કૂપની વીતક કથા કહી સંભળાવી. પોતે સમુદાયને જોઇને હર્ષિત થયા.

દરબારમાં તથા શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીમાં આ વાતની ખબર પડી એટલે ભાટ લોકો પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન થયો. જૈન સમાજમાં એક જાતના મોટા વિરોધની હવા પ્રસરી; પણ શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી તથા શ્રી લલિતવિજયજીએ શાન્તિપૂર્વક આખા પ્રકરણને સમેટાવી દીધું. વિક્રમનું એ ૧૯૬૧ નું વર્ષ હતું.

દીક્ષા પછી મહેસાણા અભ્યાસની વ્યવસ્થા ન થઇ શકવાથી, પાલીતાણા આવી અભ્યાસ કરવાની ઇચ્છા હોવાથી શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજ પાસે પાલીતાણા આવ્યા હતા, પણ આ ઉપસર્ગ બન્યો. ભાવી અવશ્ય બન્યા વિના રહેતું નથી.

પણ કસોટી થવાની હોય ત્યારે એક રીતે થતી નથી.

અનેક વિઘ્નો, અનેક ઉપાધિઓ, બહુવિધ દુઃખદર્દો એમાં સાથ આપે છે. આપણા ચરિત્રનાયકને પણ એમ જ બન્યું.

થોડા દિવસ પછીની આ ઘટના છે.

"અરે કોઇ સાંભળો છો કે નહિ? કમરામાં કોઇ પીડાતું જણાય છે. તમે તો બધા એવા વાતોમાં અને ચર્ચામાં પડ્યા છો કે કોઇનું સંભળાયે નહિ." એક મુનિરાજે ઉપાશ્રયના એક બાજુના ખંડમાં દર્દભર્યો અવાજ આવતો સાંભળી બૂમ પાડી.

"હું તો કમરાથી બહુ દૂર છું, તેથી ન સાંભળી શકયો; પણ છે શું? કહો તો ખરા." શ્રી લલિતવિજયજી બોલી ઊઠ્યા.

"ભાઇ, જલદી જાઓ. મને લાગે છે કે સોહનવિજયનો અવાજ છે. મેં તેમને સવારે જ કહ્યું હતું કે ગુરુદેવ કહેતા હતા કે પારણાના દિવસે દૂધ અને દહીં બન્ને સાથે ન લેવાય." શાંતમૂર્તિ શ્રી હંસવિજયજીએ સૂચના કરી.

"અરે હા! એ જ ભૂલ થઇ લાગે છે. સવારે પારણામાં દૂધ હતું અને સાંજે ગોચરીમાં શીખંડ આવેલો; પણ ગોચરી વખતે તે યાદ ન રહ્યું." એક મુનિએ જણાવ્યું.

"ગુરુમહારાજ! હું તેમની પાસે જઇ આવ્યો. બહુ જ પીડાય છે. પેટમાં સખત પીડા થાય છે. બોલી પણ શકાતું નથી. મારું મન તો મૂંઝાઇ રહ્યું છે. શું થવા બેઠું છે? હજી એક વેદના તો શમી નથી ત્યાં બીજી." શ્રી લલિતવિજયજી અંદર જઇ આવી બોલ્યા.

"પણ હવે વિલંબ ન કરો. જુઓ નીચે શ્રી આણંદજી કલ્યાણજીના દવાખાનામાં તપાસ કરો ને વૈદરાજને બોલાવી લાવો." શ્રી હંસવિજયજીએ ઉપાય બતાવ્યો.

વૈદરાજ આવ્યા અને તે વખતે તો દવાથી જરા શાંતિ થઇ, પણ સવારે પાછી એ જ હાલત. ફરી દવા લેવામાં આવી. દિવસે જરા શાતા રહી.

રાત્રે વળી વેદના વધી પડી. શ્રી લલિતવિજયજી મહારાજ તેમને પોતાના ખોળામાં સૂવાડી ચિંતાતુર બેઠા છે, ત્યાં શાંતમૂર્તિ અને બીજા સાધુઓ પ્રતિક્રમણ કરી આવ્યા; એટલે આ દશા જોઇ બધા ગમગીન થઈ ગયા. પેશાબ અટકી ગયો. બેશુદ્ધિ થઇ ગઇ અને અંતિમ સમય નજીક જણાયો.

શ્રી લલિતવિજયજી સજળ નેત્રે બોલ્યા: "હે ગુરુદેવ! મારા પ્રિયબંધુ સોહનને શાંતિ આપો. તેમનું દુઃખ નથી જોવાતું." બધા સાધુ મુનિરાજોની આંખમાંથી આંસુઓ સરી પડ્યાં અને જાણે ગુરુદેવે પ્રાર્થના સાંભળી હોય તેમ શ્રી સોહનવિજયજીએ આંખ ઉઘાડી. બધાને શોકાતુર જોઇને પોતે દુઃખી થયા. સાશ્રુપૂર્ણ નેત્રે માંડમાંડ બોલ્યા.

"મારા ધર્મબંધુઓ! તમને બધાને ચિંતાતુર જોઈ મને દુઃખ થાય છે. તમે તો મારા માટે કેટલું કેટલું કરો છો? આ મારા વડીલ બંધુશ્રી લલિતવિજયજી તો મારી સેવાસુશ્રૂષા એવી કરે છે, કે મારાં કુટુંબીજનો પણ આ મલમૂત્ર ન ઉપાડે! પણ હું લાચાર છું. પંજાબ છોડયું, સંસાર છોડયો; પણ કાંઇ કર્મ છોડે છે! છતાં મને શાન્તિ

છે. સામે શત્રુંજય છે. પૂજ્યવર્ગ પાસે છે. અહોનિશ ધર્મ-શ્રવણ થાય છે. આવી વેળાએ કંઇ થાય તો મને લાભ જ છે. આજ તો મારાં પુણ્ય ફળ્યાં. શત્રુંજયની છાયામાં....”

બધાની આંખો ભરાઇ આવી. શ્રી લલિતવિજયજી તો મોટેથી રોઇ પડયા. શાંતમૂર્તિએ બધાને સાંત્વન આપ્યું.

શાસનદેવની કૃપાથી તે જ રાત્રિથી તેમની પીડા ઓછી થઇ ગઇ. ધીમે ધીમે આરામ આવી ગયો.



[ ૫ ]

## પત્થર કે મોતી

“ બન્ધુવર્ય ! તમારી ભાવના તો પૂરી થઇ ગઇને ! આ મારી વડી દીક્ષા પણ આનંદપૂર્વક થઇ અને પંન્યાસજી મહારાજશ્રી સંપતવિજયજીના હસ્તે થવાથી તો મને ભારે હર્ષ થયો. પણ હવે ગુરુદેવના ચરણકમળની સેવા કરવાનો ઉત્કટ અભિલાષ જાગ્યો છે. બન્ધુવર્ય, હવે ક્યાં સુધી આમ ને આમ–ગુરુદેવથી વિછડેલો મને રાખશો ? ” સોહનવિજયજીએ એક દિવસ પોતાના ગુરુબન્ધુ શ્રી લલિતવિજયજીને કહ્યું.

“ પ્રિય ! સોહનવિજય ! મારી ઇચ્છા પણ ગુરુદેવનાં દર્શન

માટે થઇ છે. આપણે અહીંથી સીધા પંજાબ જઇએ. પણ ક્યાં કાઠીઆવાડ અને ક્યાં પંજાબ? કેટલું દૂર! ક્યારે પહોંચાશે?"

"મહારાજશ્રી, આપણે ઝપાટાબંધ પહોંચી જઇશું. આપણે જુવાનોને તે વળી લાંબા વિહારો નડતા હશે? ગુરુકૃપાએ જલદી જઇ પહોંચીએ. મને તો ગુરુદેવનાં દર્શનની એવી પિપાસા જાગી છે કે હવે જરાએ ચેન નથી પડતું. સ્વપ્નાં પણ ગુરુદેવનાં આવે છે." સોહનવિજયજીએ પોતાની ઇચ્છા વ્યક્ત કરી.

૧૯૬૧ના કારતક વદ ૬ ના તો પાલીતાણામાં વડી દીક્ષા થઇ અને તરત જ બન્ને ગુરુભાઇ ચાલી નીકળ્યા. ટાઢ ને તડકો, સુખ–દુઃખ, લૂખું–સૂકું કશાનો વિચાર કર્યા વિના જોતજોતામાં બન્ને જીરા (પંજાબ) ગામે ગુરુદેવની સમીપ પહોંચી ગયા.

ગુરુદેવના ચરણમાં સાનંદનયને વંદણા કરી. ગુરુદેવે પણ પોતાના પ્રિય શિષ્યોની ભક્તિ જોઇ સજળ નયને બન્નેને પ્રેમ અને વહાલથી ઉઠાડયા અને પ્રફુલ્લ મનથી તેમની ભક્તિ માટે ધન્યવાદ આપ્યા.

"તમારી ગુરુભક્તિ આદર્શ છે, લલિતવિજય! આ સોહનને તો તેં કથીરનું સોનું બનાવી દીધું. કાચમાંથી આવું રત્ન તેં બનાવ્યું શી રીતે! આ તો મહાન તેજસ્વી અને પ્રતિભાશાલી જણાય છે. ચાલો, બહુ આનંદ થયો. મારાં થોડાં કાર્યો સોહન કરશે તેમ લાગે છે." ગુરુદેવે પોતાના શિષ્યની પ્રભા જોઈ ભવિષ્ય ભાખ્યું.

" ગુરુદેવ ! આપે સો સો પરીક્ષા કરીને તો મોતી મોકલ્યું, તે પાણીદાર જ હોય ને ! આપની કૃપાદૃષ્ટિ અમારા સૌ પર છે. આપના આશીર્વાદથી બધું સુલભ બની જાય છે. " શ્રી લલિતવિજયજીએ નમ્રતાથી કહ્યું.

ચાર મહિનાના ટૂંકા ગાળામાં દૂર દૂરથી વિહાર કરી આવી પહોંચેલ ગુરુભાઈઓનું સંઘ અને સાધુઓએ બહુમાન કર્યું.

ગુરુદેવના ચરણમાં આવી રહેવાનો અને ગુરુદેવની સેવામાં રહી વિદ્યાભ્યાસ કરવાનો અમૂલ્ય લાભ શ્રી સોહન વિજયજીએ મેળવ્યો. ૧૯૬૧નું ચાતુર્માસ જીરા (પંજાબ)માં; ૧૯૬૨નું ચાતુર્માસ લુધિયાનામાં, ૧૯૬૩નું ચાતુર્માસ અમૃતસર અને ૧૯૬૪નું ચાતુર્માસ ગુજરાનવાલામાં કર્યું.



[ ૬ ]

## ધન્ય જીવન

“ગુરુદેવ ! આજે આપના મુખારવિંદ પર અશાંતિ અને મૂંઝવણ કેમ દેખાય છે ? કોઈ પ્રસંગ એવો બન્યો છે કે સેવકથી કોઈ અવિનય થયો છે ? કોઈ પત્રે ચિંતા ઉપજાવી છે કે શરીર અસ્વસ્થ છે ? ગુરુદેવ, જે હોય તે જણાવો. હું આપનું મનદુઃખ નથી જોઈ શકતો.” ગોચરી લઈને આવેલ મુનિજીએ ચિંતાતુર બેઠેલા ગુરુદેવને પૂછયું.

“સોહન ! તારી વાત સાચી છે. બીજું તો કંઈ જ નથી, પણ ગુજરાનવાલાથી આજે એક પત્ર છે, અને તેણે મને ભારે મૂંઝવણમાં મૂકી દીધો છે.” ગુરુદેવે કહ્યું.

“શું સમાધિમંદિર બાબત કાંઈ છે કે જૈન બિરાદ-રીમાં જ આપસ આપસની લડાઈ સળગી છે ?” શ્રી સોહન-વિજયજીએ અટકળ કરી.

“વાત એમ છે કે સનાતની લોકોએ જૈન ધર્મ પર અસત્ય આક્ષેપો કરવા શરૂ કર્યા છે; એટલું જ નહિ પણ જગત્પૂજ્ય સર્વશાસ્ત્રનિષ્ણાત પંજાબદેશોદ્ધારક ગુરુદેવના

'અજ્ઞાનતિમિરભાસ્કર' અને 'શ્રી જૈનતત્ત્વાદર્શ' બન્નેને અસત્ય ઠરાવવા અને જૈન ધર્મની અવહેલના થાય એમ કરવા પ્રયાસ શરૂ કર્યો છે." ગુરુદેવે સ્પષ્ટતા કરી.

"પણ ત્યાં તો આચાર્ય મહારાજ શ્રી વિજયકમળસૂરિજી છે અને ઉપાધ્યાયજી મહારાજ શ્રી વીરવિજયજી મહારાજ પણ છે. તેઓ આ માટે પ્રયત્નશીલ હશે જ."

"તેઓ તો પૂરો પ્રયત્ન કરે છે પણ તેઓશ્રીની અને શ્રી સંઘની ઈચ્છા છે કે આપણે ત્યાં હાજર હોઈએ તો સારો પ્રભાવ પડે અને જડબાતોડ જવાબ આપી શકાય." આચાર્યશ્રીએ જણાવ્યું.

"પણ ગુરુદેવ કયાં ગુજરાનવાલા અને કયાં ખીંવાઈ? ૪૫૦ માઈલ જેટલે દૂરથી કેમ પહોંચાશે! વળી આ આગ વરસતી ગરમી! કોઈ વિદ્વાનને મોકલીએ અથવા આપણે અહીંથી પૂરતાં પ્રમાણો લખી મોકલીએ." મુનિજીએ પોતાનો વિચાર પ્રગટ કર્યો.

"ભાઈ! આ....કાંઈ બચ્ચાના ખેલ નથી. શાસ્ત્રાર્થ કરવા સહેલા હોય પણ વાદવિવાદમાં તો અનેક જાતની શક્તિ જોઈએ. ચર્ચા કરવાની તાકાત હોવી જોઈએ. મને તો લાગે છે; ગમે તે ભોગે આપણે પહોંચી જઈએ. હા. પણ મને લાગે છે કે તું આટલી મજલ નહિ કાપી શકે. હમણાં શરીર બરાબર નથી રહેતું, તેથી મને ચિંતા થયા કરે છે." ગુરુદેવે ચિંતા વ્યક્ત કરી.

"ગુરુદેવ! એ ચિંતા ન કરો. શરીરને કાંઈ થવાનું નથી. અને કાંઇ થયું તો મને આપની ભક્તિ કર્યાનો આત્મ-

સંતોષ રહેશે.” મુનિજીએ તૈયારી બતાવી.

“તો તૈયારી કરો. આવતી કાલે સવારે જ મંગળ મુહૂર્તે વિહાર કરવો છે. ૨૦ માઈલ સવારે ને ૧૦ માઈલ સાંજે. આજે પત્ર લખી દઉં છું જેથી સંઘને શાંતિ રહે.”

“ધર્મલાભ! ઓહો! લાલા જગન્નાથજી કે!” વંદન કરતા પ્રચંડ પંજાબી આગેવાનને કહ્યું. “અરે, તમારી જ વાત કરતા હતા. ગુરુદેવ તો તમારો પત્ર આવતાં જ ભારે મૂંઝવણ અનુભવતા હતા, પણ હમણાં જ ત્યાં આવવાનો નિર્ણય કરી ગુરુદેવ બહાર ગયા.”

“મહારાજશ્રી! ધન્ય ધન્ય એ ગુરુદેવને. અમે તો બધા વિમાસણમાં પડ્યા છીએ. ત્યાં શ્રીમદ્ વિજયકમળસૂરીશ્વરજી તથા શ્રી ઉ. વીરવિજયજી તો છે, પણ અમારા પ્યારા વલ્લભ વિના કાંઈ બેડો પાર થઈ શકે છે! આમ તેઓ પણ કહે છે; અને શ્રી સંઘ તો આપની માળા જપી રહ્યો છે.” ગુજરાનવાલાથી આવેલા લાલા જગન્નાથજીએ ખુલાસો કર્યો.

“ગુરુદેવ! અહીં જ પધારોને. હમણાં જ લાલા જગન્નાથજી આવ્યા ને મેં તેમને આપણો નિર્ણય જણાવ્યો. તે તો નિરાશ થઈ ગયા હતા અને આટલે બધે દૂરથી કેમ પહોંચાશે, તેમજ ચિંતા કરે છે.” મુનિજીએ નિવેદન કર્યું.

“આવો! આવો! લાલાજી! તમે હવે નિશ્ચિંત થઈ જાઓ. મેં પત્ર લખી દીધો છે. તમે પણ કુશળ સીધાવો. અમે આવતી કાલે વિહાર કરીએ છીએ અને જુઓ તો ખરા ૧૫ દિવસ તો થવાના પણ નથી ને ગુજરાનવાલાની બજારમાં, શાસ્ત્રાર્થની એ પ્રચંડ વિજયઘોષણા ગુરુદેવના

પ્રતાપે કરીશું." આચાર્યશ્રીએ ભવિષ્ય ભાખ્યું.

લાલા જગન્નાથજી ને ખીંવાઇના સંઘના લોકો તો આ પ્રતાપી પુરુષની વાણી અને દૃઢતા જોઇ દિંગ થઇ ગયા. હર્ષાશ્રુથી બધાએ આ પવિત્ર મહારથીને વંદન કર્યાં.

સાચે જ એ ઉગ્ર વિહાર હતો. સવાર ને સાંજની મજલ પર મજલ ચાલતી. આરામના સમયનો વિચાર નહોતો. જેઠ માહનો હતો. પંજાબ દેશની અગ્નિ વર્ષાવતી ગરમી, જાણે આકાશમાંથી અંગારા વરસતા ન હોય. માત્ર ધર્મને માટે, ગુરુભક્તિ માટે ક્ષુધાપિપાસા અને કષ્ટોની પરવા કર્યા વિના લાંબાલાંબા વિહાર કાપે જાય છે, ગુરુ અને શિષ્ય.

અધૂરામાં પૂરું તેઓશ્રીની આંખો આવી, પગ સૂજી ગયા, પગમાંથી લોહી ટપકવા લાગ્યું; પણ એ વીર યોદ્ધા પાછા ન પડ્યા. ગુરુદેવને કંઈ જણાવા ન દીધું. બરાબર ૧૪ દિવસની મજલ પછી પંદરમે દિવસે ભારે ધામધૂમથી પ્રવેશ કર્યો. ગુજરાનવાલાના આબાલવૃદ્ધોમાં આ ગુરુના ફિરસ્તા માટે ભારે સન્માન ઉત્પન્ન થયું. ધન્ય ધન્ય ગુરુ–શિષ્ય ! ધન્ય ધન્ય ગુરુપ્રેમ, ધર્મપ્રેમ, શાસનપ્રેમ.

અહીં શાસ્ત્રાર્થ વગેરેનું કામ પતાવી મુનિજી પાછા ગુરુદેવ સાથે ગુજરાતમાં આવ્યા અને પાલનપુરના ચોમાસામાં ફરી પાછા સખત બિમાર થઇ ગયા; પણ અહીં થોડા દિવસમાં આરામ થયો. ચોમાસા પછી વડોદરાનિવાસી એક યુવક શ્રી નાથાલાલભાઈ ને દીક્ષા આપવામાં આવી અને તે શ્રી સોહનવિજયજીના શિષ્ય થયા. તેમનું નામ શ્રી મિત્રવિજયજી રાખવામાં આવ્યું.

દીક્ષા મહોત્સવ પછી રાધનપુરથી સુપ્રસિદ્ધ શેઠ મોતીલાલ મુળજીનો શ્રી સિદ્ધાચળનો સંઘ નીકળ્યો, તેમાં ગુરુદેવની સાથે પાલીતાણા ગયા અને તીર્થાધિરાજનાં દર્શન કર્યાં. પાલીતાણામાં ફરી પાછી તબિયત લથડી. તો પણ હિંમત કરી ગુરુદેવ સાથે ભાવનગર ગયા. ત્યાં ગુરુકૃપાથી એક અનુભવી વૈદ્ય મળી ગયા અને રોગ મૂળથી ગયો.

અહીં પૂજ્યપાદ ગણિ શ્રી મુક્તિવિજયજી (શ્રી મૂલચંદ મહારાજ) મહારાજના પટધર આચાર્યશ્રી વિજયકમલસૂરિજી મહારાજના હસ્તકમલથી શ્રી ગુરુદેવની સમક્ષ મુનિ શ્રી મિત્રવિજયજીની વડી દીક્ષા થઈ.

અહીંથી વિહાર કરી ગુરુદેવની પવિત્ર જન્મભૂમિ વીરક્ષેત્ર વડોદરામાં આવ્યા અને ૧૯૬૫નું ચોમાસુ ગુરુદેવની પવિત્ર સેવામાં વ્યતીત થયું. વડોદરાના ચોમાસામાં ગુરુ મહારાજના ગુરુભાઈ મુનિશ્રી મોતીવિજયજીની પાસે મહારાજશ્રીએ ઉત્તરાધ્યયન અને આચારાંગસૂત્ર વગેરેના યોગનું વહન કર્યું.

ચાતુર્માસ પછી ગુરુમહારાજના ગૃહસ્થાશ્રમના વડીલબંધુ શ્રી શેઠ ખીમચંદ દીપચંદે કાવી ગન્ધાર તીર્થનો સંઘ કાઢયો. તેમાં ગુરુમહારાજ સાથે જવાનો લાભ મળ્યો. તીર્થયાત્રા કરી ભરૂચમાં મુનિસુવ્રતસ્વામીનાં દર્શન કરી શ્રી જગડીયા તીર્થની યાત્રા કરી ગુરુમહારાજની સાથે સૂરતમાં આવ્યા.

સૂરતમાં પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજ, શાન્તમૂર્તિશ્રી હંસવિજયજી મહારાજ આદિ ૪૦ મુનિરાજોના

દર્શનનો લાભ મળ્યો.

પાલી (મારવાડ)ના રહીશ ને વેપારાર્થે વડોદરા શહેરમાં રહેતા શ્રીમાન શેઠ સૌભાગ્યચંદ્રજી વાગરેચા મુતાના સુપુત્ર શા. સુખરાજજી થોડા સમયથી મહારાજશ્રી પાસે રહી અભ્યાસ કરતા હતા. તેમણે પોતાની દીક્ષા લેવાની ભાવના પ્રગટ કરી અને ૧૯૬૭ના મહા વદી ૬ને રવિવારના મહોત્સવપૂર્વક શ્રદ્ધેય મુનિપુંગવ પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજશ્રી આદિ ૫૦ મુનિરાજોની સમક્ષ શ્રી સુખરાજજીને દીક્ષા આપવામાં આવી. તેમનું નામ મુનિ સમુદ્રવિજય રાખવામાં આવ્યું. દીક્ષા મહોત્સવનો તમામ ખર્ચ શ્રી સુખરાજજીના વડીલબંધુ શા. પુખરાજજી વાગરેચા મુતાએ આપ્યો અને સમારોહ બહુ જ શાન્તિપૂર્વક અને આનંદપૂર્વક ધૂમધામથી કરવામાં આવ્યો.

ગુરુમહારાજની આજ્ઞાથી સૂરતથી મુનિશ્રી મોતીવિજયજીની સાથે ભરૂચ તરફ વિહાર કર્યો અને શ્રી સમુદ્રવિજયજીના યોગ પ્રારંભ થઈ ગયા. ભરૂચમાં બિરાજમાન આચાર્યવર્ય શ્રી વિજયસિદ્ધિસૂરિજી મહારાજના હસ્તકમલથી શ્રી સમુદ્રવિજયજીને ફાગણ સુદ ૫ના દિવસે વડી દીક્ષા આપવામાં આવી. ૧૯૬૭નું ચાતુર્માસ પણ આચાર્યવર્ય શ્રી સિદ્ધિસૂરીશ્વરજીની સેવામાં સમાપ્ત થયું. અહીં તેમની પાસે શ્રી મહાનિશીથ આદિ સૂત્રોનું યોગોદ્વહન શરૂ કર્યું તેમજ પંડિતની પાસે ન્યાયનો અભ્યાસ કરતા રહ્યા. પછી ડભોઇ થઈ વડોદરા મુનિ સંમેલનના પ્રસંગે ગુરુદેવ સાથે પોતે પણ હાજર રહ્યા.

સં ૧૯૬૮નું ચાતુર્માસ ગુરુવર્યની સાથે ડભોઇમાં કર્યું. ચાતુર્માસમાં વિદ્યાભ્યાસની સાથે ચાતુર્માસિક તપ કર્યું, અને તે ઉપરાંત મુનિશ્રી ઉમંગવિજયજી, શ્રી વિબુધવિજયજી, શ્રી વિદ્યાવિજયજી, શ્રી વિચારવિજયજી, શ્રી મિત્રવિજયજી, શ્રી કર્પૂરવિજયજી અને શ્રી સમુદ્રવિજયજી આદિ સાધુઓને શ્રી મહાનિશીથ, કલ્પસૂત્ર, શ્રી આચારાંગ અને ઉત્તરાધ્યયન વગેરે સૂત્રોનું યોગોદ્વહન કરાવ્યું.

ડભોઈનું ચોમાસું પૂર્ણ કરી ગુરુ મહારાજની આજ્ઞા લઈ શ્રી સોહનવિજયજી મહારાજ પોતાના બન્ને શિષ્યો શ્રી મિત્રવિજયજી અને શ્રી સમુદ્રવિજયજી સાથે સિદ્ધાચલજી યાત્રા માટે ગયા. યાત્રા આનંદપૂર્વક કરી અને ત્યાં પાલી મારવાડનિવાસી શેઠ સૌભાગ્યચંદજીના સુપુત્ર અને શ્રી સમુદ્રવિજયજીના ગૃહસ્થાશ્રમના મોટાભાઈ શ્રી મુળરાજજીએ ૧૯૬૮ ના ફાગણ શુદ ૨ ના દીક્ષા ગ્રહણ કરી અને તેમનું નામ ‘ સાગરવિજય ’ રાખવામાં આવ્યું. અહીંથી વિહાર કરી અમદાવાદ આવ્યા. અહીં શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજશ્રીના શિષ્યરત્ન પંન્યાસશ્રી સંપતવિજયજીના શુભહસ્તે શ્રી સાગરવિજયજી મહારાજને ચૈત્ર વદ ત્રીજના રોજ વડી દીક્ષા આપવામાં આવી.

અમદાવાદથા વિહાર કરી વડોદરા, સૂરત આદિ નગરોમાં ધર્મપ્રચાર કરતા કરતા તેઓશ્રી પોતાના પૂજ્ય ગુરુદેવની સાથે મુંબઈ આવી પહોંચ્યા. અહીં શ્રીમતી સરસ્વતી બહેન તરફથી ઉપધાન તપની આરાધના પણ થઈ. શ્રી ગુરુદેવની અધ્યક્ષતામાં આપે ઉપધાનનાં વિધિવિધાન કરાવ્યાં.



[ ૭ ]

## પંન્યાસ બન્યા

મુંબઈમાં ૧૯૬૯ નું ચાતુર્માસ ગુરુમહારાજની સાથે કર્યું અને ત્યાંથી ગુરુદેવની આજ્ઞા લઈ માળવાની તરફ વિહાર કર્યો. રતલામમાં શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજ તથા પંન્યાસજી શ્રી સંપતવિજયજી મહારાજની પાસે થોડા દિવસ રહી સેલાણા શ્રી સંઘની વિનતિથી સેલાણા પધાર્યા.

અહીં શ્રી ઋષભદેવ ભગવાનનું ભવ્ય મંદિર છે. મંદિર ઉપર ધ્વજાદંડ ચઢાવવાનો હતો. તે પ્રસંગે ઉત્સવ કરવામાં આવ્યો હતો. સેલાણાનરેશે આ પ્રસંગે ખાસ હાજરી આપી. તેમને જૈનધર્મ પર પ્રેમ છે અને તેઓને શ્રી ઋષભદેવ પર શ્રદ્ધા છે. મંદિરને માટે તેમના તરફથી જાગીર પણ આપેલી છે. ત્યાંથી વિહાર કરી સં. ૧૯૭૦ નું ચોમાસું રતલામમાં કર્યું. પં. શ્રી. સંપતવિજયજી મહારાજની પાસે ભગવતીસૂત્રના યોગોદ્વહન કર્યા.

ચાતુર્માસ પૂરું થતાં શ્રી હંસવિજયજી મહારાજની અધ્યક્ષતામાં પં. શ્રી સંપતવિજયજી મહારાજશ્રીના શુભ હસ્તે તેમને ‘ ગણી ’ પદવી આપવામાં આવી, અને તેમના જ મંગલ હસ્તે મહાશુદ પાંચમ ( સં ૧૯૭૧ ) ના દિવસે હજારો મનુષ્યોની વચ્ચે સમારોહપૂર્વક તેમને પંન્યાસ પદવીથી વિભૂષિત કરવામાં આવ્યા.

યોગોદ્વહન વિધિવિધાનમાં શ્રી સમુદ્રવિજયજી ઘણા જ સહાયક થયા. રતલામથી ધમણોદ, સમિલયાતીર્થની યાત્રા કરી પંન્યાસજી વડનગર પધાર્યા. વડનગરથી માંડવગઢનો સંઘ તેઓશ્રીની અધ્યક્ષતામાં નીકળ્યો, તેમાં ૧૫૦૦ લગભગ સ્ત્રીપુરુષો હતાં.

માંડવગઢ એક વખત વૈભવશાળી સમૃદ્ધ નગર હતું. પેથડકુમાર અને મંત્રી સંગ્રામસોની જેવા ધનાઢ્ય પુરુષો માંડવગઢનાં રત્નો હતાં.

આજે તો માંડવગઢના ગગનચુમ્બી મહેલોના ખંડેરો અવશેષરૂપ દેખાય છે.

માંડવગઢથી વિહાર કરી દીઠાન થઇ મહુ આવી પહોંચ્યા. મહુના લોકોની ધાર્મિક ભાવના જાગી ઊઠી. શ્રી મહાવીર જયન્તીનો ઉત્સવ ઉજવવામાં આવ્યો.

ઇન્દોર શ્રી સંઘ વિનતિ કરવા આવ્યો, અને મહારાજશ્રીએ ધૂમધામપૂર્વક ઇન્દોરમાં પ્રવેશ કર્યો. અહીં ખરતર અને તપગચ્છના ભાઇઓમાં કેટલાક સમયથી વૈમનસ્ય ચાલી રહ્યું હતું. પન્યાસજીની અમૃત વાણીથી જાદુ થયું અને બધા મળીને ધર્મકાર્ય કરવા લાગ્યા.

કેવું મનોહર દૃશ્ય ! જીવનમાં આવું દૃશ્ય આજે જ જોયું. હજારો સાધુઓ આવી ગયા પણ આ મિલન અપૂર્વ જ ગણાય. હર્ષાશ્રુ ભર્યાં નયને એક વૃદ્ધ જન બોલી ઊઠયા.

“ કાકાસાહેબ ! ઈન્દોરનું સૌભાગ્ય કે આવો સંત-સમાગમ થયો. શ્વેતાંબર–સ્થાનકવાસીને મેળ જ શાનો હોય? એક મૂર્તિપૂજા પાછળ ગાંડો બન્યો હોય ત્યારે બીજો સ્થાનકને જ મહત્ત્વ આપતો હોય. આજે જન્મ જન્માંતરમાં નહિ જોયેલું આ આંખોએ જોયું.” બીજા મહાનુભાવે પોતાના ભાવ જણાવ્યા અને ખરેખર એ દૃશ્ય મનોહર હતું જ.

સ્થાનકવાસી સંપ્રદાયનો ઉપાશ્રય, શ્રી પ્રસન્નચંદ્રજી મહારાજ ત્યાં હાજર હતા. ઉપાશ્રયનો વ્યાખ્યાન હોલ સ્ત્રી–પુરુષો, બાળકો, અધિકારી વર્ગ, શ્વેતાંબરો, દિગમ્બરો અને સ્થાનકવાસી શ્રાવકો ઉપરાંત અન્ય સંપ્રદાયના સજ્જનોથી ઉભરાઇ ગયો હતો. ભારે ઠઠ્ઠ જામેલી. પાટની એક બાજુ શ્રી પ્રસન્નચંદ્રજી મહારાજ, બીજી તરફ પં. શ્રી સોહનવિજયજી મહારાજ. મંગલાચરણ શરૂ થયું ને આખીએ સભા મંત્રમુગ્ધ થઈ ગઈ.

પ્રવચન શરૂ થયું. જૈન ધર્મની વિશાળતા, જૈન ધર્મના તત્વોની સામ્યતા, સિદ્ધાંતોની ઉત્તમતા અને સામ્પ્રદાયિક વ્યામોહના ત્યાગની ઉપદેશધારા જ્યાં ચાલી ત્યાં વૃદ્ધ જનોની આંખોમાં આંસુ છલકાઇ ગયાં. સહુ મહારાજશ્રીની ભૂરિ ભૂરિ પ્રશંસા કરવા લાગ્યા.

ઈન્દોરનો જૈનસમાજ હર્ષથી નાચી રહ્યો. ઘેરેઘેર

આનંદઉત્સવ થઈ રહ્યો.

ઇન્દોરના ઇતિહાસમાં આજનો દિવસ સુવર્ણાક્ષરે લખાઈ ગયો. ધર્મની પ્રભાવના વધી. એક સંગીતમંડલીની સ્થાપના થઈ.

ઇન્દોરથી વિહાર કરી શ્રી મક્ષી તીર્થની યાત્રા કરી ઉજ્જૈન થઈ વડનગરમાં પ્રવેશ કર્યો. શેઠ માનાજી કસ્તૂરચંદએ શ્રી નવપદજીનું ઉદ્યાપન કર્યું. વડનગરમાં ચાતુર્માસ નક્કી થયું; આથી નવયુવકો અને સંઘ સમસ્તને આનંદ થયો. પણ વિધિના નિર્માણ કાંઈ જુદાં જ હતાં. ચોમાસાને થોડો સમય હતો તેથી પંન્યાસજી મહારાજ વડનગરથી બદનાવર પધાર્યા. અહીં ઓસવાળનાં ૧૦૦ ઘર છે. બે પ્રાચીન મંદિર છે. મોટા મંદિરના ભોંયરામાં સંપ્રતિ રાજાની ભરાવેલી શ્રી ઋષભદેવ ભગવાનની અલૌકિક અને ચમત્કારી મૂર્તિ છે. આઠ દિવસમાં તો ૧૫–૨૦ મૂર્તિપૂજક જૈનોને બદલે જૈનોનાં બધાં ઘરો અને જૈનેતર લોક તથા અધિકારી વર્ગ પણ તેઓના વ્યાખ્યાનથી બહુ જ આકર્ષિત થયા.

જેઠ સુદ અષ્ટમીના દિવસે સ્વર્ગીય ન્યાયામ્ભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વર મહારાજનો જયન્તી મહોત્સવ સમારંભ પૂર્વક થયો. આ પ્રસંગથી જાગ્રતિ આવી. વડનગર, કાનવન, રતલામ, મુલથાન વગેરેના લોકો અન્ય પ્રસંગે આવ્યા. શ્રી નવપદજીની પૂજા ભણાવવામાં આવી તથા સાધર્મી વાત્સલ્ય થયું. આપના સતત ઉપદેશથી બદનાવરની જનતા પર ખૂબ પ્રભાવ પડયો. શ્રી સંઘે નિશ્ચય

કર્યો કે ગમે તે થાય પણ મહારાજશ્રીનું ચોમાસું તો અહીં જ કરાવવું.

વ્યાખ્યાનનો સમય હતો. ઉપદેશવર્ષા ચાલુ હતી. જનતા મંત્રમુગ્ધ બની હતી. એકાએક સંઘના આગેવાન ભાઈઓ ઊભા થયા: “ ગુરુવર્ય, અમારી પ્રાર્થના સ્વીકારો. અમારું ગામ આપ જેવા મહાત્માના દર્શનથી પવિત્ર થયું છે. કદી સંતસમાગમ થયો નથી. જૈન શાસનનો પ્રભાવ અમે આજે જ જાણ્યો. જો અમારાં જીવન સફળ કરવાં હોય, જૈન ધર્મમાં અમારો પ્રેમ દૃઢ કરવો હોય, અમારામાંથી ભૂલેલા કેટલાકને ભગવાન મહાવીરના ધર્મમાં લાવવા હોય તો અમારી હાર્દિક પ્રાર્થના સ્વીકારો ! ચાતુર્માસ અત્રે જ થવું જોઈએ. શ્રી સંઘની,–અહીં બેઠેલા સર્વે બહેન–ભાઈઓની આ વિનતિ માન્ય કરો. ”

કહેતાં કહેતાં સ્ત્રીપુરુષોનાં નેત્રોમાંથી અશ્રુધારા વહેવા લાગી. ગુરુવર્યની આંખો પણ ભરાઈ આવી.

પંન્યાસજીએ બધાને શાંત કર્યા. “ મહાનુભાવો ! તમારી ગુરુભક્તિ અદ્વિતીય છે. હું તમને નિરાશ કરવા નથી ઇચ્છતો, પણ તમે જાણો છો: હું વડનગરમાં બંધાઈ ચૂકયો છું. છતાં એક માર્ગ છે. તમે ગુરુદેવ શ્રી વિજયવલ્લભસૂરિજી પાસે જાઓ. તેમની આજ્ઞા મારે શિરોધાર્ય છે. ”

પહેલાં તો બદનાવરના સંઘમાંથી શ્રીયુત નન્દરામજી ચોપડા, શ્રી નંદરામજી લોઢા, શ્રી રીખભદાસજી પારખ આદિ ચાર સજ્જનો વડનગર ગયા. ત્યાં સંઘ સમસ્તને એકત્ર કરી પોતાની ભાવના રજૂ કરી. આ વાત સાંભળી બધા

ચકિત થયા. ચોમાસા માટેની તૈયારી થઈ ગઈ હતી. નવયુવકો તો રચનાત્મક કાર્ય માટે તલસી રહ્યા હતા. ગુરુવર્યની સુધાવાણી સાંભળી કૃતાર્થ થવાની ભાવના બધા સેવી રહ્યા હતા. ૨૪ વર્ષ પછી અહીં એક મહાત્માનું ચોમાસું થતું હતું. ધાર્મિક કૃત્યો માટે પણ યોજના થઈ ગઈ હતી. હવે શું થાય! આ વાત સાંભળી બધાનાં મન દુ:ખી થયાં. નવયુવકો તો બહુ જ નારાજ થયા. સ્ત્રીઓ તો આંસુ સારવા લાગી. પણ વૃદ્ધ જનોએ વિચાર કર્યો કે બદનાવરમાં વિશેષ લાભ થતો હોય તો આપણે આગ્રહ ન રાખીએ. વૃદ્ધ જનોએ કહ્યું: "તમે ગુરુદેવની આજ્ઞા લાવો. બધાં સારાં વાનાં થઈ રહેશે."

આ સાંભળી ચારે સજ્જનો સૂરત આચાર્યશ્રી વિજય વલ્લભસૂરિજી પાસે ગયા. આચાર્યશ્રીને વસ્તુસ્થિતિ સમજાવી અને બદનાવર માટે આજ્ઞા આપવા પ્રાર્થના કરી. બદનાવરના લોકોની ભાવના જણાવી અને આવા વિરલ પ્રસંગનો લાભ અમને મળવો જોઇએ તેમ અનુરોધ કર્યો. આચાર્ય મહારાજશ્રીએ લાભાલાભનો વિચાર કરી બદનાવર માટે આજ્ઞા આપી. બસ! પછી તો પૂછવું જ શું! આ ભાઈઓના આનંદનો પાર ન રહ્યો. બદનાવર તારથી ખબર આપી. સંઘ સમસ્તને ભારે હર્ષ થયો. પોતાના ભાગ્યને ધન્ય માનવા લાગ્યા.

પણ મહારાજશ્રી તો આ વખતે વડનગરમાં હતા. ગુરુ મહારાજનો આજ્ઞાપત્ર લઈ ને બદનાવરવાળા ભાઇઓ આવી પહોંચ્યા. મહારાજશ્રી પણ આજ્ઞાપત્ર જોઈ ચકિત

થયા. વડનગરના સંઘને કેટલું દુઃખ થશે તે વિચારથી ગ્લાનિ થઇ. વડનગરના સંઘ સમસ્તને આ સાંભળી ખેદ થયો. ગુરુ મહારાજે સંઘને પ્રેમભર્યા શબ્દોમાં કહ્યું:

"સજ્જનો! આપ સૌના પ્રેમ, શ્રદ્ધા, ભકિત અને ઉત્સાહમાં કોઇપણ જાતની કમી નથી. આપ સૌના પ્રેમ-ભાવથી વશ થઈ ધાર્મિક કાર્યની આશાએ મેં અહીં ચાતુ-ર્માસ કરવાનું સ્વીકાર્યું, પણ ભાવિભાવ કોણ જાણી શકે છે! બદનાવરનો સંઘ પણ આપણો જ સંઘ છે. ત્યાં વર્ષોથી કોઈ મુનિરાજનું ચાતુર્માસ થયું નથી. ત્યાં પણ ધર્મલાભ છે. તેમનો પણ તમારા જેટલો જ આગ્રહ છે. વળી ગુરુદે-વની આજ્ઞા પણ છે. હવે તમે દુઃખ ન લગાડશો. નિરાશ ન થશો. તમને બબે વખત આવીને મેં લાભ આપ્યો છે. પ્રસન્ન ચિત્તથી મને રજા આપો."

હર્ષાશ્રુ વચ્ચે શ્રીસંઘે રજા આપી.



## કલ્યાણકારી કાર્યો

૧૯૭૧નું ચોમાસું બદનાવરમાં થયું. આ બદનાવર એક વખત જૈન ધર્મનું કેન્દ્રસ્થાન હતું. જૈન ખંડેરો ને મૂર્તિઓ આજે પણ મળી આવે છે.

બદનાવરનું ચાતુર્માસ આનંદપૂર્વક થયું. પ્રતિદિન વ્યાખ્યાનમાં સેંકડો સ્ત્રીપુરુષોની ભીડ રહેતી. પર્યુષણા પર્વનું આરાધન ઉત્સાહ અને મહાન સમારોહપૂર્વક થયું. રથયાત્રા બડી ધૂમધામથી નીકળી. રતલામથી હાથી, વડનગરથી પાલખી, ડંકાનિશાન વગેરે લાવવામાં આવ્યાં. રતલામ, વડનગર, કાનવન, મુલથાન વગેરેના લોકો મોટી

સંખ્યામાં આવ્યા. આ રીતે રથયાત્રાનો મહોત્સવ અપૂર્વ થયો. વળી ગુરુ મહારાજના ઉપદેશથી અહીંનાં મંદિરોના જીર્ણોદ્ધારનું પણ કામ થયું. સ્વર્ગવાસી ગુરુદેવ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજની મૂર્તિ હાથીને હોદ્દે લાવવામાં આવી. આ રીતે બદનાવરનું ચાતુર્માસ ચિર સ્મરણીય ગણાય.

બદનાવરથી વિહાર કરી મુલથાન થઈને તેઓ વડનગર પધાર્યા. વડનગર આઠ દસ દિવસ રહીને તેઓ રતલામ આવ્યા. રતલામમાં અંદર અંદરના કલેશના કારણે જૈન પાઠશાલા બંધ હતી. મહારાજશ્રીના પ્રયાસથી કુસંપ દૂર થયો અને પાઠશાલા પુનઃ શરૂ થઈ. રતલામથી વિહાર કરી કરમદી, દાહોદ અને ગોધરા થઈ નાનામોટા ગામોમાં વિહાર કરતા કરતા કાઠીઆવાડના ખેરૂ ગામમાં પ્રાતઃ સ્મરણીય ગુરુદેવ શ્રી. વિજયવલ્લભસૂરિજી મહારાજના ચરણોમાં આવી પહોંચ્યા.

શ્રી ગુરુમહારાજની સાથે તેઓ ધોલેરા આવ્યા. સાધ્વી ચન્દ્રશ્રીને યોગોદ્વહન કરાવ્યા અને ગુરુદેવની અધ્યક્ષતામાં વડી દીક્ષા આપી ત્યાંથી વિહાર કરી સિદ્ધાચલ આવ્યા. સિદ્ધાચલનાં દર્શન કરી ગિરનારજીમાં શ્રી નેમીનાથ ભગવાનનાં દર્શન કર્યાં. જૂનાગઢમાં થોડા દિવસ રહી શ્રી સંઘની વિનતિથી પોરબંદર તરફ વિહાર કર્યો. ગુરુમહારાજની સાથે સાથે વંથલી આવ્યા. અહીં દાનવીર શેઠ દેવકરણ મુળજી તરફથી બંધાવેલું એક વિશાળ જૈન મંદિર છે, અને એક જૈન ધર્મશાળા તથા ઉપાશ્રય છે.

શેઠ શ્રી દેવકરણભાઇની ઉજ્જવલ કીર્તિના ચિરસ્થાયી સ્તંભ સમા આ ત્રણે સ્થાનો આજે પણ વંથલીને શોભાવી રહ્યા છે. ગુરુમહારાજે તેઓશ્રીને પોરબંદર તરફ વિહાર કરવા આજ્ઞા કરી અને સાથે મુનિશ્રી મિત્રવિજયજી, સમુદ્રવિજયજી, વસન્તવિજયજી, પ્રભાવિજયજી, આદિ પાંચ સાધુઓને મોકલ્યા. પોરબંદરમાં ધૂમધામ પૂર્વક સ્વાગત થયું. અહીં સૂરતનિવાસી શ્રીમતી સરસ્વતી બહેને તેઓશ્રી પાસે બાર વ્રત ગ્રહણ કર્યાં અને પ્રભાવના કરી.

ગુરુ મહારાજને કોઈ કારણસર ફરી જૂનાગઢ જવું. પડયું. આથી તેઓ પણ જૂનાગઢ આવ્યા. શ્રી વેરાવળ સંઘનો વિશેષ આગ્રહ હોવાથી ગુરુમહારાજે તેમને મુનિ શ્રી. વિદ્યાવિજયજી, વિચારવિજયજી તથા સમુદ્રવિજયજી સાથે વેરાવળ ચાતુર્માસ માટે આજ્ઞા આપી. વેરાવળના સંઘે આપનું ખૂબ સ્વાગત કર્યું. ધાર્મિક કૃત્યોની સુંદર પ્રભાવના થઈ. તેઓશ્રીના ઉપદેશથી વેરાવળમાં શ્રી આત્માનંદ જૈન લાઈબ્રેરી, શ્રી આત્માનંદ જૈન કન્યા પાઠશાળાઃ બન્ને સંસ્થાઓની સ્થાપના થઈ. આ કાર્ય વેરાવળના ઉત્કર્ષ માટે મહત્ત્વનું ગણાય. આજે પણ બન્ને સંસ્થાઓ સુંદર રીતે ચાલી રહી છે.

ચાતુર્માસ બાદ શેઠ પાનાચંદ વાલજીના વિશેષ અનુરોધથી તેમના મકાન પર ચોમાસું બદલ્યું. આ ખુશીમાં શેઠજીએ રૂ. ૨૦૧) લાઇબ્રેરીને દાન આપ્યું. ઉપરાંત તેઓશ્રીના ઉપદેશથી શેઠશ્રી પાનાચંદભાઈએ રૂ. ૧૫૦૦) શ્રીમહાવીર જૈન વિદ્યાલયને આપ્યા. લોકોને પણ આ

દાનથી આશ્ચર્ય થયું, કારણકે દ્રવ્ય તો હતું પણ ઉદારતા તો મહારાજશ્રીના ઉપદેશનું જ પરિણામ હતું.

ઉપરાંત શેઠ છગનલાલભાઇની તરફથી ઉપધાન તપની આયોજના વિશાળ રૂપમાં થઈ, તેમાં લગભગ રૂ. ૧૦૦૦) ખર્ચ થયું

ઉપધાન તપના અન્તમાં માલારોપણને સમયે વેરાવળ સંઘની પ્રાર્થનાથી પૂજ્યપાદ્ ગુરુદેવ શ્રી વિજયવલ્લભસૂરિજી જૂનાગઢથી અહીં પધાર્યા.

તેઓશ્રીના પ્રવેશ વખતે વેરાવળ સંઘે શ્રદ્ધાભક્તિથી જે ઉત્સાહ દર્શાવ્યો તે પ્રશંસનીય હતો. શેઠ છગનલાલ ભાઈએ સાચા મોતી અને મહોરોથી ગુરુદેવને વધાવ્યા. માલારોપણના દિવસનો ઉત્સાહ વેરાવળના ઈતિહાસમાં અપૂર્વ હતો. ગુરુદેવના શુભ હસ્તે ઉપરની બન્ને સંસ્થાઓની સ્થાપના થઇ. ઉપરાંત શેઠ ગુલાબચંદજી કલ્યાણજી ખુશાલના સ્મરણાર્થે 'શ્રી આત્માનંદ જૈન ઔષધાલય' નું ઉદ્ઘાટન થયું. આ કાર્ય માટે શેઠજી તરફથી રૂા. ૩૦૦૦૦) અને શેઠ સુંદરજી કલ્યાણજી ખુશાલની માતુશ્રી તરફથી રૂા. ૫૦૦૦) તેમજ અન્ય સદ્ગૃહસ્થોની તરફથી રૂા. ૨૫૦૦૦) નું ફંડ થયું. આજે ઔષધાલય ઉન્નતિ પર છે. જૈન, અજૈન બધા તેનો લાભ લઈ રહ્યા છે.

જ્યાં જ્યાં મહારાજશ્રી ગયા, જ્યાં જ્યાં ક્ષેત્રની સ્પર્શના થઇ, જ્યાં જ્યાં ઉપદેશનો પ્રસંગ આવ્યો ત્યાં ત્યાં આપણા ચરિત્રનાયક શ્રી સોહનવિજયજી મહારાજશ્રીએ

સંઘ સમસ્તના અને તે દ્વારા જૈન સમાજના કલ્યાણના કાર્યો કર્યાં.

કુસંપ હોય ત્યાં સંપ કરાવ્યો, નાનાં નાનાં ગામોમાં જૈન ધર્મની પ્રતિષ્ઠા વધારી, સ્થાનકવાસી સંપ્રદાયની સાથે પણ પ્રેમભાવ રાખ્યો, સમાજના કુરિવાજો વિષે ખુલ્લં ખુલ્લા નીડરતાથી વ્યાખ્યાનો આપ્યાં. સંસ્થાઓ સ્થાપન કરવા સ્થળે સ્થળે પ્રયાસ કર્યાં. જૈન જૈનેતરોને પોતાના વિચારોથી મુગ્ધ કર્યા. સમાજની જાગૃતિ અને ઉત્થાનના સ્વપ્ન સેવનાર, તે માટે અહોનિશ પ્રયત્ન કરનાર એ વિરલ આત્માને ધન્ય છે.

# વધતી જતી સુવાસ

વેરાવળથી ઉનાની પંચતીર્થીનો સંઘ કાઢવામાં આવ્યો. તેમાં ઉનાદેલવાડા, અજારા, દિવબંદર અને કોડીનારની યાત્રા કરી મહુવા, દાઠા અને તળાજા થઈ ગુરુદેવની સાથે તેઓ શ્રી સિદ્ધાચળમાં પધાર્યાં. તીર્થરાજની યાત્રા કરી શિહોર, ભાવનગર થઈ વળા આવ્યા. અહીં ગુરુ મહારાજની આજ્ઞાથી દેવશ્રીજીનાં શિષ્યા સાધ્વી ચરણશ્રી, ચિત્તશ્રી અને ચંપકશ્રીને યોગોદ્વહન કરાવી વડી દીક્ષા આપી. અહીંથી ગ્રામાનુગામ વિહાર કરતા કરતા ખંભાત પધાર્યાં. ખંભાત એક પ્રાચીન તીર્થ છે. શ્રી સ્તંભનપાર્શ્વનાથજીની અતિ પ્રાચીન અને પ્રભાવશાળી પ્રતિમા છે. અહીં શ્રી મહાવીર જયંતિનો ઉત્સવ આનંદપૂર્વક

ઉજવવામાં આવ્યો. ભગવાન મહાવીર સ્વામીના જીવન પર એક સુંદર મનનીય નિબંધ આપે લખી આપ્યો, જે રાત્રિની સભામાં માસ્તર દીપચંદભાઈએ વાંચી સંભળાવ્યો.

અહીંથી વિહાર કરી વડોદરા સૂરત આદિ નગરો તથા ગામોમાં વિચરતા ગુરુદેવ તથા પૂજ્ય પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજની સાથે આપ ભારતના સુપ્રસિદ્ધ નગર મુંબઇમાં આવી પહોંચ્યા.

મુંબઈ નગરીનો આ પ્રવેશ અપૂર્વ હતો. ૩૫ તો બેન્ડવાજાં, સેંકડો મોટરો અને ઘોડાગાડીઓ. બજારો અને રસ્તાઓ હજારો મનુષ્યોથી ભરેલા. જૈન સમાજના હર્ષનો પાર નહોતો. આ પ્રવેશમહોત્સવ મુંબઈના ઈતિ-હાસમાં યાદગાર હતો.

ગુરુદેવ અને પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજનું ચાતુર્માસ મુંબઇમાં શ્રી ગોડીજીમહારાજના ઉપાશ્રયે થયું અને શ્રાવક સમુદાયની વિનતિ અને ગુરુ મહારાજની આજ્ઞાથી તેઓશ્રીનું ચોમાસું કોટના ઉપાશ્રયમાં થયું. આ ચાતુર્માસમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મકાન માટે ફંડ એકત્રિત થયું, ત્યારે શ્રી. પંન્યાસજી મહારાજના સદુપદેશથી કોટના શ્રી. સંઘ તરફથી રૂ. ૨૫૦૦૦) આપવામાં આવ્યા. આ ઉપરાંત આ ચોમાસામાં સૌથી વધારે શ્રેષ્ઠ કામ એ થયું કે અહીં માંગરોળનિવાસી ભાઇઓ વચ્ચે કેટલાક સમયથી જે કલેશ ચાલ્યો આવતો હતો તે તેઓશ્રીના સદુપદેશથી શમી ગયો અને બધા પ્રેમભાવથી રહેવા લાગ્યા.

ચાતુર્માસની સમાપ્તિ થયા પછી મુનિશ્રી સમુદ્રવિજયજી અને શ્રી. સાગરવિજયજી બન્ને શિષ્યોને સાથે લઇને મુંબઇથી વિહાર કર્યો. મુંબઇથી અગાસ, વલસાડ, બિલીમોરા અને સૂરત વગેરે નગરોમાં પ્રચાર કરતા કરતા તેઓ પાલેજ પધાર્યા.

અહીં સ્ત્રીશિક્ષાના વિષય પર મહત્વપૂર્ણ વ્યાખ્યાન આપ્યાં. લોકો પર સારો પ્રભાવ પડ્યો. આ ઉપરાંત તેઓશ્રીના ઉપદેશથી અહીંના શ્રી સંઘ તરફથી શ્રી મહાવીર જૈન વિદ્યાલયને સારી રકમની સહાયતા મળી.

અહીંથી વિહાર કરી મીયાંગામ, પાદરા, દરાપુરા વગેરે ગામોમાં વિચરતા વિચરતા શાંતમૂર્તિશ્રી હંસવિજયજી મહારાજ તથા પં. શ્રી સંપત્‌વિજયજી મહારાજના દર્શનાર્થે મુજપુરમાં આવ્યા. અહીંથી વડોદરા આવ્યા. ગુરુદેવ મુંબઇથી આવવાના હોવાથી તેમની સેવામાં પાલેજ સુધી ગયા અને ત્યાંથી જુદાજુદા ગામનગરોમાં વિચરતા માતરમાં સાચા દેવ શ્રી સુમતિનાથ સ્વામીની યાત્રા કરી અમદાવાદમાં આવી પહોંચ્યા. અહીં મુંબઇનિવાસી શેઠ ચાંપસીભાઇના સુપુત્ર શ્રી. લાલચંદનો શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ગુરુ મહારાજના શુભ હસ્તે દીક્ષાસંસ્કાર થયો અને રવિવિજય નામ રાખવામાં આવ્યું. તેમને તેઓશ્રીના શિષ્ય બનાવવામાં આવ્યા. આ દીક્ષામહોત્સવ વિ. સં. ૧૯૭૪ના વૈશાખ શુદ ૬ના દિવસે થયો.

ગુરુદેવની આજ્ઞા થઈ કે ઉદયપુરના શ્રીસંઘની વિનતિ

આવી છે. ઉદયપુરમાં ધર્મકાર્ય થવાની સારી સંભાવના છે, વળી શ્રી કેશરિયાજી આદિ તીર્થની યાત્રાનો લાભ છે તો તે તરફ વિહાર કરવો જોઇએ. પંન્યાસજી મહારાજે આજ્ઞા શિરોધાર્ય કરી અને પોતાના શિષ્ય શ્રી. સમુદ્રવિજયજી, શ્રી સાગરવિજયજી, શ્રી રવિવિજયજી આદિ સમુદાય સાથે વલાદ, હિમતનગર, અહમદગઢ અને પ્રાંતીજ થઈ ઈડરગઢ પધાર્યા. અહીંથી અનેક જગાએ ધર્મોપદેશ દેતા દેતા ભારતવર્ષના સુવિખ્યાત તીર્થ શ્રી કેશરિયાનાથજી પધાર્યા.

આ તીર્થ અનુપમ ગણાય છે. શ્રી આદીશ્વર ભગવાનની પ્રતિમા વિશાળ અને ભવ્ય છે. આ પ્રતિમાની પ્રાચીનતા વિષે એમ કહેવાય છે કે આ મૂર્તિ રાવણની ભરાવેલી છે. શ્રી કેશરિયાજી તીર્થની યાત્રા કરી આપ ઉદયપુરમાં પધાર્યા. નગરપ્રવેશની શોભા અપૂર્વ હતી. ૧૯૭૪નું ચોમાસું અહીં થયું. આ ચોમાસામાં ઉદયપુરમાં પ્રશંસનીય કામો થયાં.

૧ વિવાહ પ્રસંગે વેશ્યાનૃત્યનો કુરિવાજ બંધ કરવામાં આવ્યો.

૨ બાળવિવાહની પ્રથાનો પ્રતિબંધ કરવામાં આવ્યો.

આ ઉપરાંત અહીં વૃદ્ધ કે યુવાન ગમે તેના મરણ પાછળ જમણ થતું. જુવાન પુત્રની વિધવા સ્ત્રી ઘરમાં દુઃખી દુઃખી થઈ રહી હોય, ત્યારે પણ બધા લોકો જમણ જમતા. આ ત્રાસજનક રિવાજને બંધ કરવા મહારાજશ્રીએ નીડરતાથી ઉપદેશ આપ્યો અને તે રિવાજ

કેટલેક અંશે બંધ થયો. તેમજ અહીં સ્વયંસેવક મંડળની સ્થાપના પણ થઈ.

ચાતુર્માસમાં અઠ્ઠાઈ મહોત્સવ, પૂજા, પ્રભાવનાદિ કાર્ય આનંદથી થયાં. એક સમય ઉપદેશને માટે આપ રાજમહેલમાં ગયા અને (વર્તમાન મહારાણા) રાજકુમાર શ્રી ભૂપાળસિંહજીને ઉપદેશ આપ્યો. આપની પ્રશંસા સાંભળી ઉદયપુર મહારાણાના જ્યેષ્ઠ બંધુ શ્રીયુત સૂરતસિંહજી આપના દર્શનાર્થે ઉપાશ્રયમાં પધાર્યા. એક કલાક વાતચીત થઈ અને પરસ્પર ધર્મચર્ચા કરતા રહ્યા. મહારાણા સાહેબના બંધુ આપશ્રીને મળીને બહુ જ પ્રસન્ન થયા.

ચાતુર્માસની સમાપ્તિ બાદ વિહાર કરીને નગરબહાર એક ધર્મશાળામાં આપ શિષ્યપરિવાર સાથે પધાર્યા. ત્યાં "જૈન ધર્મમાં અહિંસાતત્ત્વ" એ વિષય પર પ્રભાવશાળી વ્યાખ્યાન આપ્યું. મહારાણાજીના જ્યેષ્ઠ બંધુ પણ આ સમયે હાજર હતા. તેમને આ વ્યાખ્યાનથી બહુ જ આનંદ થયો. તે પ્રસંગે તેમણે મહારાજશ્રીના ઉપદેશની પ્રશંસા કરી. અહીં આવતી ચોવીશીના શ્રી પદ્મનાભ પ્રભુનું વિશાળ મંદિર છે. તેમાં પૂજા ભણાવવામાં આવી. સાધર્મિક વાત્સલ્ય થયું. અહીંથી વિહાર કરી આપ દેવાલી પધાર્યા. અહીંથી આપ ભુવાણા પધાર્યા. અહીં ઉદયપુરથી હજારો સ્ત્રીપુરુષો આપનાં દર્શનાર્થે આવ્યાં. અહીં શેઠ શ્રી રોશનલાલજી ચતુર આદિ તરફથી પૂજા, સાધર્મિક વાત્સલ્ય થયું. અહીંથી આપ એકલિંગ ગામમાં શ્રી શાંતિનાથ પ્રભુના દર્શનાર્થે પધાર્યા. આ સ્થાન બહુ જ પ્રાચીન ગણાય છે.

અહીં ૩૫૦ જૈન મંદિરો હતાં. આજે તો ખંડેરો પણ દેખાતાં નથી. માત્ર એક જ જૈનમંદિર છે, જેનો જીર્ણોદ્ધાર હમણાં થયો છે.

અહીંથી વિહાર કરી આપ દેલવાડામાં આવ્યા. અહીં ચાર સુંદર મંદિર છે. મંદિરોમાં સેંકડો પ્રતિમાઓ છે. અહીં ૨૦–૨૫ ઘર મહાત્માઓનાં છે, જે યતિઓમાંથી ગ્રહસ્થી બન્યા છે; અને જૈન ધર્મનું પાલન કરે છે.

દેલવાડાથી વિહાર કરી કરેડા તીર્થમાં પધાર્યા. કરેડામાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનું મોટું વિશાળ અને પ્રાચીન મંદિર છે. યાત્રાળુઓને રહેવા માટે ધર્મશાળા પણ છે. અહીં ઉદયપુરથી ૩૦૦ થી ૪૦૦ શ્રાવકશ્રાવિકા દર્શનાર્થે આવ્યાં હતાં. આપના ઉપદેશથી તીર્થોની વ્યવસ્થા માટે 'મેવાડ તીર્થ કમીટી' ની સ્થાપના થઈ. તેમાં એવો ઠરાવ કરવામાં આવ્યો કે મેવાડ પ્રાન્તના તીર્થોના ઉદ્ધારને માટે શ્રી કરેડા તીર્થની આવકમાંથી અડધો ભાગ મેવાડ પ્રાન્તના જીર્ણ મંદિરોના ઉદ્ધાર અર્થે ખર્ચવો.

અહીંથી વિહાર કરી કપાસણ ગામે પધાર્યા. અહીંથી રાશ્મી ગામે આવ્યા. અહીં ઉપદેશ સાંભળવા અહીંના હાકિમ સાહેબ પણ આવતા હતા. અહીં ઉદયપુરનરેશના જયેષ્ઠ બંધુ શ્રી. સૂરતસિંહજીનો પત્ર મળ્યો કે કરેડા તીર્થમાં આપ આવ્યા છો તે જાણી મને ખૂબ આનંદ થયો છે. આપ કૃપા કરી ત્યાં થોડી સ્થિરતા કરશો અને જનતામાં અહિંસાનો પ્રચાર કરશો. તે પ્રમાણે થોડા દિવસ આસપાસના પ્રદેશમાં વિહાર કર્યો અને પોતાની મિષ્ટ વાણીથી આમ જનતાને અહિંસાનો સંદેશ સંભળાવ્યો.

## લોકપ્રેમ

“હાકિમ સાહેબ ! ધન્ય છે એ વીર દયાળશાહને જે એક શૂરવીર, ધર્મવીર અને કર્મવીર હતા. જૈન ધર્મના ઉદ્યોતને માટે એ વીર નરે ઘણાં ધર્મકાર્ય કર્યાં છે. તમારી વાત સાચી છે કે એક કરોડ રૂપીઆના ખર્ચે વીર દયાળ-શાહે આ અનુપમ મંદિર બનાવ્યું છે. અને મહારાણા રાજસિંહે એટલા જ રૂપીઆ ખર્ચી આ વિશાળ સરોવર બંધાવ્યું છેઃ બન્ને અમર થઈ ગયા.”

“મહારાજ સાહેબ ! આપ તો મહાજ્ઞાની છો અને આપનું વચન પ્રમાણ છે, પણ આ પ્રદેશમાં જૈન લોકો ઓછા થતા જાય છે અને દેવાલયોની સ્થિતિ ભારે ખરાબ થતી જાય છે.” હાકિમ સાહેબે પંન્યાસજી મહારાજને જણાવ્યું.

"બરાબર છે. ધર્મના નેતાઓનું કર્તવ્ય આજે ભૂલાઈ રહ્યું છે. આવા પ્રદેશમાં સમય સમય પર વિચરી ધર્મની જાગૃતિ રાખવી જોઈએ, તે અમારાથી ન બની શક્યું; પછી શું થાય! લોકો તો બિચારા સરળ છે, અને અજ્ઞાન છે. જે તરફ દોરી જાઓ તે તરફ જાય." મહારાજશ્રીએ સમાધાન કર્યું.

"ગુરુવર્ય! અમને તો આપના ઉપદેશથી બહુ જ આનંદ થયો. અમે જો કે વૈષ્ણવ ધર્માનુયાયી છીએ, છતાં આપના સર્વધર્મ સમભાવના વિચારો તથા જૈન ધર્મની વિશાળતા સાંભળી અમને અત્યંત હર્ષ થયો છે. આવા અનેક ગામોમાં આપ વિચરી રહ્યા છો તેથી જનતાને ધર્મનો બોધ થયો. અમારા લોકોના નસીબમાં આપ જેવા જૈન સાધુઓનાં દર્શન જ ક્યાંથી હોય!"

વીર દયાળશાહના રાજનગરમાં મહારાજશ્રી આઠેક દિવસ રહ્યા અને ધર્મની પ્રભાવના સારી રીતે થઈ.

અહીંથી દેસૂરી, સુમેર, ઘાણેરાવ અને મૂછાળા મહાવીર પ્રભુની યાત્રા કરીને આપ સાદડી આવ્યા.

ગુરુદેવની આજ્ઞાથી સાદડીથી વિહાર કરી આપ નાડલાઈ, નાડોલ અને વરકાણા તીર્થની યાત્રા કરી અને રાણી આવી પહોંચ્યા. આસપાસના ગામોમાં ધર્મોપદેશ દેતાં દેતાં આપ પાલી આવ્યા. પાલીમાં નવલખા પાર્શ્વનાથજીનું ધામ ગણાય છે. અહીં આપ પંદર દિવસ રહ્યા અને ધર્મોપદેશ સંભળાવ્યો.

આપના દર્શનાર્થ પંજાબના ૫૦-૬૦ ભાઈબેનો અહીં

આવ્યાં હતાં. પાલીના શ્રાવકોએ તેમની ખૂબ સેવાભક્તિ કરી.

અહીંથી જોધપુરની તરફ વિહાર કર્યો. ત્યાંથી ચાર કોસ દૂર એક ગામમાં મહારાજશ્રી આવ્યા. ગોચરી કરીને ઊઠ્યા હતા, ત્યાં એક ભાઈએ આવીને સમાચાર આપ્યા: "ગુરુદેવ અમદાવાદથી વિહાર કરી પાલી તરફ આવતા હતા ત્યાં લૂટારાઓએ તેઓને લૂંટી લીધા. વસ્ત્રો અને પુસ્તકો પણ લઈ લીધાં."

આ સાંભળતાં જ ત્યાંથી તરત જ વિહાર કર્યો અને પાલીમાં આવી પહોંચ્યા. ત્યાંથી ગુરુદેવની સુખશાતા પૂછવા આગેવાન ગૃહસ્થો વિજાપુર ગયા. મુનિરાજશ્રી લલિતવિજયજી, તપસ્વી ગુણવિજયજી અને મુનિ વિચારવિજયજી તો પાલીમાં આવી ગયા. ગુરુદેવ અને લૂટારાઓનો પ્રસંગ સાંભળી તેઓ કંપી ઊઠ્યા. અશ્રુની ધારા ચાલી, પણ ગુરુદેવની નીડરતા, અને નિર્ભયતા, વીરતા અને શાન્તિ જોઈ તથા બધાની સુખશાતા સાંભળી સાંત્વન થયું. ગુરુ મહારાજ તો પાલીમાં પધાર્યા.

સાદડીના શ્રી સંઘે ગુરુ મહારાજને સાદડીમાં પધારવાની પ્રાર્થના કરી અને ગુરુ મહારાજ સાદડીમાં પધાર્યા. સાદડીમાં ચાર દિવસ રહી ગોલવાડની અજ્ઞાન સ્થિતિ વિષે ગુરુ મહારાજે ઉપદેશ આપ્યો. લોકો પરિસ્થિતિ સમજતા થયા. ગુરુદેવે તો પાંચમે દિવસે વિહારની તૈયારી કરી. સાધુ સમુદાય તૈયાર થઈ ગયો. સંઘનાં સ્ત્રી–પુરુષો તથા આગેવાનો આવી પહોંચ્યા. બધાએ પ્રાર્થના કરી: "ગુરુદેવ ચાર જ દિવસમાં આપ ચાલ્યા જશો? અમને જગાડીને હવે

ક્યાં જશો ? પ્રભુ, અમારી પ્રાર્થના સાંભળો. થોડા દિવસની સ્થિરતા કરો ! ”

“ તમારી પ્રાર્થના કોરી પ્રાર્થના હોય તો તો રહીને શું કરું ! તમે જાણો છો, મારો સમય બહુ કીમતી છે. હા, કાંઈ કામ થાય તેવું હોય તો રહેવા તૈયાર છું. છો તૈયાર ? ” ગુરુ મહારાજે ચોખ્ખું સંભળાવી દીધું.

“ ગુરુદેવ ! અમે જરૂર કાંઈક કાર્ય કરીશું. આપશ્રીની પ્રેરણા હશે તો જરૂર શુભ કાર્ય થશે. આપ અમારી પ્રાર્થના સ્વીકારો ! ” આગેવાનોએ વચન આપ્યું.

અને ગુરુમહારાજે તે જ સમયે ગોલવાડની વર્તમાન પરિસ્થિતિનું દિગ્દર્શન કરાવ્યું. ગોલવાડના સુધારાને માટે એક વિદ્યાલય સ્થાપીત કરવાની આવશ્યકતા જણાવી અને ચમત્કાર તો એ થયો કે એ જ સમયે, ઉપદેશનો ભારે પ્રભાવ પડ્યો. તે જ સમયે ૫૦ હજાર રૂપિયાનાં વચન મળી ગયાં, અને બીજાની આશા અપાઇ. ગુરુદેવે ચાતુર્માસ કરવાની ઇચ્છા પ્રકટ કરી.

આ શુભ સમાચાર શ્રી સોહનવિજયજીને પાલીમાં પહોંચાડવામાં આવ્યા અને સાદડીમાં આવી વિદ્યાલયના કાર્યને આગળ વધારવા આજ્ઞા થઈ; તેથી મુનિજી પણ પાછા સાદડી શ્રી ગુરુદેવની સેવામાં આવી પહોંચ્યા.

સાદડીમાં આપે કયવન્ના તથા શ્રાદ્ધગુણ વિવરણનું હિન્દી ભાષાંતર કર્યું.

બાલીના શ્રી સંઘની વિનતિથી પન્યાસજીને બાલી

ચોમાસાની આજ્ઞા થઈ અને ૧૯૭૫નું ચાતુર્માસ બાલીમાં થયું. અહીં ' નવયુવક મંડળ 'ની સ્થાપના થઇ. મુનિશ્રી વિદ્યાવિજયજીને ભગવતી સૂત્રનું યોગોદ્વહન કરાવ્યું અને તેમને કારતક વદિ ૫ ને રોજ ધૂમધામપૂર્વક ગણી અને પંન્યાસ પદવી આપવામાં આવી.

આ ઉપરાંત શા પ્રેમચંદ ગોમરાજ, શા પ્રેમચંદ જોધાજી, શા લખમાજી ખુશાલજી અને નવલાજી મોતીજીની તરફથી ઉપધાન તપનું અનુષ્ઠાન થયું. હજારો સ્ત્રી–પુરુષોએ આ ધાર્મિક કૃત્યમાં ભાગ લીધો. આનંદની વાત એ હતી કે ગુરુદેવ સાદડીથી આ મહોત્સવ પ્રસંગે ખાસ પધાર્યા અને તેમની છત્રછાયામાં બે ભાવિકોની દીક્ષાઓ–પદવીઓ અને આ તપ પરિપૂર્ણ થયું.

### કૅાન્ફરન્સ

સાદડીમાં બીજું પણ એક ઉત્તમ કાર્ય થયું. ગુરુદેવની ઉપસ્થિતિ હતી જ. ગોડવાડની જાગૃતિનો પ્રયાસ થતો હતો, ત્યાં શ્રી જૈન શ્વેતાંબર કૅાન્ફરન્સનું ૧૨મું અધિવેશન નિશ્ચિત થયું. હોશિયારપુર ( પંજાબ) ના ઓસવાળ કુળભૂષણ શ્રીયુત લાલા દોલતરામજીના પ્રમુખપણા નીચે કૅાન્ફરન્સનું અધિવેશન ઉત્તમતાથી સફળ થયું. જૈન સમાજમાં જાગૃતિનું આંદોલન ફેલાયું.

અહીંથી આપ પ્રાચીન તીર્થ શ્રી રાણકપુરજીની યાત્રાએ ગુરુદેવની સાથે પધાર્યા. રાણકપુરજી સાદડીથી ત્રણ ચાર કોશ દૂર એક જંગલમાં છે. આ મંદિર ભારતવર્ષની

પ્રાચીન શિલ્પકલાનું જીવંત ઉદાહરણ છે. એક મંદિર તો નલિનીગુલ્મ વિમાનના આકારનું છે, જેના ૧૪૪૪ સ્થંભો છે. તે મંદિરની રચના અપૂર્વ છે. શેઠ ધન્નાશાહ પોરવાલે તે બંધાવ્યું છે.

## વીરના પુત્રોને જ્ઞાનદાન

શિવગંજથી શેઠ ગોમરાજ ફતેહચંદે શ્રી કેસરીયાજીનો સંઘ કાઢચો. સંઘમાં ગુરુદેવની સાથે તેઓ પણ પધાર્યા. યાત્રા કરી વરકાણા થઈ ધર્મમૂર્તિ શેઠ શ્રી સુમેરમલજી સુરાણાના આગ્રહથી તથા ગુરુદેવની આજ્ઞાથી શ્રી સમુદ્રવિજયજી તથા શ્રી સાગરવિજયજી મહારાજ સાથે બિકાનેર તરફ વિહાર કર્યો.

ગ્રામાનુગામ વિચરતા વિચરતા આપ સોજત, મેડતા, ફલોદી, નાગોર વગેરે જગાએ ધર્મોપદેશ કરતા કરતા ભિન્નાસર આવી પહોંચ્યા. ભિન્નાસર બીકાનેરથી ત્રણ માઇલ છે. બીકાનેરથી ઘણાં સ્ત્રીપુરુષો મહારાજશ્રીના દર્શને આવ્યા. અત્રે શેઠ શ્રીયુત સુમેરમલજી સુરાણા તથા કોચરો તરફથી બે ત્રણ દિવસ પૂજાઓ અને સાધર્મિક વાત્સલ્યો

થયા અને જેઠ શુદ સાતમના દિવસે બીકાનેરમાં ધામધૂમથી પ્રવેશ કર્યો.

આજે બીકાનેરમાં આનંદ આનંદ હતો. મહાન પર્વ પર્યુષણાના પવિત્ર દિવસો હતા. પંન્યાસજી જેવા સમય-ધર્મ-પ્રકાશકની અમી વર્ષા થઈ રહી હતી. ઘેર ઘેર ઉત્સવનાં મંગલ કાર્યો થઈ રહ્યાં હતાં. પ્રાતઃક્રિયાથી પરવારી ભાવિક સ્ત્રીપુરુષો ઉપાશ્રયમાં આવી રહ્યાં હતાં. યુવકો અને બાળકો, વૃદ્ધજનો અને જૈનેતરો, તપગચ્છના ભાઈ બહેનો કે ખરતર ગચ્છના શ્રાવક-શ્રાવિકાઓ ઉપાશ્રયમાં ઊભરાઈ રહ્યાં હતાં.

કલ્પસૂત્રની વાચના ચાલતી હતી. મહારાજશ્રીએ ભગવાન મહાવીરના જીવનની વિશિષ્ટતા સમજાવી. પોરસીનો સમય થયો. મધુર કંઠે ગુરુવર્યના ઉપદેશની મહત્તા બતાવતી ગહુંલી શરૂ થઈ. મહારાજશ્રીએ સભાના ખૂણે ખૂણામાં પોતાની વેધક દૃષ્ટિ દોડાવી, અને કલ્પસૂત્રની વાચનાને બદલે ઉપદેશધારા ચલાવી.

"મહાનુભાવો ! આ જૈન ધર્મના ઉદ્યોતના દિવસો છે. આ દિવસોમાં કરાતા ધર્મકાર્યની ઘણીઘણી વિશેષતા છે. ભગવાન મહાવીરના જ્ઞાનબળની આપણે કેટકેટલી પ્રશંસા કરીએ છીએ? પણ એ પ્રશંસા માત્ર વાહ વાહમાં જ રહેશે કે ? ભગવાન મહાવીરના પુત્રોના ઉદ્ધારનો વિચાર સરખો કર્યો છે? જે ભગવાન અનંત જ્ઞાની હતા, તે વીર પુત્રો આજે અજ્ઞાનતામાં સબડે છે—જુઓ આર્યસમાજ ! કેટલી કેટલી સંસ્થાઓ ચાલે છે ! અને જૈન સમાજમાં કૉલેજ તો શું પણ એકાદ

હાઈસ્કૂલ પણ છે? ગુરુકુલો કેટલાં છે? કન્યા વિદ્યાલયો ક્યાં છે? શું જૈન સમાજને વિદ્યાની જરૂર નથી? શું જૈન સમાજ પાસે પૈસા નથી? શું જૈન સમાજની સમૃદ્ધિ, સંપત્તિની આ જ સફળતા છે? કે આ વેપારી સમાજને કેવળ પૈસાની જ ઝંખના છે!"

"બીકાનેર જેવા શહેરમાં એક એક ગૃહસ્થ એક એક સંસ્થા ચલાવી શકે તેમ છે. જ્યાં ધર્મધુરંધર શ્રી સુમેરમલજી-સુરાણા છે, જ્યાં ધર્મપ્રેમી શેઠ કાલુરામજી લક્ષ્મીચંદજી છે, જ્યાં શેઠ રામપુરીયા જેવા ઉત્સાહી સજ્જન છે ત્યાં એક સંસ્થા પણ નહિ!

"મહાનુભાવો! મારી હાર્દિક ઇચ્છા છે કે આ શુભ મંગળમય દિવસે એક હાઈસ્કૂલને માટે મારી ભિક્ષાં દેહિ છે. એ ઝોળી ભરી આપો. તમારા બાળકોના કલ્યાણ માટે —જૈન સમાજના ઉદ્યોત માટે, બીકાનેરની ઉન્નતિ માટે આ સંસ્થા એક ભૂષણ બની રહેશે."

આખી સભા મંત્રમુગ્ધ થઈ ગઇ. ગૃહસ્થો પણ વિચારમાં પડી ગયા. નવયુવકોના હૃદય હલમલી ઊઠ્યાં. ધર્મમૂર્તિ સુરાણાજી તો ગળગળા થઈ ગયા. નાનામોટા બધાના હૃદયમાં ઝણઝણાટ થવા લાગ્યો.

છેવટે શ્રી સુરાણાજી ઊભા થયા! સભા ઉત્સૂકતાથી જોઈ રહી. "ગુરુદેવ, અમારાં ધનભાગ્ય કે આપશ્રી પધાર્યા. હાઈસ્કૂલના ફંડ માટેની આપની વાંછના પ્રશંસનીય છે. અમારા બાળકોના કલ્યાણની એ વાત છે. હું તે ફંડમાં રૂપિયા એકવીશ હજાર મારા તરફથી આપું છું."

આખી સભાએ હર્ષનાદ વચ્ચે સુરાણાજીને વધાવી લીધા, અને ધર્મપ્રેમી શેઠ કાલુરામજી લક્ષ્મીચંદજી કોચરે રૂપિયા એકવીશ હજાર તથા શેઠ શ્રી જાવતમલજી રામપુરીયાએ રૂપિયા એકવીશ જાહેર કર્યા. અને આશ્ચર્ય તો એ થયું કે તે જ સમયે શેઠ હજારીમલજી કોચરે પોતાની ત્રીસ હજારની કોઠી સ્કૂલને અર્પણ કરી. શ્રીયુત નેમચંદજી અભાણીની ધર્મપત્ની ધર્મનિષ્ઠ ધાપુબાઈએ પણ દશ હજારનું પોતાનું મકાન અર્પણ કર્યું.

બીકાનેરે ગુરુદેવ શ્રીમદ્ આત્મારામજી મહારાજની જયંતી તો આનંદપૂર્વક મનાવી હતી, પણ પર્યુષણના દિવસો તો બીકાનેરના ઈતિહાસમાં યાદગાર રહેશે. વિવિધ પ્રકારની તપશ્ચર્યાઓ અને નાના પ્રકારના મહોત્સવો પણ થયા.

ધર્મમૂર્તિ સેઠ શ્રી સુરાણાજીએ આ ચાતુર્માસમાં પોતાની લક્ષ્મીનો સદુપયોગ કર્યો. અનેક જાતના ખર્ચમાં ઉદારતાથી પોતાનો હાથ લંબાવ્યો અને સહુને એ ધર્મપ્રાણ, નિરભિમાની, શાંતિપ્રિય શેઠની ઉદારતાનો પરિચય થયો. ૧૯૭૬નું ચોમાસું બીકાનેરમાં સાનંદ સમાપ્ત થયું.

બીકાનેરથી વિહાર કરી તેઓશ્રી સુજાનગઢ પધાર્યા. મંદિરનાં દર્શન કરી પ્રસન્નતા થઈ, પરંતુ મંદિરોપાસક જૈન શોધતાં એક પણ ન જડ્યો—બધા તેરાપંથી ! ત્યાંથી સરદાર શહેરમાં આવ્યા. સરદાર શહેર બીકાનેર રાજ્યમાં એક ધનાઢ્ય શહેર ગણાય છે. અહીં તેરસો ઘર ઓસવાળોનાં છે. બધા તેરાપંથી ધર્મ પાળે છે. અહીં તેરાપંથીના ગુરુ પુજ્ય કાલુરામજીનો પાટોત્સવ હતો. ૮૦–૯૦ સાધુઓ હતા.

શ્વેતાંબર સાધુને કોઈ ઓળખતું પણ નહિ. મહારાજશ્રીને જોઈ બધાને આશ્ચર્ય થવા લાગ્યું.

લોકોમાં હલચલ મચી ગઈ. લોકો તર્કવિતર્ક કરવા લાગ્યા. આ પ્રસંગે બીકાનેરથી ધર્મપ્રેમી શેઠ સુમેરમલજી સુરાણા, શ્રી જેઠમલજી સુરાણા, શેઠ પુનમચંદજી સાવણસુખા, શેઠ કર્મચંદજી શેઠીયા, શેઠ સોહનલાલજી કોચર તથા શ્રી ફૂલચંદજી ઝાબક અને પંડિતશ્રી હંસરાજજી આવી પહોંચ્યા.

પ્રવેશ બહુ જ ધૂમધામથી થયો. વ્યાખ્યાનમાં હજારો સ્ત્રીપુરુષો આવવા લાગ્યાં. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર તથા મુસલમાન ભાઈઓ પણ વ્યાખ્યાનમાં આવીને મહારાજશ્રીનો ઉપદેશ સાંભળવા લાગ્યા. અનેક પ્રશ્નો પૂછી પોતાની શંકાઓનું સમાધાન કરવા લાગ્યા.

પંડિત હંસરાજજીનાં પણ ૩–૪ વ્યાખ્યાનો થયાં. જૈન ધર્મની વિશાળતાથી લોકો સુપરિચિત થયા. લોકો જૈન ધર્મની ભૂરિ ભૂરિ પ્રશંસા કરવા લાગ્યા. આવા ઉચ્ચ આદર્શવાળા વિશાળ જૈનધર્મને જાણી તથા જૈન સાધુઓની સર્વધર્મ સમભાવની ભાવના જોઇ અનેકોને ખૂબ આનંદ થયો. ઘણા ભાઈઓ તેરાપંથી ધર્મને છોડી શ્વેતામ્બર ધર્મ સ્વીકારવાની ભાવનાવાળા થયા.

અહીંથી વિહાર કરી ગ્રામાનુગામ વિચરતા તેઓ સૂરતગઢ, મંડી, ડભવાળી થઇ બંગલા ફાજલકા પધાર્યા. અહીંના શેઠ સુગનચંદજી, જેઠમલજી આદિએ મહારાજશ્રીનું સ્વાગત કર્યું. ડાબાવાલીમંડીના શેઠ ચાંદમલજીના લઘુ-

બંધુ શેઠ વૃદ્ધિચંદ્રજીનો ધાર્મિક ભાવ જરા ડામાડોળ હતો. આપના સદુપદેશથી તેઓને ધર્મ પર શ્રદ્ધા જાગી અને વાસક્ષેપ લીધો. અહીંથી ફરીદકોટ; મુદરી, લહેરા થઇને આપ જીરામાં પધાર્યા. પંજાબમાં પ્રવેશ કર્યો.

જીરામાં આપનું અપૂર્વ સ્વાગત થયું. વ્યાખ્યાનમાં દરેક જાતિના લોકો આવવા લાગ્યા. જૈન ધર્મને ન સમજનારા આજે જૈન ધર્મના સિદ્ધાંતો સાંભળી વાહ વાહ પોકારવા લાગ્યા.



## શ્રી રામજયંતી

"લાલાજી! ધન્ય છે જૈન ગુરુમહારાજને. આપણે તો એમ જ સમજતા હતા કે જૈન ધર્મ નાસ્તિક ધર્મ છે, પણ આ મહારાજે તો આપણા સનાતન ધર્મ વિષે પણ કેવું સુંદર વિવેચન કર્યું!" એક ગૃહસ્થે સભામાં બીજા સજ્જનને જણાવ્યું.

"બાબુજી! એ તો ઠીક, પણ વિશેષમાં આપણા આમંત્રણને માન આપી શ્રીરામ–જયન્તીમાં વ્યાખ્યાન આપવા આવીને એ મહાત્માએ તો કમાલ કરી." બીજા સજ્જને જવાબ આપ્યો.

"અરે ભાઈ, શ્રી રામચંદ્રજીના જીવન વિષે આવી રહસ્યભરી વાતો તો આજે જ સાંભળી." ત્રીજા ગૃહસ્થ બોલી ઊઠ્યા.

સનાતન ધર્માવલંબી સજ્જનોના આગ્રહથી મહારાજશ્રી જીરામાં થોડો વખત રોકાયા. શ્રી રામચંદ્ર જયંતીમાં વ્યાખ્યાન માટે આમંત્રણ મળ્યું અને રામચંદ્રજીના જીવનનો એવો સુંદર ચિતાર રજૂ કર્યો કે સભા મુગ્ધ થઈ ગઈ.

"ગુરુમહારાજ ! આપને ધન્ય છે. આપના આગમનથી અમને ખૂબખૂબ આનંદ થયો છે. શ્રી રામચંદ્રજીના જીવન વિષે આપની પાસેથી અમને ઘણું જાણવાનું મળ્યું છે. અમારી સભાના યોજકોએ આપશ્રીની સેવામાં એક ભેટ આપવાનું નક્કી કર્યું છે."

"શાની ભેટ ? અમારે સાધુને વળી ભેટ શી !"

"ગુરુમહારાજ ! આપે આટલો બધો શ્રમ લીધો, અમને અનુગ્રહિત કર્યાં; તો આટલું સ્વીકારો." એમ કહી માનપત્ર અને મલમલનો તાકો તથા રૂપીઆની એક થેલી મહારાજશ્રીના ચરણમાં સમર્પણ કરવામાં આવી.

"ભાઈઓ ! હું તમારો આભાર માનું છું. મારા પ્રત્યે આપ સૌને જે પ્રેમ છે, તે બસ છે. અમારે સાધુને ભેટ લેવાય નહિ. અને લાલાજી તમે તો જાણતા હશો. પૂછો અમારા જૈન ભાઇઓને ! અમારે સાધુને એક પાઈ પણ ન રખાય. ન કોઇ જાતનો પરિગ્રહ રખાય. અમારે તો ભિક્ષા માગીને રોટી લેવાની. કપડાં જરૂર પડતાં પણ કોઈ ગૃહસ્થ પાસેથી માગી લેવાનાં; બાકી કશું ન ખપે."

"અરે ! શું કહો છો, મહાત્માજી ! અમને તો ખ્યાલ જ નહિ કે જૈન સાધુ મકાન આદિમાં રહે નહિ, પૈસાને સ્પર્શ પણ ન કરે, સ્ત્રીને પણ સ્પર્શ ન કરે તથા પગે ચાલીને

ભિક્ષા માગી ખાય. ધન્ય મહાત્મા ધન્ય ! જૈન સાધુઓની ઉચ્ચતા આજે જ જાણી.”

“તમે મને પ્રેમથી જીરામાં રોકયો, તો તેનું સાર્થક થયું.”

“પણ મહારાજ ! સન્માન પત્ર તો આપ અવશ્ય સ્વીકારો ! અમ રંકની એ પુષ્પપાંખડી છે. અમારી ઊર્મિઓની એ ભેટ છે.”

માનપત્ર સ્વીકાર્યું. સભા હર્ષનાદથી પૂરી થઇ. જૈન ધર્મની પ્રશંસા થવા લાગી.

શ્રી રામ જયન્તીની પછી શ્રી વીર જયન્તી આવી. રામ જયન્તીના મંડપમાં જૈન–જૈનેતર ભાઈઓની મોટી માનવમેદની વચ્ચે વીર જયન્તી ઉત્સવ શરૂ થયો. પ્રાર્થના અને મંગલાચરણ પછી મહારાજશ્રીએ વ્યાખ્યાન આપ્યું.

ભગવાન મહાવીરે જગતને અહિંસાની ભેટ આપી. એ અહિંસા માત્ર કીડીમકોડીને પાળવા પૂરતી નથી, પણ જગતના તમામ જીવોને પ્રેમભરી ભાવનાથી જોવાની દૃષ્ટિ છે. ભગવાન મહાવીરે જે જે ઉપસર્ગો સહન કર્યા છે તે આત્મ-શુદ્ધિની ઉચ્ચતા બતાવે છે.

“ભગવાન મહાવીરે પોતાના આપ્તજનો કે શિષ્યો તરફ રાગ નથી બતાવ્યો; ઉપસર્ગો કરનાર કે દુઃખ દેનાર તરફ દ્વેષ નથી બતાવ્યો એ જ એમની વીરતા.

“ભગવાનનું જીવન પ્રત્યેક મોક્ષમાર્ગીને માટે માર્ગદર્શન કરાવનારું છે.

“મહાવીર જૈન ધર્મવાળાઓના જ છે, તેમ નથી.બધાના



ચરિત્રનાયક તથા શ્રી સ્યાલકોટ-પંજાબ

જૈન સંઘ

મહાવીર છે, કારણ કે મહાવીરે સત્ય ધર્મ દર્શાવ્યો તેનું પાલન બ્રાહ્મણ અને ચંડાળ પણ કરી શકે. જે પાળે તેનો ધર્મ." મહારાજશ્રીના આ ઉદાર અને સમદૃષ્ટિ વક્તવ્યની ભારે અસર પડી. જૈન–જૈનેતર, સનાતની ભાઈઓ બધા મહારાજશ્રીની શૈલીની ભારે પ્રશંસા કરવા લાગ્યા.

જીરાથી આપ પટ્ટીના શ્રી સંઘની વિનતિથી પટ્ટી પધાર્યા. પટ્ટીનો પ્રવેશ બહુ જ શાનથી થયો. આપના ઉપદેશમાં સેંકડો સ્ત્રીપુરુષો, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય બધી જાતિના લોકો આવતા હતા. લાલા જીવામલ મુકંદીલાલ તથા લાલા ફકીરચંદની ધર્મપત્નીએ જ્ઞાનપંચમીનું ઉદ્યાપન કરાવ્યું. આ પ્રસંગે અંબાલા તથા જંડિયાલાથી ભજન મંડળીઓ આવી હતી. બહાર મંડીમાં આપનું સાર્વજનિક વ્યાખ્યાન થયું, જેમાં હિન્દુ સજ્જનો ઉપરાંત ઘણા મુસલમાન ભાઈઓ પણ હાજર હતા. અહીં ધર્મની પ્રભાવના સારી રીતે થઈ.

પટ્ટીથી વિહાર કરી સરિહાલી પધાર્યા. આપના ઉપદેશથી ઘણા લોકોએ માંસમદિરાનો ત્યાગ કર્યો. એક સેવાસમિતિની પણ સ્થાપના થઈ. અહીંથી તરણતારણ થઈને આપ જંડિયાલાગુરુ પધાર્યા.



# દાવાનળની શાંતિ

જંડિયાલાગુરુનું આપનું આગમન કોઈ સુભગ ક્ષણે થયું હોવું જોઈએ. અહીંના કાર્યમાં જે મહત્ત્વનું કાર્ય થયું તે મહારાજશ્રીના જીવનમાં એક ચમત્કારિક કામ કહેવાય. આજ પહેલાં ઘણાય સાધુમુનિરાજો અને આચાર્યો પણ આવી ગયેલા, પણ જે કામ આપણા પંન્યાસજી મહારાજે સિદ્ધ કર્યું; તે કોઇ નહોતું કરી શકયું. વચનમાં પણ કેટલી શક્તિ હોય છે! ભાવના અને જીવનની તપશ્ચર્યા પણ ભારે બલપ્રદ હોય છે.

લગભગ દોઢસો–બસો વર્ષથી પટ્ટી અને જંડિયાલા ગુરુના જૈન ભાઈઓમાં દૈવવશાત્ એક એવો વિરોધ થઈ ગયો હતો, કે આપસનો બધો વ્યવહાર બંધ થઇ ગયો હતો.

આજે વ્યાખ્યાનને માટે ભારે ભીડ થઈ હતી. પટ્ટીના કેટલાક સંભાવિત લોકો દર્શને આવ્યા હતા. આખી સભા મહારાજશ્રીનાં અમૃતવચનો સાંભળી રહી હતી. મહારાજશ્રી હૃદયના ભાવથી સમાજ અને ધર્મની પરિસ્થિતિનું ચિત્ર રજૂ કરી રહ્યા હતા. તેમણે કહ્યું:

"મહાનુભાવો! જગતમાંથી શું લઈ જવાનું છે? ક્લેશ અને કંકાસ, આધિ અને વ્યાધિ લઈને આપણે જવું છે શું? શા માટે વર્ષોથી કલેશ ચાલ્યો આવે? શું ભાઈ-ભાઈમાં પણ આવો કલહ સંભવે ખરો? તમે એકબીજાને ત્યાં જઈ ન શકો? જમી ન શકો? સારાનરસા પ્રસંગે સુખદુઃખમાં ભાગ ન લઈ શકો? કેવી વિષમ પરિસ્થિતિ! જૈનધર્મ અને વીરની ક્ષમાનો આ અર્થ કે? વીર ભગવાનનાં સંતાનો કેવાં ક્ષમાશીલ અને કેવાં શૂરવીર હોવાં જોઈએ? હું તો આ તમારી પરિસ્થિતિ જોઈ દુઃખી દુઃખી થઈ રહ્યો છું. મારી તપશ્ચર્યાથી એ કલેશની જ્વાળા હું ઠારવાનો નિર્ણય કરું છું."

આ શબ્દોએ જાદુ કર્યું. નાનામોટા બધાની આંખોમાં આંસુ છલકાઈ ગયાં. આગેવાનો ઊભા થઈ ગયા અને મહારાજશ્રી જે રીતે હુકમ કરે તે રીતે સમાધાન કરવા પ્રતિજ્ઞા કરી.

બસો વર્ષનો કલેશનો દાવાનળ શાંત થયો. પટ્ટી–જંડિયાલાના બચ્ચાબચ્ચામાં આનંદલહરી ફેલાઈ ગઈ. આજે પણ આ સમય અને આ મહાન ઉપકારી ગુરુ મહારાજને બન્ને ગામના બેનભાઈઓ નથી ભૂલ્યાં.

અહીંથી વિહાર કરી આપ અમૃતસર પધાર્યા. અહીંથી લાહોર થઇ ગુરુદેવના સ્વર્ગીય ધામ ગુજરાંવાલામાં પધાર્યા.

પ્રથમ આપે સ્વર્ગીય જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનન્દસૂરિ આત્મારામજી મહારાજના પવિત્ર સમાધિમંદિરના દર્શન કર્યાં. ત્યારબાદ વયોવૃદ્ધ, ચારિત્રવૃદ્ધ, સ્વામી શ્રી સુમતિવિજયજીના દર્શનનો લાભ લીધો.

ગુજરાંવાલા શ્રી સંઘે આપના સ્વાગતમાં ભારે ઉત્સાહ બતાવ્યો. સેંકડો સ્ત્રીપુરુષોએ જલૂસમાં ભાગ લીધો.

ગુરુ જયન્તી તો દર સાલ થતી હતી, પણ આ વર્ષની જયન્તીનો ઠાઠ ઔર જ હતો. બહારથી કેટલીય ભજન-મંડળીઓ આવી હતી. હજારો સ્ત્રીપુરુષો પણ આવ્યાં હતાં. ઉત્સવનું નગરકીર્તન ખૂબ ધૂમધામથી થયું. સભા મંડપમાં સ્વ. આચાર્યશ્રી શ્રીમદ્ વિજયાનન્દસૂરિજીની સ્મૃતિમાં અનેક ઉત્તમોત્તમ ભજન જુદી જુદી ભજનમંડળીઓએ ગાયાં. મુનિશ્રી વિબુધવિજયજી તથા મુનિશ્રી વિચક્ષણવિજયજી તથા મુનિશ્રી સમુદ્રવિજયજીનાં વ્યાખ્યાનો થયાં. છેવટે પંન્યાસજી મહારાજે એક મનનીય વ્યાખ્યાન આપ્યું. સં. ૧૯૭૭નું આપનું ચોમાસું ગુજરાંવાલામાં થયું.



## જૈન મહાસભાની સ્થાપના

પંજાબ ગુરુદેવનો મનોહર ગુલશન હતો. એ બગીચાને સુરમ્ય બનાવવા ગુરુદેવે ભારે પરિશ્રમ વેઠ્યો હતો. જૈન સમાજની ઉન્નતિ અને પ્રગતિ માટે ગુરુદેવ પંજાબભરમાં વિચરી ઉપદેશામૃતથી સિંચન કરતા હતા. હજારો ભાવિક જનોને સત્ય ધર્મ તરફ વાળવા ગામોગામ ફરી ફરીને પંજાબને પ્રેરણાનાં પાન કરાવી રહ્યા હતા.

ગુરુદેવના શિષ્યપરિવારને પણ પંજાબ તરફ ભારે મમત્વ હતું અને પંજાબનો જૈન સમાજ ઉન્નતિના પંથે વિચરે, સમાજના અજ્ઞાનનો નાશ થાય, સમાજના કુરિવાજો દૂર થવા પામે, સમાજમાં શિક્ષણનો પ્રચાર થાય, સમાજના અંગેઅંગમાં પ્રાણ આવે, સમાજમાં નવચેતન અને જાગ્રતિ

આવે; એ ગુરુદેવના સ્વર્ગગમન પછી તેમના શિષ્યોનું કર્તવ્ય હતું.

આપણા સોહનવિજયજી પણ ગુરુદેવના કાર્યની જ્યોત ચમકતી રાખવાના અભિલાષી હતા. તેમણે સમાજના પુનર્વિધાન અને સમાજના કલ્યાણની મહાન ભાવનાથી ગુજરાંવાલામાં શ્રી આત્માનંદ જૈન મહાસભા પંજાબની સ્થાપના કરી. સમાજની પરિસ્થિતિનું હૂબહૂ ચિત્ર મહારાજશ્રીએ સમાજના આગેવાનો પાસે રજૂ કર્યું. મહાસભાની કાર્યદિશા સમજાવી અને સમાજના સર્વતોમુખી વિકાસ માટે આ એક જ સંસ્થા વટવૃક્ષની જેમ ફૂલીફાલી પંજાબના ઘરઘરને, ગ્રામગ્રામને, શહેરશહેરને, અને મંદિરે મંદિરને નવપલ્લવતા આપશે તેમ એલાન કર્યું.

આજે પણ ગુરુદેવની એ સંસ્થા પંજાબના જૈન સમાજનું અનેકવિધ કલ્યાણ સાધી રહી છે. પંજાબના બાળકો જ્ઞાનની ગંગા પી રહ્યા છે. પંજાબના યુવાનો કર્તવ્યશીલ છે, પંજાબની બહેનોમાં જાગૃતિ છે, પંજાબની સંસ્થાઓ પ્રગતિશીલ પ્રગતિ સાધી રહી છે. પંજાબના સંઘ સુધારાને અપનાવી રહ્યા છે અને પંજાબનાં સમાજમાં સંગઠનની એકવાક્યતા જોઈ શકાય છે.

મહાસભાના અધિવેશનો થઈ રહ્યાં છે, અને મહાસભાના આદ્ય સંસ્થાપક શ્રી ગુરુમહારાજની ભાવના આ બધા કાર્યોમાં પ્રત્યક્ષ જોઈ શકાય છે.

મહાસભા આજે તો યુવાવસ્થામાં પ્રવેશી છે. અનેક સુધારા મહાસભાએ અપનાવ્યા છે. મહાસભાએ ઓસવાલ

ખંડેલવાલના ભેદભાવ કાઢી નાખ્યા છે. લગ્નના ખર્ચને રિવાજો ઓછા કર્યા છે. અનેક નકામા ખર્ચ કાઢી નાખ્યા છે. મહાસભા દિન પ્રતિ દિન પંજાબના શ્રી સંઘોની શ્રેય-સાધક સંસ્થા બની રહી છે. તે બધો પૂણ્ય–પ્રભાવ શ્રી સોહનવિજયજી મહારાજનો જ છે.

અહીંથી વિહાર કરી પપનાખા, કિલાદીદારસિંહ તથા રામનગર અને ખાનગાહ ડોગરાં વગેરેમાં ધર્મોપદેશ દેતા આપશ્રી લાહોરમાં આવ્યા.

આ બધા ગામોમાં મહારાજશ્રીના પધારવાથી બહુ લાભ થયો. સેંકડો જૈન અને જૈનેતર લોકોએ આપના ઉપદેશથી માંસાહાર છોડ્યો, મંદિરાનો ત્યાગ કર્યો. રામનગરમાં શ્રી ચિન્તામણિ–પાર્શ્વનાથની યાત્રા કરી.

રામનગર અને ખાનગાહ ડોગરાં વચ્ચે હાફિઝાબાદ નામનું એક ગામ છે. અહીં એક જ જૈન ગૃહસ્થનું ઘર છે. અહીં તો સાધુમુનિરાજ ભાગ્યે જ આવે. લોકો તો મુનિના આચારને પણ સમજે નહિ. અહીં મહારાજશ્રી આવ્યા અને લોકો તો આશ્ચર્યમાં પડી ગયા. આ કોણ આવ્યું ? લોકો માંહોમાંહે ચકિત થઈ એક બીજાને પૂછવા લાગ્યા.

કેટલાક લોકો મહારાજશ્રીને પૂછવા લાગ્યા, " તમે કયા દેશના છો ? આપ ક્યાંથી આવ્યા છો ? અહીં આપ કેમ આવ્યા છો ?

તર્પણી જોઈને વિસ્મિત થઈને બોલ્યા: "આ વાસણ ક્યાંથી લાવ્યા ? આવાં વાસણ ક્યાં બને છે ? "

મહારાજશ્રીએ શાંતિપૂર્વક બધા ભાઈબહેનોને જૈન

સાધુ અને જૈન ધર્મની વાત સમજાવી. બધા લોકો આ સાધુને વંદન કરવા લાગ્યા. લોકોને આનંદ થયો.

પછી તો અહીં બજારમાં બે જાહેર વ્યાખ્યાનો થયાં. લોકોએ સારો લાભ ઉઠાવ્યો. અહીંથી ખાનગાહ ડોગરાં આવ્યા. અહીં પણ વ્યાખ્યાનો થયાં. અહીંથી લાહોર પધાર્યા. લાહોરમાં સામાજિક સુધારા વિષે ઠીક ઠીક પ્રચાર થયો.

લાહોરથી વિહાર કરી મહારાજશ્રી અમૃતસર, જંડિયાલા, જાલંધર–કતરિપુર આદિ નગરોમાં ધર્મોપદેશ આપતા આપતા આદમપુર આવી પહોચ્યા.

બીકાનેરથી વિહાર કરીને પૂજ્ય ગુરુદેવ, પં. શ્રી લલિતવિજયજી તથા પં. શ્રી વિદ્યાવિજયજી, તપસ્વી ગુણવિજયજી, શ્રી વિચારવિજયજી, શ્રી ઉપેંદ્રવિજયજી, શ્રી પ્રભાવિજયજી વગેરે પરિવાર અહીં આવ્યો હતો. વરકાણા પછી ગુરુદેવનાં અહીં દર્શન કરતાં શ્રી સોહનવિજયજીને અપૂર્વ આનંદ થયો. પંજાબના શ્રી સંઘનો ઉત્સાહ અજબ હતો. ૧૨–૧૩ વર્ષ બાદ ગુરુદેવ શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજી મહારાજ પંજાબમાં પધાર્યા હતા. ગુરુદેવનો પ્રથમ પ્રવેશ હોશિયારપુરમાં કરાવવા માટે શ્રી. લાલા દોલતરામજી ખૂબ પ્રયાસ કરતા હતા, અને પંજાબનાં હજારો સ્ત્રીપુરુષો હોશિયારપુર ખાતે ગુરુદેવનાં દર્શન માટે ઉભરાઈ રહ્યાં હતાં.

હોશિયારપુરનો ગુરુદેવનો પ્રવેશ ભવ્ય હતો. પંજાબના નાનાંમોટાં તમામ સ્ત્રીપુરુષો હોશિયારપુરમાં શુદ્ધ સ્વદેશી

વસ્ત્રમાં સજ્જ થઈ સફેદ સાગર સમાં શોભી રહ્યાં હતાં. એક પણ બાળક એવું ન હતું, જેણે શુદ્ધ સ્વદેશી વસ્ત્ર ન પહેર્યું હોય. ગુરુદેવના ખાદીપ્રેમના પ્રભાવ રૂપ આ દૃશ્ય અનોખું હતું. એવું દૃશ્ય હવે તો ભૂતકાળનું સ્વપ્ન બની ગયું. ગુરુદેવના ચરણોમાં થોડો સમય રહી મહારાજશ્રીએ ગુરુદેવની આજ્ઞાથી તેઓશ્રીની જન્મભૂમિ જમ્મૂની તરફ વિહાર કર્યો.



## અહિંસાનો પ્રચાર

હોશિયારપુરથી વિહાર કરી ઉડમુંડામાં જાહેર ઉપદેશ આપી આપ ટાંડા પધાર્યા. અહીં ૪૦ ઘર સ્થાનકવાસી ભાઈઓનાં છે. અહીં સાર્વજનિક વ્યાખ્યાન આપી આપ મિયાણી પધાર્યા. અહીં ત્રણ જાહેર વ્યાખ્યાનો થયાં. શ્રોતાગણ પર સારો પ્રભાવ પડ્યો. કેટલાક લોકોએ વિદેશી માંડનો ત્યાગ કર્યો. અહીંથી આપ સનખતરા આવ્યા. સનખતરામાં આપનો પ્રવેશ ખૂબ ધૂમધામથી થયો. પ્રવેશમાં જૈનો ઉપરાંત હિન્દુ મુસલમાન ભાઈઓ પણ સારી સંખ્યામાં હતા. ભગવાન મહાવીર સ્વામીની જયંતીના વ્યાખ્યાને હિન્દુ-મુસલમાન જનતા પર ખરેખર જાદુ કર્યું. બધાનો ઉત્સાહ અપૂર્વ હતો. લાલા ગુરુદિત્તામલ દુગ્ગડની ધર્મપત્ની ધનદેવીએ જ્ઞાનપંચમીનું ઉદ્યાપન ઉત્સાહપૂર્વક કર્યું. આ પ્રસંગે

નારોવાલ, ગુજરાંવાલા અને સ્યાલકોટ આદિ શહેરના હજારો ભાઇબહેનો આવ્યાં હતાં.

રથયાત્રા ભારે સમારોહપૂર્વક નીકળી. ભજન મંડળીઓએ પણ લોકોને મુગ્ધ કર્યાં. મહારાજશ્રીએ બજારમાં ધર્મના શુદ્ધ સ્વરૂપ ઉપર પ્રભાવશાળી વ્યાખ્યાન આપ્યું. લોકોનો જમઘટ ઠીક જામ્યો હતો.

સનખતરાની જનતાએ મહારાજશ્રીનો ખૂબ સરસ લાભ લીધો. હિન્દુ અને મુસલમાન ભાઇઓએ મહારાજશ્રીને માનપત્ર આપ્યું અને તે પ્રસંગ જૈન સમાજના ઇતિહાસમાં અદ્વિતીય પ્રસંગ ગણાય.

ગૂજરાત–કાઠિયાવાડ તો સાધુ મુનિરાજોથી ભરપૂર છે. ગામે ગામ મુનિમહારાજોના ઉપદેશ ચાલે છે. તે ધર્મભૂમિ પણ ગણાય છે, પણ ત્યાંના મુસલમાનો પર આટલો પ્રભાવ કોઈ મુનિમહારાજે પાડ્યો હોય તે જાણમાં નથી. પંજાબ જેવા દેશમાં કસાઇભાઇઓ પરનો આ પ્રભાવ ભારે પ્રશંસનીય ગણાય.

માનપત્રનો જવાબ આપતાં ગુરુમહારાજે પોતાનો વાણી પ્રવાહ ખુલ્લો મૂક્યો. હૃદય હલી ઊઠ્યાં. ગુરુમહારાજે ગંભીર નાદથી કહ્યું:

"મારા હિંદુ–મુસલમાન ભાઈઓ! સંસારમાં સુખ-દુઃખ સર્વ પ્રાણીને સમાન છે. કીડી કે કુંજર, રાજા કે રંક, ધનિક કે ગરીબ, સાધુ કે ફકીર બધામાં એક જ આત્મા છે. કોઈ પણ જીવની હિંસા કરવામાં આપણા પોતાના આત્માની હિંસા કરવાં જેટલું જ પાપ થાય છે.

"મહાનુભાવો, આપણે સંસારમાં પુણ્ય કમાવા આવ્યા છીએ. આ સંસાર એક જીવનને ધન્ય બનાવવાનું સાધન છે, તેનો વિચાર કરો ! અકબરના જમાનામાં અમારા જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરિજીએ અહિંસાનો ઉપદેશ કર્યો હતો. જીવહિંસા બંધ કરવામાં આવી હતી. મારા મુસલમાન ભાઈઓને મારી વિનતિ છે કે તેઓ પણ હિંસાનું કામ છોડી જીવન સફળ કરે. જગતમાં ખુદાએ એવી એવી સુંદર અને મિષ્ટ વસ્તુઓ બનાવી છે, જેના પર જીવનનિર્વાહ ચલાવી શકાય છે; તેથી તંદુરસ્તી પણ રહે છે. જગતના જીવો બધા સમાન છે."

આ વ્યાખ્યાનની જાદુઈ અસર થઈ. કસાઈઓના નેતા મિયાં ફજલઉદ્દીને પોતાના કસાઈકામનો ત્યાગ કરી દીધો. આ પુણ્યપ્રતિજ્ઞાની જનતા પર ભારે અસર થઈ.

લોકોએ તેના ઉપર રૂપીઆ વારીને ગરીબોને વહેંચ્યા. લોકો ધન્ય ધન્ય કહેવા લાગ્યા. કસાઇભાઇઓએ મળીને વરસમાં ચાર દિવસ પોતાની દુકાનો બંધ રાખવા પ્રતિજ્ઞા કરી અને તે પ્રતિજ્ઞાપત્ર પર સહી કરી મહારાજશ્રીને આપવામાં આવ્યો.

ચાર દિવસો નીચે પ્રમાણે રાખવામાં આવ્યા.

**૧ સ્વર્ગવાસી આચાર્યશ્રી ૧૦૦૮ વિજયાનન્દસૂરિ મહારાજની સ્વર્ગતિથિ જેઠ સુદ ૮**

**૨ કાર્તિક શુદ ૧૫**

**૩ શ્રાવણ વદ ૧૨ પર્યુષણ**

**૪ ભાદરવા શુદ ૪ સંવત્સરી**

સનખતરાથી આપે વિહાર કર્યો અને નગરવાસીઓએ ચાતુર્માસ માટે પ્રાર્થના કરી. મહારાજશ્રીએ કહ્યું: “ તમારી વિનતિ હું ગુરુમહારાજ પાસે રજૂ કરીશ અને લાભકારી હશે તો જરૂર તમારી સેવામાં આવી પહોંચીશ.”

નારોવાલ જતાં સનખતરાથી હિંદુમુસલમાન ભાઈઓ અને બહેનોનો મોટો સમૂહ મહારાજશ્રી સાથે ચાલ્યો. અમૃતસરનિવાસી લાલા હરિચન્દ્રજી આ દ્રશ્ય જોઈ પ્રસન્ન થયા અને તેમણે જણાવ્યું કે આપશ્રી સનખતરા ચાતુર્માસ માટે પધારો તો હું પણ સનખતરામાં ચાતુર્માસ કરીશ; સાધર્મિવાત્સલ્ય કરીશ અને પ્રભુપૂજા ભણાવીશ. તેથી લોકોનાં મન રંજન થયાં.

નારોવાલમાં ધામધૂમથી પ્રવેશ થયો. ખુલ્લા મેદાનમાં વ્યાખ્યાન થયું. હિન્દુ-મુસલમાન, શિખ, ઈસાઈ વગેરે લોકો ઉપદેશમાં સમ્મિલિત થયા હતા.

હમેશાં જેઠ શુદ અષ્ટમીના દિવસે સ્વર્ગીય આચાર્ય શ્રી વિજયાનંદસૂરિ મહારાજનો જયન્તી મહોત્સવ થાય છે. આ વખતે પંચમીથી ઉત્સવ શરૂ થયો. નારોવાળમાં ભારે તૈયારી ચાલી. લોકોનો ઉત્સાહ તો અપૂર્વ હતો. ગુજરાનવાલાથી ભજનમંડળી વગેરે ઘણા ભાઈઓ આવ્યા. સનખતરાથી તો હિન્દુ અને મુસલમાન ભાઈઓ પણ આવી પહોંચ્યા. બહારથી ૧૫૦૦ જેટલા લોકો આવ્યા હતા. આસપાસના હજારો લોકો પણ ઉત્સવનો વરઘોડો જોવા આવી પહોંચ્યા.

જલુસમાં આર્યસમાજની ભજનમંડળી, અકાલી

સિખ્ખોની ભજનમંડળી, સનખતરાની હિન્દુ ભજનમંડળી, અને ગુજરાનવાલાની ભજનમંડળી આદિ ભજનમંડળીઓએ ખૂબ આનન્દ ફેલાવ્યો. હજારો લોકોમાં ઉત્સાહ ફેલાઈ ગયો. છઠના દિવસે વિરાટ સભા થઈ અને ગુરુ-મહારાજના પરમભક્ત વૃદ્ધ શ્રાવક લાલા અનન્તરામજી સનખતરાનિવાસીએ સભાપતિનું સ્થાન લીધું.

ભજનમંડળીઓએ લોકોને મુગ્ધ કરી દીધા. ગુરુ-મહારાજે ઓજસ્વિની ભાષામાં ગુરુદેવના સ્મરણો અને જીવન વિષે પ્રકાશ ફેંક્યો. શ્રોતાઓ પર ભારે અસર થઈ.

નારોવાલના ઉપદેશની કેવી સુંદર અસર થઈ, એ નીચેના દ્રષ્ટાંતથી જણાશે.

એક અકાળી સિખભાઈને ત્યાં લગ્નનો પ્રસંગ હતો. વિવાહમાં જાનને માટે કેટલાંક બકરાં રાખવામાં આવેલાં. આ ભાઈ હમેશાં વ્યાખ્યાનમાં આવતા. મહારાજશ્રીના વ્યાખ્યાનની તેમના ઉપર ભારે અસર થઈ. તેમણે પોતાની જાતિના લોકો અને સંબંધીઓને બોલાવી કહ્યું:

“ભાઈ, મારાથી આ કામ નહિ થાય. મારા હૃદયમાં એ કઠોરતા નથી. આવા નિરપરાધી જીવોનો જીભના સ્વાદ ખાતર વધ નહિ કરી શકું. તે મારાથી બનશે જ નહિ. તમે બીજી વસ્તુઓ મીઠાઈ વગેરેથી બધાનું સ્વાગત કરી શકો છો. તમને દુઃખ લાગે તો હું લાચાર છું, પણ મારાથી એ પાપકૃત્ય હવે નહિ જ થાય.”

બસ. પછી શું પૂછવું? જીવોને અભયદાન મળી ગયું.

આ ઉપરાંત ઘણાએ વિદેશી ખાંડનો ત્યાગ કર્યો. શુદ્ધ સ્વદેશી વસ્ત્રનું વ્રત ઘણાએ લીધું, ઘણાએ મદિરાત્યાગ કર્યો, ઘણાએ આજીવન માંસાહાર છોડયો.

ગુરુદેવ વિજયવલ્લભસૂરિજી અંબાલામાં બિરાજ્યા હતા. સનખતરાના હિન્દુ-મુસલમાન ભાઈઓ આવી પહોંચ્યા ગુરુદેવ પાસે મહારાજશ્રીના ચાતુર્માસ માટે પ્રાર્થના કરી. ગુરુદેવે આનંદપૂર્વક આજ્ઞા આપી અને બધા ભાઈઓ ખુશી ખુશી થઈ ગયા.

તે પ્રમાણે મહારાજશ્રીએ વિહાર કર્યો. નારોવાળથી કિલા સોભાસિંહ આવ્યા. અહીં લાલા સદાનંદજીના પરિશ્રમના સ્મરણરૂપ એક જિનમન્દિર છે. સ્યાલકોટ-નિવાસી લાલા પન્નાલાલજીના ઉદ્યોગથી જાહેર વ્યાખ્યાન થયું. દરેક જાતિના લોકો વ્યાખ્યાનમાં આવ્યા હતા. અહીંથી વિહાર કરીને આપ નુણાન ગામ આવ્યા. અહીં પણ દરેક જાતિના લોકો વ્યાખ્યાનમાં આવતા હતા.

# રાજદ્રોહની ગંધ

અહીંથી વિહાર કરી આપ સનખતરા પધાર્યા. સનખતરાના લોકો તો પોતાની ભાવના સફળ થયેલી જોઈને આનંદિત થયા. તેઓનો પ્રવેશ ખૂબ ધૂમધામથી કરાવ્યો. પ્રત્યેક સંપ્રદાયના લોકોએ હાર્દિક સ્વાગત કર્યું. સેંકડો લોકો વ્યાખ્યાનમાં આવવા લાગ્યા. ચાતુર્માસમાં ધર્મની પ્રભાવના થઈ. જૈનસમાજમાં તથા અન્ય સંપ્રદાયમાં જાગૃતિ આવી.

પ્રવેશના દિવસે લાલા હરિચન્દ્રજી લક્ષ્મણદાસજી અમૃતસરનિવાસી પણ પ્રતિજ્ઞા પ્રમાણે આવી પહોંચ્યા. ભગવદ્‌ભક્તિ, પ્રભાવના અને સાધર્મીવાત્સલ્ય ઉત્સાહપૂર્વક કર્યું.

સાધર્મી વાત્સલ્યમાં હિન્દુ-મુસલમાન ભાઈઓને પણ પ્રીતિભોજન કરાવ્યું તથા આખા નગરમાં ૫-૫ લાડુ ઘર



ચરિત્રનાયક
તથા
જૈન શ્વેતાંબર વિજયાનંદ કમીટી 'ગુજરાનવાલા'

દીઠ વહેંચ્યા. આખા નગરમાં કોઈ પણ ભંગી–ચમાર બાકી ન રહ્યા. બધા દેવસ્થાનોમાં એકએક રૂપિયો ભેટ ધર્યો. આનંદમંગળ થઈ રહ્યો. હર્ષની લહેર આવી ગઈ.

ચાતુર્માસમાં તેઓશ્રીના વ્યાખ્યાનમાં હજારો લોકો જમા થતા હતા. હિન્દુ, મુસલમાન, શીખ બધા ભાઈઓ આવતા હતા. કોઈ શુદ્ધ ખાદીનું વ્રત લેતા હતા, કોઈ મદ્ય છોડતા હતા, કોઈ માંસ છોડતા હતા, કોઈ બ્રહ્મચર્યવ્રત ગ્રહણ કરતા હતા, કોઈ કસાઈનું કામ છોડતા હતા. મહારાજશ્રીનો ઉપદેશ પ્રત્યેક સંપ્રદાયના લોકોને રૂચિકર અને પ્રિય થઈ પડચો હતો.

એ વખતે રાજકીય આંદોલન પણ ઠીક ચાલી રહ્યું હતું. રાજદ્રોહનો ભય અધિકારીઓને હેરાન કરી રહ્યો હતો. કોઈ દુષ્ટ આદમીએ થાણેદારને ખબર આપ્યા કે જૈન સાધુ રાજદ્રોહનાં વ્યાખ્યાનો કરે છે અને હજારો લોકો તેના વ્યાખ્યાનોમાં જાય છે.

સમાચાર પહોંચતાં જ એક ગુપ્તચરને વ્યાખ્યાનમાં મોકલવામાં આવ્યો. ગુપ્તચર આઠ દિવસ આવતો રહ્યો અને વ્યાખ્યાનની નોંધ લખતો લખતો બિચારો થાકી ગયો. વ્યાખ્યાનમાં અહિંસા, ધર્મ, શુદ્ધ વ્યવહાર, શુદ્ધ ખાદીમાં અહિંસા, જીવ પ્રત્યે પ્રેમભાવ, હિન્દુ–મુસલમાન શીખ બધાની ઐક્યતા તથા પવિત્ર જીવનની વાતો સાંભળી પેલો ગુપ્તચર પણ દિંગ થઈ ગયો.

તે બિચારો પણ મનુષ્ય હતો. પત્થર પણ પીગળે એવી વાણી જ્યાં ચાલતી હોય ત્યાં મનુષ્યનું શું ગજું!

સભામાં જ તે એકાએક ઊભો થઈ ગયો. લોકોને આશ્ચર્ય થયું કે જરૂર મહારાજશ્રીને આ ગુપ્તચર જેવો જણાતો માણસ રાજદ્રોહી ભાષણને બહાને હેરાન કરવાને મનાઈહુકમ લઈ ઊભો થયા હશે. લોકોમાં જરા ઉશ્કેરણી આવી ગઇ પણ મહારાજશ્રીએ બધાને શાંતિ રાખવા કહ્યું અને પેલા ગુપ્તચરને કહ્યું: ' કહો, મહાનુભાવ શું કહેવું છે ! મારા વ્યાખ્યાનમાં રાજદ્રોહની ગંધ આવે છે ખરી ! અને તમારી શાણી સરકારને એમ લાગતું હોય તો ચાલો હું તૈયાર છું."

ગુપ્તચર તો બિચારો આભો બની ગયો. બોલ્યો, "કૃપા-નિધાન, તમે તો મારા પરમ ઉપકારી ગુરુ છો. ધન્ય આપને ! આપના ઉપદેશામૃતનું પાન કરીને હું તો ધન્ય ધન્ય થઇ ગયો. કલ્યાણ થજો તે ભાઈનું જેણે આપના વિરુદ્ધ થાણામાં ખબર મોકલી ! એમ ન થયું હોત તો આ પાપીનું કલ્યાણ ક્યાંથી થાત ! આપના દર્શન અને આપના ઉપદેશનો લાભ ક્યાંથી મળત ! મારા જેવા પાપીનો ઉદ્ધાર કરો."

મુસલમાન ભાઇઓ, પીર સાહેબના શિષ્યો અને ત્યાં બેઠેલા જૈનજૈનેતર ભાઈઓ તો દિંગ બની ગયા, આશ્ચર્ય-ચકિત થઈ ગયા અને મહારાજશ્રીના પ્રભાવની ભૂરિ ભૂરિ પ્રશંસા કરવા લાગ્યા.

આ ચાતુર્માસમાં જે જે પુણ્યકાર્યો થયાં, તે પ્રશંસ-નીય ગણાય. માંસ–મદિરાનો ત્યાગ, સ્વદેશી વસ્ત્રની પ્રતિજ્ઞા વગેરે કાર્યથી આનંદ આનંદ વર્તી રહ્યો.

કાર્તિક શુદ ૧૫ ના દિવસે અહીંથી વિહાર કર્યો.

ગામની બહાર સરકારી શાળામાં મુકામ રાખ્યો. એકમને દિવસે અહીં મોટો મેળો ભરાયો. ૨૦–૨૫ હજાર મનુષ્યો એકત્રિત થયા હતા. શીખ લોકો અહીં ઠીક ઠીક પ્રચાર કરે છે. મહારાજશ્રીને પણ સભામાં આવવા વિનતિ કરવામાં આવી. મહારાજશ્રીએ હજારો લોકો સમક્ષ આત્માપરમાત્માના સ્વરૂપનું વિવેચન કર્યું. જનતા પર ખૂબ પ્રભાવ પડચો. અકાલી–શીખના જલસામાં પણ તેઓ ગયા અને ત્યાં પણ ઉપદેશ આપ્યો.

માગશર શુદ બીજના દિવસે આપશ્રીએ જમ્મુની તરફ વિહાર કર્યો. જફરવાલ આવ્યા. અહીં જૈનોનું એક પણ ઘર નથી, પણ લોકોએ જાણ્યું કે સનખતરાના મહાત્મા પધાર્યા છે, એટલે લોકો દર્શનાર્થ દોડી આવ્યા. લોકોને મહારાજશ્રીએ ઉપદેશ આપ્યો અને અહિંસા ધર્મને દૃષ્ટાંતો આપીને સમજાવ્યો. એક વૃદ્ધ પુરુષ બોલી ઊઠચાઃ

" મહારાજ, ઘણાં વર્ષો પહેલાં આપના ગુરુ મહારાજ શ્રી વલ્લભવિજયજી મહારાજની વાણી સાંભળીને મને શાંતિ થઈ હતી, તેવી આજે તમારાં વચનો સાંભળી થઈ. ધન્ય છે આપને! અમને જૈન ધર્મ પર પ્રેમ થયો છે અને જૈન સાધુ તરફ આદર ભાવ થયો છે."

અહીંથી ગ્રામાનુગ્રામ વિહાર કરતા કરતા, ધર્મોપદેશ દેતા દેતા મહારાજશ્રી કાશ્મીરની રાજધાની જમ્મુમાં પધાર્યા. જમ્મુ તો તેમની જન્મભૂમિ. અહીં એક જૈન મંદિર છે તથા ૮–૧૦ શ્રાવકોનાં ઘર છે. સ્થાનકવાસી ભાઈઓનાં ઘર ૧૫૦ લગભગ છે. અહીંના રહીશ લાલા સાંઈદાસ

પૂર્ણચન્દ્ર અને લા. વધાવામલજીને નવપદજીનું ઉદ્યાપન કરવું હતું, તે માટે સનખતરામાં મહારાજશ્રીને વિનંતિ કરી હતી.

મહારાજશ્રી અહીં દોઢ મહિનો રહ્યા. તેઓની પાસે સ્થાનકવાસી ભાઈઓ પણ આવતા હતા. કોઈ પ્રેમથી, કોઇ આકર્ષણથી, કોઈ વિદ્વતાની પરીક્ષા કરવા, કોઈ જૂના સ્નેહસંબંધને લઈને, કોઇ ગુણાનુરાગને લઈને પણ લગભગ જમ્મુની જનતાનો મોટો ભાગ મહારાજશ્રીની વાણી સાંભળવા આવતો હતો.

મન્દિરના વિશાળ ચોકમાં 'જૈનધર્મ અને આપણું કર્તવ્ય' એ વિષય ઉપર મહારાજશ્રીએ–તાવ આવેલો છતાં બે કલાક વ્યાખ્યાન આપ્યું. લોકો તો મુગ્ધ થઈ ગયા. તેઓ તો કહેવા લાગ્યા કે જૈનધર્મ વિષે અમને તો આવો ખ્યાલ જ નહોતો. મહારાજશ્રીએ જૈનધર્મને બદલે સત્યધર્મ, મનુષ્યધર્મ અને દયાભાવ વિષે એવું સ્પષ્ટ વ્યાખ્યાન આપ્યું અને વિદેશી ખાંડ, માંસ, મદિરા, વિદેશી વસ્ત્ર વિષે એવી રસીલી ભાષામાં ઉપદેશ આપ્યો કે લોકો તો ચકિત થઇ ગયા. ઘણાએ માંસ–મદિરાનો ત્યાગ કર્યો. કોઈએ વિદેશી ખાંડ અને ઘણાએ વિદેશી કપડાં છોડયાં.

પોષ વદમાં લાલા સાંઈદાસ પૂર્ણચન્દ્ર તથા લાલા વધાવામલે પ્રેમપૂર્વક નવપદજીનું ઉદ્યાપન કર્યું.

ઉદ્યાપન પ્રસંગે ગુજરાનવાલાથી પં. શ્રીવિદ્યાવિજયજી અને શ્રી વિચારવિજયજી આવ્યા હતા. તેમજ કસૂર, લાહોર, પટ્ટી, નારોવાલ, સનખતરા, ગુજરાનવાલા, હોશિયારપુર અને રામનગર આદિ શહેરોથી ૭૦૦–૮૦૦

બહેનભાઈઓ આવ્યાં હતાં. રથયાત્રાનો વરઘોડો બહુ જ ઠાઠમાઠથી નીકળ્યો હતો. સરકારી બેંડ, જુદા જુદા શહેરોની ભજનમંડળીઓ વગેરેથી નગર આખું શોભી રહ્યું હતું. હજારો માણસો જલૂસ જોવા આસપાસનાં ગામોથી આવ્યાં હતાં. ભગવાનની પાલખીને નગરજનો વધાવતાં હતાં અને ભાવિકજનો રૂપિયા ને નારિયેળ ચડાવતાં હતાં.

આ ઉદ્યાપન પ્રસંગે લગભગ પંજાબનો શ્રીસંઘ સમસ્ત પ્રસંગે આવ્યો હતો. આગેવાનો પણ હાજર હતા. તે મહારાજશ્રીએ વ્યાખ્યાન આપ્યું તે આજે પણ પ્રત્યેક પંજાબી ભાઈબહેનના હૃદયમાં ગુંજે છે.

"પંજાબ શ્રી સંઘના સમસ્ત ભાઈબહેનો, યુવકો અને હિતચિંતકો, સમાજપ્રેમી અને શિક્ષણપ્રેમી સજ્જનો! યાદ છે ગુરુવર્યની પ્રતિજ્ઞા! યાદ છે ગુરુકુળની યોજના! ગુરુમહારાજને પંજાબ માટે કેવો અસીમ પ્રેમ છે તે જાણો છો? તેમના ત્યાગની વાતો તમે સાંભળી છે? આખા યે પંજાબની સૂરત બદલવાના એ મહર્ષિના કોડ છે તે ખ્યાલમાં છે? ગુરુકુળ દ્વારા સમાજમાં જાગૃતિ લાવવાના ગુરુદેવના અભિલાષ હું અને મારો આત્મા જ જાણે છે. સ્વર્ગવાસી ગુરુદેવ શ્રી આત્મારામજી મહારાજની અંતિમ ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવાની ગુરુવર્યની ઈચ્છા છે. પંજાબ શ્રી સંઘ શું જવાબ આપે છે? પંજાબના ભાઈબહેનો પોતાના આ પરમ પ્રિય ગુરુકુળ માટે ક્યારે દાન વર્ષા વરસાવે છે? સાંભળો, બરાબર સાંભળો! આજથી મારે પણ છ વિગયનો ત્યાગ છે અને આહારમાં માત્ર પાંચ દ્રવ્ય જ રાખીશ.

ગુરુકુળ મારા જીવનનું મહદ્ કાર્ય છે. તેની ખાતર થાય તેટલી તપશ્ચર્યા કરવાની તમન્ના જાગી છે.”

શ્રી સંઘના સર્વ ભાઇબહેનો ગદગદિત થઇ ગયાં. હર્ષાશ્રુની ધારા વહી નીકળી. મહારાજશ્રીના ત્યાગની ભૂરિભૂરિ પ્રશંસા થવા લાગી. શ્રી સંઘ પણ પ્રતિજ્ઞા સાંભળી વિચારમાં પડી ગયો. કાંઇક કરવું જોઈએ તેવા પવિત્ર વિચારો લઇ ને સભા વિસર્જન થઈ.



## સાધુતાનો સંદેશ

"મહારાજ નમસ્કાર!" થાણેદાર લાલા લેખરાજજી તથા મ્યુનિસિપલ કમીટીના પ્રધાન લાલા અમીચંદજી ખંડેળવાળા મહારાજશ્રીની પાસે આવ્યા અને નમસ્કાર કર્યા.

"ધર્મલાભ! આજે ફુરસદ મળી ગઈ. સારું થયું. અહીં વ્યાખ્યાનમાં ઠીક માણસો આવતા જાય છે. લોકોને ધર્મ પર સારો પ્રેમ જાગ્યો છે." મહારાજશ્રીએ જણાવ્યું.

"મહારાજશ્રી, આપ શુદ્ધ સ્વદેશીનો પણ ઉપદેશ કરો છો કે?" થાણેદારે પૂછ્યું.

"જરૂર, એ તો અમારો ધર્મ છે. વિલાયતી કપડામાં કેટલી બધી હિંસા થાય છે, અને હિંસાથી બનેલાં કપડાં

અમારા જૈનોથી કેમ વપરાય? આ ઉપદેશ તો જરૂરી છે.” મહારાજશ્રીએ સ્પષ્ટતા કરી.

“ પણ મહારાજ, તમે બીજો પણ ઉપદેશ કરો છો?”

“ હા! હા! અમારો તો ધંધો જ છે ઉપદેશ કરવાનો. માંસમદિરાથી આત્મા કલુષિત થાય છે, જીવન શુદ્ધ નથી થઇ શકતું. જ્યારે કુદરતે હજારો મેવા–મીઠાઈ, ધનધાન્ય, ફળફૂલ આપ્યાં છે તો પછી જીવતાં પ્રાણીઓની હિંસા શા માટે કરવી જોઈએ! આપણામાં જે જીવતત્ત્વ છે તે જ જીવતત્ત્વ પ્રાણીઓમાં છે!” મહારાજે અહિંસાની વ્યાખ્યા કરી.

“ ક્ષમા કરો કૃપાનિધાન! મને ક્ષમા કરો. હું તો આવ્યો હતો તપાસ કરવા કે અહીં રાજદ્રોહનો શો ઉપદેશ ચાલે છે, પણ આજે તો હું આપની વાણી સાંભળી પવિત્ર થયો. મને તો આજે પરમ શાંતિ થઈ. મને જ આપ આપનો શિષ્ય માનો ને માંસાહારની પ્રતિજ્ઞા આપો.” થાણેદાર ગળગળા થઇ ગયા.

“ મને પણ ચામડાના જોડા ન પહેરવાની પ્રતિજ્ઞા આપો!” લાલા અમીચંદજી બોલ્યા.

“ ધન્યવાદ! તમે ભદ્ર પુરુષો છો. તમારું કલ્યાણ થશે.” મહારાજશ્રીએ આશીર્વાદ આપ્યો. બન્ને નમસ્કાર કરીને ગયા અને પરમ શાંતિ અનુભવવા લાગ્યા.

એક દહાડો એક પીર સાહેબ આવ્યા. એમને જોઇ તેઓ બોલી ઊઠ્યા:

“ પધારો પીર સાહેબ! આપ આનંદમાં કે! અહીં

અમારે દ્વાર આપ ભૂલા તો નથી પડ્યા ને?" મહારાજશ્રીએ પીર સાહેબનું સ્વાગત કર્યું.

"હું અહીં તકિયામાં આવ્યો છું. મુસલમાન બિરાદરોને ત્યાં ભોજન માટે આવ્યો હતો. આપની પ્રશંસા સાંભળી શિષ્યો સાથે વાર્તાલાપ માટે આવ્યો છું." પીર સાહેબે આવવાનું કારણ જણાવ્યું.

"બહુ જ આનંદ થયો. આપ પણ ખુદાના બંદા છો અને અમે પણ ખુદાના બંદા છીએ. લોકોને જીવનમાર્ગ બતાવવો એ અમારું–તમારું કાર્ય છે." મહારાજશ્રીએ જણાવ્યું.

"વાત તો બરાબર છે, તમારા ત્યાગની વાતો સાંભળી મને તમને મળવાની ઇચ્છા થઈ આવી. મને આનંદ થયો."

"પીર સાહેબ! જ્યારે આપ મિત્રભાવે પધાર્યા છો તો હું પણ મિત્રભાવે આપને કહીશ. હું કાંઈ એવો ત્યાગી નથી, અમારા ભગવાન તો મહા ત્યાગી હતા. મારે તો ખાવા, પીવા, પહેરવા જોઇએ છે, પણ અમારા ધર્મ પ્રમાણે અમારાથી બનતું કરીએ છીએ." મહારાજશ્રીએ પોતાના ધર્મની વિગત જણાવી.

"તમે મિત્રભાવે જે કહેશો તે હું સાંભળીશ અને તેમાંથી જરૂરી ગ્રહણ કરીશ, તમે વિના સંકોચે કહો."

"પીર સાહેબ! મને માફ કરશો કે! હું તો આપને જ ઉદ્દેશીને કહીશ. આ કપડાં આપે પહેર્યાં છે તે વિદેશી જ છે, તેમાં પશુની ચરબી વપરાય છે. આપ તો પીર સાહેબ છો, ખોટું ન લગાડશો.

દ્વેષ બુદ્ધિથી નહિ, માત્ર પ્રેમભાવેજ કહું છું. હજારો લોકો આપની આજ્ઞામાં છે. આપ જો ત્યાજ્ય વસ્તુઓ છોડો તો અનુયાયીઓ તો જરૂર છોડે. વિદેશી ખાંડ પણ ત્યાજ્ય થાય છે. વળી એક વાત રહી જાય છે. જો કપડા પર એક ખૂનનો ડાઘ પડે તો તે કપડાથી કરેલી નમાજ ખુદાને મંજૂર નથી થતી. હું તો સાચી વાત કહેવામાં શરમ નથી માનતો. આપ ખુદાના સાચા પીર થવા માગો છો, નમ્ર છો, સરલ છો, અને શાણા છો, તેથી જ આટલું કહું છે. વળી મારી જીદ પણ નથી. તમને જે રૂચે તે ગ્રહણ કરો, બાકી મારી પાસે છોડી જશો. માફ કરશો, આપને તકલીફ થઈ હોય તો!" મહારાજશ્રીએ સાફ સાફ શબ્દોમાં મિષ્ટ ઉપદેશ આપ્યો.

"તમારી વાત મંજૂર છે. મને ખૂબ આનંદ થયો. આજથી ત્યાજ્ય વસ્તુઓનો ત્યાગ કરીશ."

જમ્મૂમાં સ્થાનકવાસી સમાજ અને મૂર્તિપૂજક સમાજમાં કલેશ હતો. એક દિવસ સ્થાનકવાસી સમાજના આગેવાનો માજી દીવાન લા. વિશ્નુદાસજી તથા લા. કાશીરામજી મહારાજશ્રીની પાસે આવ્યા. વંદણા કરી તેઓએ જણાવ્યું, "મહારાજશ્રી, અમારા વચ્ચેનો આ કલેશ મટવો જોઈએ, અમને એથી દુઃખ થાય છે."

મહારાજશ્રીએ જણાવ્યું: "તમારા જેવા આગેવાનોને દુઃખ થવું જ જોઈએ, પણ માત્ર વાતોથી કલેશ ન મટી શકે. તે માટે બન્ને સમાજના ભાઈઓએ પ્રયત્ન કરવો જોઈએ."

તેઓએ કહ્યું : “ મહારાજશ્રી, આપ જેવા મહાત્મા અમારા શહેરમાં પધાર્યા એ અમારું સૌભાગ્ય છે. અને હવે કલેશ રહે તે ઠીક નહિ.” મહારાજશ્રીએ જણાવ્યું; “ મારી તો એજ ઈચ્છા છે. તમે ખાતરી રાખો ! હું તો કોઈ પણ જગ્યાએ કુસંપ જોઈ જ શકતો નથી. મારો અંતરાત્મા તેનાથી વલોવાઈ જાય છે. તમે નહિ હું જ તે માટે શરૂઆત કરવા તૈયાર છું. સાંભળો ! દેશ, જાતિ અને સમાજને ઉન્નત બનાવવામાં મિલાપની પૂરી આવશ્યક્તા છે, પણ અભિલાષાને કાર્યરૂપમાં લાવવા પ્રયત્ન કરવો જોઈએ.”

બન્નેએ કહ્યું: “ ગુરુદેવ ! અમારી પણ એ જ ઈચ્છા છે. જ્યારે હિન્દુ–મુસલમાન આપસમાં મળી રહ્યા છે તો વીર પ્રભુના ભક્તો અમે કેમ ન મળીએ ! ”

મહારાજશ્રીએ કહ્યું: “ ત્યારે હું જ શરૂઆત કરું છું. કાલે જ તમારા સાધુ મહારાજ શ્રી. મોતીલાલજી સ્યાલકોટથી આવે છે. હું મારા શ્રાવકોને કહું છું કે તેઓ તેમનું સ્વાગત કરવા જશે, તેમનું વ્યાખ્યાન સાંભળશે, તેમને આહારપાણી વહોરાવશે અને તેમને વિદાય પણ આપશે. આ રીતે કોઈ પણ સાધુ–સાધ્વી આવે તો તે પ્રમાણે વ્યવહાર કરશો, પછી મેળ થતાં વાર કેટલી ! હું તો સ્થાનકમાં આવીને પણ ઉપદેશ આપી શકું છું. મનુષ્ય માત્રને ઉપદેશ કરવો અને સન્માનદર્શક થવું એ અમારું પ્રથમ કર્તવ્ય છે. બોલો, શું વિચાર કરો છો ! ”

બન્ને આગેવાનો મહારાજશ્રીના આ વચનો સાંભળી ચૂપ થઈ ગયા. શું બોલે ! છેવટે ધીમેથી બોલ્યા; “ મહારાજ આપનું કહેવું તો યથાર્થ છે.”

આ વાતને થોડાએક દિવસો વીત્યા.

"લાલાજી, મેં સાંભળ્યું છે કે તમારા સ્થાનકમાં શ્રી મોતીલાલજી મહારાજનું વ્યાખ્યાન છે. તે માટે દીવાલપત્રો પણ નીકળ્યાં છે, તો પછી મારી ઈચ્છા પણ ત્યાં આવવાની છે. સ્થાનકમાં સાર્વજનિક વ્યાખ્યાન હોય તો અમારે માટે પ્રતિબંધ ન હોવો જોઈએ. તમે પૂછી તો જુઓ. તમારા આગેવાનો અને મહારાજશ્રી શું કહે છે?" મહારાજશ્રીએ સ્થાનકવાસી આગેવાન લાલા કર્મચંદજી તથા લાલા મેઘામલજીને બોલાવીને કહ્યું.

"મહારાજશ્રી! તે માટે અમારે ત્યાં કાફી ચર્ચા થઇ ચૂકી છે. અમને તો તેમાં કશો વિરોધ નથી, પણ અમારા કેટલાક ભાઈઓ તેમાં ધર્મની હાનિ માને છે." આગેવાનોએ સંકોચ સહિત જવાબ આપ્યો.

"ભાગ્યશાળી! હું તો જાણું છું કે આપણે ભગવાન મહાવીરના પુત્રો હોવાનો દાવો કરનારા જ પોતાના એક જ ધર્મગુરુને પણ સાંભળી નથી શકતા! મને દુઃખ એટલા જ માટે થાય છે કે તમારામાં કોઇને તમારા મુનિમહારાજને સ્પષ્ટ કહેવાની હિંમત નથી." ઉપાધ્યાયજીએ રોકડું પરખાવી દીધું.

જમ્મુથી વિહાર કરી આપ સ્યાલકોટમાં પધાર્યા. અહીં તો સ્થાનકવાસી ભાઈઓ જ રહે છે—અહીં સ્થાનક-

વાસી શ્રાવક લદ્ધેશાહના મકાનમાં મહારાજશ્રી ઊતર્યા. આ સમયે પ્લેગ ચાલતો હતો. લોકો બહારગામ ગયેલા, પણ મહારાજશ્રીના વ્યાખ્યાનમાં સારી ભીડ રહેતી. કોંગ્રેસ કમીટીના મંત્રીના આગ્રહથી રામતલાઈ જ્યાં દેશના મહાન નેતાઓ વ્યાખ્યાનો આપે છે ત્યાં બે સાર્વજનિક વ્યાખ્યાનો થયાં.

અહીં ઘણા વખતથી સ્થાનકવાસી સાધુશ્રી બાલચંદજી સ્થાનાપતિના રૂપમાં રહેતા હતા—મહારાજશ્રીનો ઈરાદો હતો કે પોતે સ્થાનકમાં વ્યાખ્યાન આપે. લા. પાલામલને મહારાજશ્રીએ શ્રી લાલચંદજી મહારાજ તથા આગેવાનોને પોતાની ભાવના જણાવવા કહ્યું પણ સંપ્રદાયના વ્યામોહના કારણે મહારાજશ્રીની ઉદાર ભાવના તેઓ ન સમજી શક્યા.

અહીંથી વિહાર કરી વઝીરાબાદ, ગુજરાત વગેરે શહેરોમાં વિચરતા વિચરતા જહેલમના શ્રીસંઘના આગ્રહથી મહારાજશ્રી જહેલમ પધાર્યા. સંઘે મહારાજશ્રીનું સુંદર સ્વાગત કર્યું. નગરના દરેક જાતિના લોકોએ પ્રવેશ સમયે ભાગ લીધો. વ્યાખ્યાનોમાં શહેરના દરેક જાતિના લોકો આવવા લાગ્યા. કેટલાક ભાઈઓ પ્રશ્નો પૂછી સમાધાન મેળવવા લાગ્યા. અહીં વસન્ત પંચમીએ મોટો મેળો ભરાય છે—તેમાં મહારાજશ્રીને આગ્રહપૂર્વક લોકો બોલાવી ગયા અને ત્યાં મેળામાં હજારો લોકોને સાદી સીધી ભાષામાં ઉપદેશ આપ્યો. જૈન સાધુને મેળામાં વ્યાખ્યાન આપતા જોઈને બીજા સાધુબાવાઓ વગેરે દિંગ થઈ ગયા. અઢારે વર્ણના લોકો મહારાજશ્રીની મધુર મીઠી વાણી સાંભળી મુગ્ધ થઈ ગયા.

અહીં સાથે રહેલા શ્રી સમુદ્રવિજયજીએ સ્થાનકવાસી સાધુશ્રી લક્ષ્મીચંદજી મહારાજને મળતાં સુખશાતા પૂછી.

"જી હા! આપ, ગુરુવર્ય સુખશાતામાં કે!" શ્રી લક્ષ્મીચંદજી મહારાજે વિનય કર્યો.

"આપે જાણ્યું હશે કે આજે ગુરુમહારાજ જહેલમ નદીના તટ પર જાહેર વ્યાખ્યાન આપવાના છે. અને આશ્ચર્યની વાત તો એ છે કે તેના સભાપતિનું સ્થાન આર્યસમાજી નેતા લા. ઠાકુરદાસજી લેવાના છે." સમુદ્રવિજયજી મહારાજે જણાવ્યું.

"શું કહો છો! સાચી વાત કે!" લક્ષ્મીચંદ્રજીએ આશ્ચર્ય જણાવ્યું.

"હા! હા! તદ્દન સાચી વાત—અને મારી તો વિનતિ છે કે તમે તમારા ગુરુશ્રી સાથે ત્યાં પધારો. આનંદ થશે, ધર્મની પ્રભાવના થશે." સમુદ્રવિજયજીએ આમંત્રણ આપ્યું.

"આપની વાત તો સારી છે, પણ હું મારા ગુરુશ્રીને વાત કરીશ અને આજ્ઞા મળશે તો જરૂર આવીશું."

જહેલમ નદીના તટ પર ભારે ગીરદી જામી હતી. હજારો લોકો વહેલાં વહેલાં આવી બેસી ગયાં છે. સ્વયંસેવકો વ્યવસ્થા જાળવી રહ્યા હતા. લા. ઠાકુરદાસજી મિત્રમંડળી સાથે આવ્યા છે. જૈન શું કે આર્યસમાજી શું! સિખ શું કે હિન્દુ શું! બધા આવ્યા છે અને વચ્ચે મહારાજશ્રી શોભી રહ્યા છે.

મહારાજશ્રીએ 'જૈન ધર્મે સંસારને શું આપ્યું' તે વિષય પર જોશીલી ભાષામાં વ્યાખ્યાન આપ્યું.

"જૈન ધર્મ એ સત્ય ધર્મનો શબ્દાર્થ છે. જ્યારે જગતમાં હિંસાનું સામ્રાજ્ય હતું ત્યારે અહિંસાનો ગગનભેદી સંદેશ સંસારની શેરીએ શેરીએ અને ગામેગામ ભગવાન મહાવીરે ફેલાવ્યો. દુઃખી જગતને શાંતિનો પાઠ આપ્યો અને આ જગતના જીવન–કલહોમાંથી છૂટવાનો એક માત્ર માર્ગ (નિવૃત્તિપરાયણ જીવન) ની ભેટ આપી. આ શરીર તો એક ભાડૂતી ઘર છે. તેને છોડીને બધાને ચાલ્યા જવાનું છે. આત્મા પોતપોતાના કર્મનો ભોક્તા છે. ઊંચાં કર્મવાળો ઉચ્ચ ગતિ મેળવશે, નીચ કર્મવાળો નીચ ગતિ મેળવશે. સંસારના બધા જીવો સમાન છે. જૈનધર્મનો સંદેશ અહિંસા, સમાનતા, દયા અને શાંતિમાં આવી જાય છે. પ્રાણીમાત્રનું કલ્યાણ એ મહાન સૂત્ર જગતને જૈન ધર્મે આપ્યું છે."

આ પ્રમાણે વિવિધ દૃષ્ટાંતોથી લોકોને પ્રભાવિત કરી દીધા. લોકોએ તાળીઓના ગડગડાટથી મહારાજશ્રીની વાણીને વધાવી લીધી.

પ્રમુખ શ્રી લા. ઠાકુરદાસજીએ સમાલોચના કરતાં જણાવ્યું :—

"મહારાજશ્રીના આ ઉદાર વિચારથી તથા તેમની મધુર વ્યાખ્યાન શૈલીથી હું મુગ્ધ થયો છું. મહારાજશ્રીએ અનેક દૃષ્ટાંતો આપી આપણને બધાને પોતાના બનાવી દીધા છે.

"જો કે હું આર્યસમાજી છું અને વૈદિક ધર્મ પર વિશ્વાસ કરવાવાળો છું; તથાપિ જૈનધર્મ પર મને બહુ પ્રેમ

છે. મેં જૈન ધર્મનાં પુસ્તકો વાંચ્યાં છે. જૈન ધર્મ ભારતવર્ષના મુખ્ય ધર્મોમાંનો એક છે. જો ભારતવર્ષમાં જૈન ધર્મનો અધિક પ્રચાર ન હોત તો અહિંસાનું નામનિશાન મટી જાત. જૈન ધર્મના સાધુ પવિત્ર, સદાચારી તેમજ કંચન અને કામિનીના ત્યાગી હોય છે.

"મેં જૈનાચાર્ય શ્રી હેમચંદ્રસૂરિનું જીવનચરિત્ર વાંચ્યું છે. તે અદ્વિતીય વિદ્વાન હતા. તેમની ધારણાશક્તિ કેટલી બધી ઉચ્ચ અને તેજ હતી તે કહેવું મુશ્કેલ છે. તેમણે પોતાના સ્વલ્પ જીવનમાં સાડાત્રણ કરોડ શ્લોક વિવિધ વિષય પર બનાવ્યા છે.

"સંસ્કૃત સાહિત્યમાં એવો કોઇ વિષય બાકી નથી જે વિષય ઉપર તેમણે પુસ્તક ન લખ્યું હોય."

આ પછી સભા વિસર્જન થઈ. સ્થાનકવાસી મહારાજશ્રી તો આવ્યા નહિ અને જ્યારે પૂછાવ્યું ત્યારે જવાબ મળ્યો કે અમારા ગુરુની આજ્ઞા મંગાવ્યા સિવાય અમારાથી ન અવાય.

જહેલમમાં મહારાજશ્રીના પ્રયાસથી શ્રી આત્માનંદ જૈન સભાની સ્થાપના થઇ. ઘણા ભાઈબહેનોએ વિદેશી ખાંડનો પરિત્યાગ કર્યો. જહેલમથી વિહાર કરી મહારાજશ્રી પિન્ડદાદનખાં પધાર્યા. પ્રત્યેક જાતિના લોકોએ પ્રવેશમાં ભાગ લીધો. આપ ત્યાંના ક્ષાત્રય બા. નાનકચંદજીના મકાનમાં ઊતર્યા.



# અદ્‌ભુત જાદુગર

"મહારાજશ્રી, આપ અમારા ગામમાં પધાર્યા તેથી અમને બહુ જ આનંદ થયો. આપે બજારમાં વ્યાખ્યાનો આપ્યાં, આર્યસમાજ મંદિરમાં પણ વ્યાખ્યાન આપ્યું અને ખરેખર અમારા ઉપર આપે અત્યંત ઉપકાર કર્યો; પણ મહારાજશ્રી મારી એક વિનતિ સાંભળશો ?" એક યુવાને મહારાજશ્રીને પ્રશ્ન કર્યો.

"અરે હા ! શા માટે નહિ ! એક શું અનેક વાત સાંભળવા તૈયાર છું ! જો આ કાયાથી કોઇપણ જીવનું કલ્યાણ થતું હોય તો જરૂર કરીશ." મહારાજશ્રીએ જવાબ આપ્યો.

"ગુરુદેવ! અમારા ગામમાં આપસમાં બહુ વિદ્વેષ છે. નથી ભાઈ–ભાઈમાં મેળ, કાકા–ભત્રીજા વર્ષોથી લડે છે; અમારા બે આગેવાનોને તો ભારે વેર ચાલે છે! અરે, એટલું જ નહિ પણ ચાર છ ઘર જૈનીઓનાં છે, તેમાં પણ મેળ નથી." યુવકે સ્પષ્ટ હકીકત કહી.

"તમે આ બધું સાચું કહો છો? આ નાના ગામમાં આવો કુસંપ! ખરેખર દુઃખની વાત છે. ભાઈ હું આ વાત સાંભળીને હેરાન થઈ ગયો છું, પણ હું આ માટે પૂરો પ્રયત્ન કરીશ. તમે નિશ્ચિંત રહો." મહારાજશ્રીએ સાંત્વન આપ્યું.

મહારાજશ્રી આખો દિવસ ઉદાસ રહ્યા. ન કર્યો આહાર, ન ગયા બહાર! વ્યાખ્યાન પણ ન આપ્યું અને વિચારમગ્ન રહ્યા. એકાંતે શાંતિપૂર્વક ઉપાય શોધવા લાગ્યા અને આશાનું કિરણ પ્રગટ્યું.

બીજે દિવસે સવારમાં તર્પણી લઈને ગયા ભત્રીજાને ત્યાં.

"ધર્મલાભ!"

"પધારો પધારો ગુરુદેવ!"

"અરે મહારાજ પધાર્યા છે. જુઓ તો દૂધ–રાબ જે હોય તે ગુરુદેવને માટે જલદી લાવો."

"ભાઈ! હું ગોચરી નથી નીકળ્યો, પણ ખાસ વિચારપૂર્વક આવ્યો છું."

"કહો કહો, ગુરુદેવ! શું હુકમ છે, આપને જે ચીજની જરૂર હોય તે આપ સુખેથી માગો. સેવક હાજર કરશે."

"મહાનુભાવ! મારી ચીજ તો બહુ મોંઘી છે, તે

તમો નહિ આપી શકો !"

"સાહેબ ! આપ શું કહો છો ? આપ જેવા ગુરુથી શું વિશેષ છે. જે જોઈએ તે સત્વર માગી લો."

"એમ કે ? કબૂલ છે કે ? તો આજે બપોરના ઉપાશ્રયે આવશો ? ત્યાં જ જણાવીશ." મહારાજશ્રીએ રહસ્યમાં કહ્યું.

"જરૂર આવીશ !"

અને તેજ ક્ષણે ગયા કાકાજીને ત્યાં—

કાકાએ પણ મહારાજશ્રીનું સ્વાગત કર્યું. દૂધ વગેરે વહોરવા પ્રાર્થના કરી પણ મહારાજશ્રીએ જણાવ્યું: "લાલાજી ! મારે આપને ત્યાંથી ઉમદા ગોચરી લેવી છે. આપશો કે !"

"અરે ભગવાન, આપ આ શું મશ્કરી કરો છો !"

"હા, હા, હું સાચું જ કહું છું. આજે તો નહિ પણ કાલે ગોચરી વહોરવા આવીશ, જો તમારો સાચો ભાવ હશે તો !"

"એમ શું કહો છો, સ્વામી ! તમે શું કહો છો તે સમજાતું નથી."

"આજે બપોરના ઉપાશ્રયે આવશો ?"

"હા, હા, જરૂર."

"ત્યારે મારો ઈરાદો સમજાવીશ."

તરત જ પગથિયાં ઊતરી ચાલ્યા આવ્યા ઉપાશ્રયે.

બપોરના મહારાજશ્રી ટપાલ વાંચે છે ત્યાં ભત્રીજો આવ્યો અને તેમણે મહારાજશ્રીને વંદન કર્યું અને પૂછ્યું. "મહારાજશ્રી, શી આજ્ઞા છે આ સેવકને !

“ ધર્મલાભ ! આવ્યા કે ! બહુ જલદી આવ્યા ! સારું ! બેસો. ” આદરભાવપૂર્વક પાસે બેસાડીને પછી કહેવા માંડયું.

“ જુઓ ભાઈ! હું તો છું સાધુ, અમારે તમારા ગૃહસ્થના કામમાં પડવું ન જોઈએ, પણ આપદ્ધર્મ પણ આવે છે. આજે મને સાંભળીને દુઃખ થાય છે કે તમે કાકો–ભત્રીજો વર્ષોથી લડો છો. તમારા જેવા જુવાનને તે શોભે !” હજી તો આ વાત ચાલે છે ત્યાં કાકાએ પગ મૂકયો અને વંદન કર્યું. ભત્રીજાને મહારાજ પાસે જોઈ કાકાને આશ્ચર્ય થયું અને તે બીજા મહારાજ પાસે જવા લાગ્યા.

“ કેમ લાલાજી ! બેસો બેસો, આ તમારા ભત્રીજા કે ? ”

લાલાજી હવે શું બોલે ! બેસવું પડયું.

“ જુઓ લાલાજી ! મારે તમારે ત્યાંથી કાલે ગોચરી લેવાની છે ને ! અને તમારા ભત્રીજાને ત્યાંથી પણ લેવાની છે. હવે ઘણાં વર્ષો થયાં. આપસમાં આ ન શોભે. મન-દુઃખ બન્ને ભૂલી જાઓ અને આજથી એકબીજાના સુખે સુખી ને દુઃખે દુઃખી થાઓ. હું તો નિમિત્ત માત્ર છું, પણ મને આ કલેશથી દુઃખ થાય છે.” મહારાજશ્રીના શબ્દોથી બન્નેની આંખમાં આંસુ ઉભરાઇ આવ્યાં.

“ મહારાજ, આપની આજ્ઞા શિરોધાર્ય છે. અમે બન્ને આપની આજ્ઞાથી વિદ્વેષ કાઢી નાખીએ છીએ. આપ ભલે અહીં પધાર્યા.”

“ચાલો આનંદ થયો. હવે તો મારે કાલે ગોચરી આવવું જ પડશે.”

બંનેને વિદાય કર્યા. બીજો દિવસ થયો.

સભા બેઠી છે. વ્યાખ્યાન ચાલે છે. પોરસી ભણાવાઇ ગઈ અને મહારાજશ્રીએ સભાને એક દ્રષ્ટિએ જોઈ લીધી. આગેવાનો આગળ બેઠા છે અને જુવાનો પણ બેઠા છે. બહેનોની સંખ્યા પણ વિશેષ છે.

મહારાજશ્રીએ કહ્યું: "સુણો ભાઈઓ! આજે એક વાતનો મારે આખરી ફેંસલો કરવો છે. લાલા નાનકચન્દ્રજી મોટા રહીશ છે અને ઠાકુર સાહેબ તો ક્ષત્રિય વીર કહેવાય. બન્ને મહાનુભાવોને મેં ખૂબ સમજાવ્યા પણ તેઓ સમજતા નથી. મેં પણ નિર્ણય કર્યો છે કે આમ ક્યાં સુધી ચાલવા દેવું, તેથી તો તમારા ગામમાંથી આપસના કલેશ જતા નથી. તો ભાઈઓ, આપ લોકો એ વાતનું પણ કરો કે જ્યાં સુધી એ બન્ને મહાનુભાવો આપસમાં એક બીજાને પ્રેમપૂર્વક મળે નહિ ત્યાં સુધી આપણે બધાએ અન્નજળનો ત્યાગ કરવો."

આ ભીષણ વાત સાંભળી સભા દિંગમૂઢ થઈ ગઈ. બધા એક સાથે કહેવા લાગ્યા. "ઠીક છે, ઠીક છે, જરૂર, જરૂર!" પછી તો પૂછવું જ શું! બન્ને મહાનુભાવોનાં હૃદય પીગળ્યાં. મહારાજશ્રી પાસે બન્ને ઊભા થયા અને કલેશ કાઢી નાંખવા માટે પ્રતિજ્ઞા લીધી અને બન્ને ભેટ્યા.

કેવું અપૂર્વ દ્રશ્ય! કેવું મિલન! સભા આખી ચકિત થઈ ગઈ. હર્ષનાં આંસુ છલકાઈ આવ્યાં. આનંદ આનંદ છવાઈ રહ્યો.

એવી જ રીતે જૈન ભાઇઓના આગેવાનો લા. જગન્નાથને લા. મૂલામલ, લા. ખેરાતીરામ, લા. દેશરાજને બોલાવીને

તેમને સમજાવ્યા અને કાયમનો મેલમિલાપ કરાવી આપ્યો.

અહીંના પ્રસિદ્ધ ધનાઢ્ય લા. ઢેરામલજી, ચુસ્ત આર્ય-સમાજી લાલા ઇશ્વિરદાસજી, લાલા નાનકચંદજી તથા લા. મહેરચન્દજી આદિ સજ્જનો મહારાજશ્રીના પૂરા શ્રદ્ધાળુ બની ગયા.

અહીંથી બે કોસ કલશાં ગામ છે. પરમ પૂજ્ય સ્વર્ગીય આચાર્યશ્રી વિજયાનન્દસૂરિજી મહારાજના પૂર્વજ અહીં રહેતા હતા. હજી પણ તેમના કુટુમ્બીઓ છે. ત્યાંથી લાલા હંસરાજ અને લા. ગણેશમલ આદિ ઘણા સજ્જનો મહા-રાજશ્રીના દર્શન માટે આવ્યા કરતા હતા.

અહીં બધી રીતે ધર્મપ્રચાર અને ખાસ કરીને આપ-સમાં મેલમિલાપ થયો. લોકો કહેવા લાગ્યા કે અદ્‌ભુત જાદુગર !



## શાન્તિ ને જયંતી

ભેરા નામનું પ્રાચીન તીર્થ પાસે જ છે. મહારાજશ્રીની ભાવના એ પ્રાચીન તીર્થના દર્શનાર્થે જવાની થઇ. તેઓ પિન્ડદાદનખાંથી આવ્યા ભેરા. લોકો પણ સાથે આવ્યા. પ્રવેશોત્સવ થયો. જહેમલ અને ગુજરાનવાલાથી પણ લોકો આવ્યા. આનંદથી તીર્થયાત્રા કરી.

મહારાજશ્રીને કોઈ સરળ લોકો જમવાનું કહેવા આવ્યા તો કોઈ ખાવાનું તૈયાર કરી મંદિરમાં આપવા આવ્યા. મહારાજશ્રીએ જૈન સાધુના આચાર બતાવ્યા અને ગોચરી માટે નીકળશું ત્યારે તમારે ત્યાં આવીશું તેમ જણાવ્યું.

અહીંથી વિહાર કરી રામનગર આવ્યા. લા. લદ્ધેશાહ તથા લા. કુલચશરાયની પ્રાર્થનાથી એક સાર્વજનિક વ્યાખ્યાન આપ્યું. અહીંથી અકાળગઢ અને પપનાખા આદિ ગામોમાં ધર્મોપદેશ આપતા તેઓ ગુજરાનવાલા પધાર્યા.

અહીં શ્રી મહાવીર જયંતીનો ઉત્સવ ખૂબ ધૂમધામથી ઉજવવામાં આવ્યો. મંદિરમાં પૂજા ભણાવવામાં આવી તેમજ ગરીબોને ભોજન આપવામાં આવ્યું. બપોરના બ્રહ્મ-અખાડામાં સભા–મંડપ તૈયાર કરવામાં આવ્યો હતો ત્યાં હજારો ભાઈબહેનોની ઠઠ જામી. વિદ્વાન વર્ગ અને અધિકારી વર્ગે પણ સારી હાજરી આપી. સંગીત મંડળીએ ભજન ગાયાં અને મહારાજશ્રીએ ભગવાન મહાવીરના ચરિત્ર પર રોચક અને પ્રભાવશાળી વ્યાખ્યાન આપ્યું. જનતા પર કાફી પ્રભાવ પડ્યો. અહીંથી વિહાર કરી લાહોર થઈને મહારાજશ્રી કસૂર પધાર્યા. આપનું ખૂબ સુંદર સ્વાગત થયું. હંમેશાં વ્યાખ્યાનોમાં જૈનજૈનેતર ભાઇઓની મોટી ભીડ રહેતી. ચાર પાંચ અકાલી શીખ તો મહારાજશ્રીના જાણે ભક્ત બની ગયા હતા. મુસલમાન ભાઈઓ પણ આવતા હતા.

ગુરુદેવની જયંતીનો ઉત્સવ આવ્યો. તેની તૈયારી થવા લાગી.

વ્યાખ્યાન ચાલે છે. આગેવાનો બધા બેઠા છે. જૈનેતર ભાઈઓ મોટી સંખ્યામાં આવ્યા છે. બહેનો પણ ઘણી હાજર છે.

વ્યાખ્યાનમાં ખૂબ શાન્તિ છે. મહારાજશ્રી એકાએક

અટકી ગયા. બધા જોઈ રહ્યા, શું થાય છે તે.

"કસૂર શ્રીસંઘના આગેવાન મહાનુભાવો! સાંભળો!" મહારાજશ્રી બોલી ઊઠ્યા.

"ગુરુદેવની જયંતી આવે છે. મોટા ઠાઠમાઠથી તે ઉજવવાની તમારી ભાવના પ્રશંસનીય છે. તે માટે તમે તો ગામેગામ નિમંત્રણ મોકલ્યાં છે અને અઠવાડીયામાં તો કસૂરની બજારમાં શ્રદ્ધાળુ ભાઈબહેનોનાં ઝુંડના ઝુંડ ઊતરી પડશે.

"પણ ગૃહસ્થો, મને એક વાત ભારે મૂંઝવી રહી છે, મને સુખે નિદ્રા નથી આવતી, ગોચરી પણ હું શાંતિથી નથી લઈ શકતો."

'મહારાજશ્રી, એવી તે શું મૂંઝવણ છે.' એક ગુરુભક્ત બોલી ઊઠ્યા.

"ભાઈઓ, શું કહું! તમારા શ્રી સંઘનો કલેશ—વર્ષોનો તમારો કુસંપ મને બહુ જ સાલે છે. ગુરુદેવની જયંતી આપણે કયા મોઢે ઉજવીએ!

"જે સમાજમાં—જે નગરમાં—જે કોમમાં—જે જ્ઞાતિમાં કે જે કુટુંબમાં કુસંપ પેઠો તે તેનો સર્વથા નાશ કર્યા વિના નથી રહેતો. તેનો સમાજવિકાસ રૂંધાય છે. હું જોઉં છું કે તમારા કસૂરમાંથી લક્ષ્મી રિસાઈ જવા લાગી છે, વેપાર પણ જવા બેઠો છે. તમે સંપને સાધી લક્ષ્મીને મનાવી લાવો. ધર્મનો ઉદ્યોત સાધો.

"ગુરુદેવના પુણ્ય પ્રતાપે તમે જે જનધર્મ પામ્યા તે પ્રભાવી પુરુષની જયંતી હું કુસંપમાં ન ઊજવી શકું.

બોલો, શું કહો છો ! મારે આજે જ ફેંસલો જોઈએ.”
વાક્યે વાક્યે સભા પ્રશાંત થતી ગઈ. હૃદયનાં વાક્યોની જાદુઈ અસર થઈ. સ્ત્રીપુરુષોની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. આગેવાનો ઊભા થઈ ગયા ને બોલ્યા:

“ગુરુમહારાજ, આપશ્રી જે ફેંસલો કરો તે અમને કબૂલમંજૂર છે. તમે બન્ને પક્ષને સાંભળીને જે ચુકાદો આપો તે અમને શ્રીસંઘને માન્ય છે. જયંતીનો ઉત્સવ બધા આનંદથી ઉજવીશું. આપ નિશ્ચિંત રહો.”

આખી સભા ખુશખુશાલ થઈ ગઈ. તાળીઓના ગડગડાટ વચ્ચે ગુરુદેવના જયની ઘોષણા થઈ. જૈનેતર ભાઈઓ આ દૈવી ફિરસ્તાના મુખારવિંદનાં તેજકિરણો જોઈ રહ્યા, મુગ્ધ થઈ ધન્ય ધન્ય પોકારવા લાગ્યા.

મહારાજશ્રીએ જયંતી પછી સંઘનો પ્રશ્ન હાથ ધરવાનો વિચાર દર્શાવ્યો અને જયંતી માટે તૈયારીઓ થવા લાગી.

એક વૈષ્ણવ મંદિરના ખુલ્લા મેદાનમાં મંડપ બાંધવામાં આવ્યો. મંડપને ખૂબ સુશોભિત કરવામાં આવ્યો અને એક ઉચ્ચ સિંહાસન પર ધર્મ અને સમાજના નાયક સ્વર્ગીય આચાર્ય મહારાજશ્રીની સુંદર મૂર્તિને પધરાવવામાં આવી. જીરા અને પટ્ટી આદિ શહેરોની ભજન મંડળીઓ તથા અન્ય આગેવાનો ઉત્સવમાં ભાગ લેવા આવી પહોંચ્યા.

અષ્ટમીના દિવસે પ્રાતઃકાળે સભામંડપમાં જૈન, વૈશ્નવ, આર્યસમાજી, શિખ અને મુસલમાન, હરસમાજના સજ્જન સ્ત્રીપુરુષો આવવા લાગ્યાં. સભામંડપ જનતાથી ખીચોખીચ ભરાઈ ગયો. કસૂરના પ્રસિદ્ધ ગૃહસ્થના સભાપતિ-

ત્વમાં ઉત્સવ શરૂ થયો.

પ્રારંભમાં જીરાનિવાસી બ્રહ્મચારી શંકરદાસજીએ ગુરુ-સ્તુતિ કરી. કસૂરનિવાસી લાલા જ્ઞાનચંદ તથા પટ્ટીનિવાસી જૈન યુવકોએ સુંદર ભજન સંભળાવ્યાં અને જીરાનિવાસી લાલા બાબુરામજી એમ. એ. એલએલ. બી. વકીલે સ્વર્ગીય આચાર્યશ્રીનું જીવનચરિત્ર બહુ જ મધુરભાષામાં કહી સંભળાવ્યું. ત્યાર બાદ સુંદર તથા સમયોપયોગી ભજનો બાદ અગિયાર વાગે સભા વિસર્જન થઈ.

બપોરના બીજી સભાનો આરંભ થયો. આ સમયે શ્રોતાઓની સંખ્યા બહુ અધિક હતી. લા. જ્ઞાનચંદજી આદિ યુવકોનાં ભજનો બાદ મહારાજશ્રીએ વ્યાખ્યાનની શરૂઆત કરી.

ઓજસ્વિની ભાષામાં સિંહગર્જનાની જેમ મહારાજશ્રી-એ ભાષણ શરૂ કર્યું.

જયન્તી શું છે! જયન્તી શા માટે મનાવવી જોઈએ! સ્વર્ગીય આચાર્ય મહારાજશ્રીના જીવનમાંથી શું બોધ જૈન સમાજને અને ધર્મને લેવાનો છે? મહારાજશ્રીએ સમાજ, ધર્મ અને દેશ ઉપર કેટલો મહાન ઉપકાર કર્યો છેઃ વગેરે તેમના જીવનની ઉલ્લેખનીય ઘટનાઓનું દિગ્દર્શન કરી ગુરુદેવના ઉપકારો ને કાર્યનું ખૂબીથી વર્ણન કર્યું.

મહારાજશ્રીનો એક એક શબ્દ શ્રોતાઓના હૃદયમાં ગુંજતો હતો. જે બહેનભાઈઓએ મહારાજશ્રીનું વ્યાખ્યાન સાંભળ્યું છે તે આજ પણ યાદ કરે છે.

જૈન કે હિન્દુ, શીખ કે આર્યસમાજી બધા મહા-

રાજશ્રીના વ્યાખ્યાનથી મુગ્ધ થઇ ગયા. લા. પ્રભુદયાલજી તરફથી બધાને શરબત આપવાનો પ્રબંધ કરવામાં આવ્યો.

નોમના દિવસે આજ સભામંડપમાં બીજું એક પ્રભાવશાળી વ્યાખ્યાન "જૈનધર્મનું વાસ્તવિક સ્વરૂપ" ઉપર થયું. આ વિષયની ચર્ચા મહારાજશ્રીએ બહુ માર્મિક રીતે કરી અને જનતાના હૃદયો પર તેની ઊંડી છાપ પડી.

વ્યાખ્યાન પૂરું થતાં જૈનધર્મની જય, અહિંસા ધર્મની જય, ગુરુદેવની જય આદિ નાદોથી મંડપ ગૂંજી ઊઠયો.

શ્રી સંઘે ચાતુર્માસ માટે વિનંતિ કરી અને શ્રીજીનેન્દ્ર ભગવાનના મન્દિરનું નિર્માણ નિશ્ચિત થયું.

જયંતી પછી મહારાજશ્રીએ સંઘનો પ્રશ્ન હાથમાં લીધો. બન્ને પક્ષોને ખૂબ ધ્યાનથી અને શાંતિથી સાંભળ્યા. બન્ને પક્ષોને સમજાવ્યા અને વિચારયુકત ફેંસલો આપ્યો.

ॐ वन्दे वीरमानन्दम्

## ફેંસલો

**સં**. ૧૯૮૦ પ્રથમ જેષ્ઠ વદ ૫ શુક્રવાર તા.૧૧-૮-૨૩

સોહનવિજયજીની તરફથી શ્રી સંઘ કસૂરને ધર્મલાભ પૂર્વક માલૂમ થાય કે

શ્રી સંઘ મારો ઉપદેશ સાંભળી તેને અમલમાં મૂકવા તૈયાર થયો છે તે માટે શ્રી સંઘ ધન્યવાદને પાત્ર છે. ખરેખર, તમો સાચા વીરપુત્રો તથા ગુરુભક્ત છો: જ્યારે જૈનધર્મમાં ક્ષમાની પ્રધાનતા છે તો પછી ત્યાં લડાઈ

ઝગડા થાય જ ક્યાંથી ? મને એ વાતનો આનંદ છે કે થોડા વખત પહેલાં કસૂરના શ્રી સંઘમાં કલેશના કારણે બે તડ થઇ ગયાં હતાં, તેને મિટાવી આપસમાં સુસંપ કરાવવાની જવાબદારી શ્રી સંઘે મારા પર નાંખી હતી. બન્ને પક્ષોએ આનંદપૂર્વક લખી આપ્યું છે કે અમારો આપસમાં જે ઝગડો છે, તેનો અન્ત લાવવાને માટે તમે જે કાંઇ કરો તે અમને બધાને મંજૂર છે, તેમાં અમને કશો સંકોચ નહિ થાય. તેથી હું શ્રી સંઘ કસૂરનો જે ઝગડો પડયો છે તેને મારા હાથમાં લઉં છું. જો કે આ પ્રશ્ન દુનિયાદારીનો છે, તેમાં સાધુઓનું કામ નથી પણ જમાનાની હાલત અને ધર્મકાર્યમાં વિઘ્ન આવતું જોઇને તેમજ કુસંપથી આપણા સમાજની હાનિ થતી નજરે જોતાં મારે આ મામલામાં પડવું પડયું છે, નહિ તો કશી જરૂર નહોતી.

ભાઇઓ, મેં બન્ને પક્ષોની વાત સાંભળી છે તથા તેને ધ્યાનથી વિચારી છે. મારી બુદ્ધિ અનુસાર મેં તે બધી વાતો પર ઠીક ઠીક વિચાર કર્યો છે. મને લાગે છે કે બન્ને પક્ષો પોતે પોતાની વાતો સિદ્ધ કરવા પ્રયાસ કરે છે. પણ બન્ને પક્ષોની દલીલ નિર્બળ માલૂમ પડી છે. બન્ને પોતાને સત્ય માને છે. ભૂલ તો બન્નેની થોડી ઘણી થઇ છે. તમે જાણો છો કે ન્યાયાધીશની પાસે જ્યારે કોઇ મુકરદમો આવે છે, ત્યારે બન્નેના સાક્ષીઓ લેવાય છે. બન્ને પોતાને સત્ય સાબીત કરવા પ્રયત્ન કરે છે, અને બન્ને પક્ષોને સાંભળી ન્યાયાધીશ વિચાર કરીને ન્યાયપૂર્ણ ફેંસલો આપે છે. હું ન્યાયાધીશ તો નથી પણ મેં બન્નેને ન્યાય આપવા

પ્રયત્ન કર્યો છે. મારો ઉદ્દેશ કુસંપ દૂર કરી સંપની વૃદ્ધિ કરવાનો છે—મારો નિર્ણય નીચે પ્રમાણે છે.

૧ પ્રથમ પરસ્પર ખમતખામણાં કરવાં

૨ કોઈપણ ભાઈ ગઈગુજરી કોઈપણ જગાએ યાદ ન કરે.

૩ બે તડ આજથી એક ગણાશે. શ્વેતાંબર જૈન સંઘની એક જ પાર્ટી ગણાશે.

૪ આજથી કોઈ સંઘની બહાર નહિ ગણાય.

૫ લાલા અમીચન્દજી પન્નાલાલજીએ એક સાધર્મિક વાત્સલ્ય, અષ્ટ પ્રકારી પૂજા તથા પ્રભાવના કરવી.

૬ લાલા અમીચન્દજીના પક્ષ વાલાએ નવપદજીની પૂજા અને પ્રભાવના કરવી જોઈએ.

૭ બીજા પક્ષવાળા ભાઈઓએ સત્તર ભેદી પૂજા તથા પ્રભાવના કરવી જોઈએ

૮ લાલા અમીચન્દજી અમૃતસરવાલાએ એક સાલ સુધી પ્રભુ પૂજા કરવી. કોઈ કારણસર ન બને તો મંદિરજીમાં જઈને એક માળા જરૂર ગણવી. પરદેશમાં કે બિમારીના સમયમાં અપવાદ.

૯ લાલા પ્રભુદયાળજી તથા લાલા પન્નાલાલજી એક વર્ષ સુધી પ્રભુપૂજા કરે. પરદેશમાં તથા બિમારીના સમયમાં અપવાદ.

૧૦ સાધર્મિક વાત્સલ્યમાં તથા પ્રત્યેક ધર્મકાર્યમાં બધાને શામિલ કરવા જોઈએ.

૧૧ ભવિષ્યમાં કુસંપ ન થાય તે માટે શ્રી જૈન શ્વેતાંબર વિજયાનંદ કમીટીની સ્થાપના કરવી.

૧૨ શ્રી મંદિરજીનો હિસાબ ચૈત્ર સુદ ૧૩ પ્રભુ મહાવીરની જયંતીદિને કમીટી તપાસી તે સહી કરે તથા તારીખ લખે.

૧૩ શ્રી મંદિરજીનો હિસાબ એક જ ઠેકાણે રહે. જે યોગ્ય હોય તેની પાસે રાખવાનો કમીટીને અધિકાર છે.

૧૪ આજ સુધીમાં શ્રી મંદિરજીના રૂપીઆ જેની પાસે હોય તે આઠ દિવસની અંદર અંદર જ્યાં પ્રથમ મંદિરજીનો હિસાબ રહે છે ત્યાં જમે કરાવી દે.

૧૫ હમેશાં ચંદા—ફંડ માટે મુશ્કેલી રહે છે, તો તેમાં ૧૬ આનાની પાંતી પ્રમાણે ભાગ પાડી રાખવા—જ્યારે જરૂર પડે ત્યારે તે પ્રમાણે ચંદો કરી લેવો. તે માટે બે ભાઈઓની નિમણુક કરવી.

તા. ક. આ ફેંસલામાં જે જે ધર્મકાર્ય કરવા જણાવ્યું છે, તે આત્મસુધાર માટે છે; તેથી સંઘમાં કોઈ કોઈને મેણાંટોણાં ન આપે.

મારા ફેંસલામાં ભૂલ થઈ ગઇ હોય તો હું મિચ્છામિ દુક્કડં દઉં છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૧ શિવમસ્તુ સર્વ જગતઃ પરહિતનિરતાભવન્તુ ભૂતગણા : ।
દોષાઃ પ્રયાન્તુ નાશં, સર્વત્ર સુખી ભવન્તુ લોકા : ।

દઃ—પન્યાસ સોહનવિજય



# કુરાનેશરીફનું ફરમાન

કસૂરથી વિહાર કરી મહારાજશ્રી પટ્ટીમાં પધાર્યા. અહીં પણ વ્યાખ્યાનમાં હિન્દુ–મુસલમાન ભાઈઓ કાફી સંખ્યામાં આવતા હતા અને પ્રેમથી વ્યાખ્યાન સાંભળતા હતા. મંડીથી પણ વ્યાખ્યાન સાંભળવા લોકો આવતા હતા.

એક દિવસ મહારાજશ્રી સ્થંડિલ જઈને બહારથી ઉપાશ્રય તરફ આવતા હતા. રસ્તામાં એક લાંબી દાઢીવાળા મુસલમાને રસ્તો રોકી લીધો. તે વ્યાખ્યાનમાં પણ આવતા હતા. આ જોઈને લોકો પણ એકઠા થઈ ગયા.

"કેમ ભાઈ! શું કામ છે! આમ રસ્તો રોકવાનું તમારે શું કારણ છે!"

"મહારાજ! આ કુરાનેશરિફ તમે માની લો તો હું તમને ખુદા માનવા તૈયાર છું."

લોકો તો બધા ચકિત થઈ ગયા ને લડાઈ થશે કે શું તેવું વાતાવરણ દેખાવા લાગ્યું.

"ભાઇ! હું તો દિવસરાત ખુદા બનવા માટે મહેનત કરી રહ્યો છું. પણ જ્યાં સુધી મારામાં ખુદી-સ્વાર્થ છે, ત્યાં સુધી કુરાનેશરીફ તો શું પણ વિશ્વના બધા ધર્મ-ગ્રન્થ મને ખુદા નહીં બનાવી શકે. મારામાંથી જ્યારે ખુદી સર્વથા નીકળી જશે ત્યારે હું પોતે ખુદા બની જઈશ. તે વખતે મને કોઇ નહિ રોકી શકે. વળી હું તો સત્યનો પક્ષપાતી છું, જ્યાંથી સત્ય મળે ત્યાંથી લેવાને તૈયાર છું."

લોકો તો મહારાજશ્રીની ધીરજ, શાન્તિ અને વાક્ચાતુર્ય જોઇ હેરાન થઈ ગયા. પેલા મુસલમાનભાઇ તો ચૂપચાપ સાંભળી જ રહ્યા.

મહારાજશ્રીએ આગળ ચલાવ્યું.

"સત્ય કોઈ પણ ધર્મમાં, કોઇ પણ મજહબમાં કે કોઈ સંપ્રદાયમાં હોય તો મને તેનો સ્વીકાર કરવામાં કશી આપત્તિ નથી.

"ભાઇ, મેં પણ કુરાનેશરીફ થોડું વાંચ્યું છે. જ્યાં સુધી હું સમજ્યો છું ત્યાં સુધી તેમાં ખુદાતાલાએ એજ ફરમાન કર્યું છે કે "મારા બન્દાઓ! તમે હંમેશાં પાક રહો, બધાની સાથે પ્યારનો વર્તાવ કરો, બધા ઉપર પ્રેમ અને દયાભાવ રાખો. કોઈ પણ જીવને સતાવો નહિ."

આ સાંભળી તે ભાઈ તો મહારાજશ્રીને સલામ કરી

ચૂપચાપ ત્યાંથી ચાલ્યા ગયા. લોકોને આનંદ થયો. મહારાજશ્રી ઉપાશ્રયે આવી ગયા.

પટ્ટીથી વિહાર કરી તરણતારણ વગેરે થઈ આપ જંડિયાલાગુરુ આવી પહોંચ્યા. જંડિયાલાના ભાઇબહેનો મહારાજશ્રીની વર્ષોથી વાટ જોઈ રહ્યા હતા. તેમની ભાવના આજે સફળ થયેલી જાણી શ્રીસંઘમાં હર્ષ થયો.

મહારાજશ્રીએ જમ્મૂમાં પંજાબ શ્રી સંઘની સમક્ષ ગુરુમહારાજની ઈચ્છાનુસાર કાર્યસિદ્ધિને માટે છ વિગયના ત્યાગની પ્રતિજ્ઞા કરી હતી, ત્યારથી મહારાજશ્રી કૃશ થતા જતા હતા. થાક માલૂમ પડતો હતો અને અશક્તિ દેખાઈ આવતી હતી.

જંડિયાલાના શ્રીસંઘના આગેવાનોએ પ્રાર્થના કરી.

" ગુરુમહારાજ ! આપની પ્રતિજ્ઞા તો અમે જાણીએ છીએ, પણ આપ દિવસે દિવસે દુર્બળ બનતા જાઓ છો. ઘી, દૂધ, દહીં, તેલ, ગોળ અને તળેલી વસ્તુ તમે કશું નથી લેતા. એ અમે નથી જોઈ શકતા. કૃપા કરી એ વ્રતને હવે છોડો."

" મહાનુભાવો, તમારી વાત તો ઠીક છે પણ ગુરુદેવની આજ્ઞા સિવાય ચાહે ગમે તે થાય, મારાથી પ્રતિજ્ઞા નહીં છોડાય. હા, ગુરુદેવની આજ્ઞા મારે શિરોધાર્ય છે." મહારાજશ્રીએ પોતાનો નિર્ણય જણાવ્યો.

શ્રી સંઘના આગેવાનોમાંથી ૪–૫ ભાઈઓ ચાલ્યા હોશિયારપુર. ત્યાં આચાર્યશ્રીને મળીને પ્રાર્થના કરી કે ગુરુદેવ, ઉપાધ્યાયજી મહારાજ બહુ જ કૃશ થઈ

ગયા છે. આપની આજ્ઞા સિવાય તે કશું માનવા તૈયાર નથી. અમારો શ્રીસંઘ ઉપાધ્યાયજીની તબીયત માટે ચિંતાતુર છે. આપશ્રી આજ્ઞા ફેલાવો તો જ ઉપાધ્યાયજી માનશે. "આચાર્યશ્રીએ પરિસ્થિતિનો વિચાર કરી આજ્ઞાપત્ર લખી આપ્યો તથા શ્રીસંઘે પણ આગ્રહ કર્યો, ત્યારે ગુરુમહારાજની આજ્ઞા અને શ્રીસંઘના આગ્રહને માન આપ્યું.

જંડિયાલામાં ચાતુર્માસ નિશ્ચિત થયા પછી આપ અમૃતસર પધાર્યા. અહીં શ્રી આત્માનંદ જૈન મહાસભા પંજાબની કાર્યકારિણી કમીટીની બેઠક હતી. આપની સમક્ષ કમીટીનું કાર્ય સારી રીતે પાર પડ્યું.

અમૃતસરમાં આપ આઠ દિવસ રહી ફરી જંડિયાલામાં પધાર્યા. આ સમયે સંઘે સમારોહપૂર્વક સ્વાગત કર્યું. ૧૯૮૦નું ચાતુર્માસ જંડિયાલામાં થયું. આ ચાતુર્માસમાં ધાર્મિક કાર્યો ઉપરાંત કેટલાંક ઉલ્લેખનીય કાર્ય થયાં.

શ્રી આત્માનંદ જૈન મહાસભાનું ત્રીજું અધિવેશન પણ અહીં થયું. લાલા અગરમલ ખૈરાતીરામ લોઢાએ શ્રી નવપદજીનું ઉદ્યાપન કરાવ્યું. આસો માસમાં નવપદજીની ઓળીનું મહારાજશ્રીએ ૯ દિવસ મૌન રહી આરાધન કર્યું. આપના શિષ્ય સમુદ્રવિજયજીએ ઓળીના દિવસોમાં વ્યાખ્યાન વાંચ્યું.

ચાતુર્માસમાં જપ, તપ, ધ્યાન, સામાયિક, પ્રતિક્રમણ, પૂજા, પ્રભાવના આદિ ધર્મકાર્ય સારી રીતે થયાં. બહારથી પણ ઘણા ભાવિક ગ્રહસ્થો આવ્યા હતા. જૈન પ્રદીપના સંપાદક બાબુ જ્યોતિપ્રસાદજી પણ આપના દર્શનાર્થ આવ્યા હતા.

શ્રી પર્યુષણ પર્વમાં શ્રી કલ્પસૂત્રજીનો વરઘોડો બહુ ઠાઠમાઠથી નીકળ્યો. જ્યારે વરઘોડો બજારમાં આવ્યો ત્યારે મહારાજશ્રીએ દોઢ કલાક શ્રી પર્યુષણપર્વ અને કલ્પસૂત્ર વિષે ઉપદેશ કર્યો. જનતા પર તેનો ભારે પ્રભાવ પડયો.

આ દિવસોમાં જંડિયાલામાં અકાલી સિખોની એક પ્રાંતીય કોન્ફરન્સ હતી. સિખ નેતાઓ સિવાય બીજા પણ દેશ નેતાઓ આવ્યા હતા. લગભગ દસ હજાર મનુષ્યોનો સમુદાય હતો. સિખે ભાઈઓના આગ્રહથી મહારાજશ્રી કોન્ફરન્સમાં પધાર્યા. સભાપતિના અનુરોધથી ત્યાં આપે સંગઠનના વિષય ઉપર એક મનોહર અને શિક્ષાપદ ઉપદેશ આપ્યો. આપના ઉપદેશથી શ્રોતાઓનાં હૃદયકમળ એકદમ ખીલી ઊઠયાં અને ચારે તરફથી ભારત માતાની જય અને જૈનધર્મની જય તથા સત શ્રી અકાલના નાદોથી પેંડોલ ગુંજી ઊઠયો. આપની પછી ડાકટર કિચલુ આદિ દેશનેતાઓએ આપના વિષે આદરણીય શબ્દોનો પ્રયોગ કરીને કહ્યું કે અમને આજે જ માલુમ પડયું કે જૈન સમાજમાં પણ આવાં અમૂલ્ય રત્ન ભર્યા છે.

કાર્તિક શુદ પુનમના રોજ શ્રી સિદ્ધાચળના પટના દર્શનાર્થ સમસ્ત સંઘની સાથે આપ બહાર પધાર્યા. ત્યાં આપે શ્રી સિદ્ધાચળ તીર્થની મહિમાનું વર્ણન કર્યું. એ સાંભળી ઘણા લોકોએ સિદ્ધાચળ તીર્થની યાત્રા કરવાના નિયમ ગ્રહણ કર્યાં. આ રીતે આપનું ચાતુર્માસ જંડિયાળામાં આનંદપૂર્વક સમાપ્ત થયું.

આપનું ચાતુર્માસ લા. વીરૂમલ લોઢા અને લાલા હંસ-

રાજ દુગડની બેઠકોમાં થયું. વયો વૃદ્ધ લા. હરિચંદજી ચોધરી, પંડિત લક્ષ્મણદાસજી, ખૈરાયતી શાહ આદિ મહારાજશ્રી સાથે ચર્ચા વાર્તા કરી સારો લાભ લેતા હતા.

જંડિયાલાથી વિહાર કરી આપ જાલંધર પધાર્યા. અહીં ગુરુભ્રાતા શ્રી. પં શ્રી લલિતવિજયજી આપને મળ્યા. પં. મહારાજને ગુરુદેવની આજ્ઞાથી શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મકાનને માટે બહુ જ જલદી મુંબઈ પહોંચવાનું હતું, તો પણ ભ્રાતૃપ્રેમથી આકર્ષાઇ આપ હુશિયારપુરથી જાલંધર પધાર્યા. આપ પણ જ્યેષ્ઠભ્રાતા પં. શ્રી લલિતવિજયજીને ભેટવા જાલંધર આવ્યા. બન્ને જાલંધરમાં મળ્યા. કેવું મધુર મિલન! બન્ને ભેટયા. પેટ ભરી ભરીને વાતો કરી અને પં. શ્રી લલિતવિજયજી મહારાજશ્રીએ મુંબઈ તરફ પ્રસ્થાન કર્યું. આપ ત્યાંથી વિહાર કરી હોશિયારપુરમાં શ્રી ગુરુદેવના ચરણોમાં જઈ પહોંચ્યા. અહીં આઠ દિવસ રહી ગુરુદેવની સેવા કરી.

હોશિયારપુરથી વિહાર કરી બંગે, નવાં શહેર આદિ સ્થાનોમાં ધર્મપ્રચાર કરતા કરતા આપ રાહોંમાં પધાર્યા. અહીં ઉપાશ્રયમાં ઉતર્યા. અહીં જૈનોના ૪ ઘર છે. મંદિર ઉપાશ્રયમાં જ હતું, પણ સેવાભકિત જોઇએ તેવી થતી નહોતી. મહારાજશ્રી આ ઉપાશ્રયમાં ઊતર્યા અને લોકોને વ્યવસ્થિત પૂજાભક્તિ માટે સમજાવ્યા.

આપનો પ્રવેશ બહુ જ ઠાઠમાઠ પૂર્વક થયો. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા અન્ય હિંન્દુમુસલમાન લોક પણ આપના સ્વાગત અર્થે પ્રવેશમાં સમ્મિલિત થયા.



## આર્ય સમાજ પંડિતોનું આકર્ષણ.

આર્યસમાજ મન્દિરના ખુલ્લા મેદાનમાં આપશ્રીએ ૮ દિવસ સુધી વ્યાખ્યાન આપ્યાં. આ વ્યાખ્યાનોમાં સનાતન, આર્યસમાજી, સિખ અને મુસલમાનભાઈઓ વગેરે બધાં સ્ત્રી–પુરુષો ઉત્સાહપૂર્વક આવતાં હતાં.

મહારાજશ્રી નીડર તથા સત્યના પ્રેમી હતા. તેમણે આર્યસમાજ મંદિરમાં જૈન ધર્મ અને ઈશ્વર તથા 'મૂર્તિ પૂજા' તથા 'જૈનધર્મનો વિશ્વને સંદેશ' જૈન ધર્મની વ્યાપકતા તથા સ્વતંત્રતા આદિ વિષયો પર સુન્દરતા પૂર્વક વ્યાખ્યાનો આપ્યાં. લોકોએ ઉત્સાહથી તે સાંભળ્યાં, એટલુંજ નહિ પણ બપોરના કે રાત્રિએ શંકાસમાધાનને માટે ઘણા ભાઈઓ આવતા હતા; તે બધાને શાંતિપૂર્વક દલીલોથી સમજાવતા અને આપના ધૈર્ય, શાન્તિ અને વિદ્વતાથી બધા ભાઇઓ આનંદિત થતા હતા.

હોશિયારપુરથી લા. દૌલતરામજી તથા ૨૦–૨૫ ભાઈઓ તથા જીરાથી લા. ઈશ્વરદાસ આદિ શ્રાવકો આપના દર્શનાર્થે આવ્યા હતા.

નાના એવા ગામમાં મહારાજશ્રીએ આઠ આઠ વ્યાખ્યાન આપીને જૈન ધર્મના સિદ્ધાંતોનો ઠીક ઠીક પ્રચાર કર્યો.

રાત્રિનો સમય હતો. મહારાજશ્રી પ્રતિક્રમણ કરીને શિષ્યો સાથે આવતીકાલના વિહાર માટે ચર્ચા કરતા હતા. શ્રાવક ભાઈઓ મહારાજશ્રીને વીંટળાઈ વળી હજી થોડા દિવસ વિશેષ લાભ આપવા વિનતી કરી રહ્યા હતા :

" નમસ્કાર ! મહારાજ ? " એકાએક પાંચ સાત ભાઈઓનો અવાજ આવ્યો.

" ધર્મલાભ ! " મહારાજશ્રીએ આવેલ ભાઈઓને બેસવા સૂચવ્યું.

" સ્વામીજી મહારાજ ! આપ તો એકાદ દિવસમાં જવાના છો તેમ સાંભળ્યું છે ! " એક ભાઇએ પૂછ્યું.

" હા, હા, હવે તો જઇશું ને ! ઘણા દિવસ તમારા રોટલા ખાધા ! "

" સ્વામીજી, એમ કેમ કહો છો ! આપે તો આ નાના ગામમાં ભારે આંદોલન પેદા કરી દીધું છે. " બીજા ભાઇ બોલ્યા.

" સ્વામીજી ! આપ જાણો છો ને કે અમે આર્યસમાજી છીએ. અમે મૂર્તિપૂજાના કટ્ટર વિરોધી છીએ. " ત્રીજા ભાઈએ સ્પષ્ટ કર્યું.

"હા ! ભાઈ! હા ! હું તે બરાબર જાણું છું, અને તેથી જ તમારા આર્યસાજ મંદિરમાં મેં 'મૂર્તિપૂજા' વિષે જ ઠીકઠીક ચર્ચા કરી. કેમ—હવે તમને શું લાગે છે? જો તમે તે વિષે કાંઈ કહેવા માગતા હો તો વિના સંકોચે કહેશો." મહારાજશ્રીએ શાંતિથી જવાબ આપ્યો.

"સ્વામીજી! અમે તો આપની વ્યાખ્યાન શૈલી, આપની દલીલો, આપનો સર્વધર્મ સમભાવ અને આપની શાંત ગંભીર વાણી સાંભળી મુગ્ધ થયા છીએ." એક ભાઈ બોલ્યા.

"એટલું જ નહિ ! સ્વામીજી ! અમને તો આ વિષે કલ્પના પણ નહિ. અહીં જે ઉપદેશકો આવે છે તે તો જોરશોરથી પોતાના ધર્મની મોટી મોટી વાતો કરે છે અને બીજાના ધર્મની બુરાઇ કરવામાં જરા પણ સંકોચ રાખતા નથી." બીજા ભાઈ બોલ્યા.

"વળી સ્વામીજી ! આપની પ્રશાંત મુખમુદ્રા તેમજ વાણીની મીઠાશ અમે તો હજુ સુધી બીજે નથી જોઈ." ત્રીજા ભાઈ બોલ્યા.

"ભાઈ! એમાં કશું વિશેષ નથી. અમારો સાધુનો ધર્મ જ કલ્યાણભાવનાનો છે."

ધન્ય ધન્ય કહી મહારાજશ્રીને નમસ્કાર કરી ફરી દર્શન માટે વિનતિ કરી આર્યસમાજી ભાઈઓ વિદાય થયા. શિષ્યો અને શ્રાવકો મહારાજશ્રીની નમ્રતા, શાંતિ અને ભવ્ય કાંતિ જોઈને આનંદિત થયા.

રાહોંથી વિહાર કરી બે ત્રણ કોસ ઉપર આવેલા એક ગામમાં રહ્યા. અહીં જૈન ભાઇઓનું એક પણ ઘર નહોતું. રાત્રે એકબે આર્યસમાજી ભાઇઓ આવ્યા. તેઓ અટપટા પ્રશ્ન પૂછવા લાગ્યા. મહારાજશ્રીએ ધૈર્ય અને શાંતિથી તેમને સમજાવ્યા. ત્યાંથી બલાચૌર પધાર્યા. અહીં સ્થાનકવાસી ભાઈઓનાં ઘર છે, પણ તેમનો પ્રેમ સારો છે.

રાત્રે મૂર્તિપૂજાના વિષયમાં ખૂબ ચર્ચા ચાલી. મહારાજશ્રીએ શાસ્ત્રીય પ્રમાણો તથા અકાટ્ય યુક્તિઓથી મૂર્તિપૂજા અને તેની આવશ્યકતા વિષે ખૂબીથી પ્રતિપાદન કર્યું, તેની જનતા પર બહુ સારી અસર થઈ.

મહારાજશ્રીએ કોઈ પણ ભાઈને હજી પણ શંકા હોય તો પ્રશ્ન પૂછવા જણાવ્યું.

"આપની દલીલો હું તો નથી સમજી શકયો !" સ્થાનકવાસી લાલા સીતારામજી બોલી ઊઠ્યા.

"લાલાજી ! તમે શાસ્ત્રીય દલીલો નથી સમજી શકતા ને ! ચાલો ત્યારે આપણે વ્યવહારિક દૃષ્ટિએ વિચાર કરીએ." મહારાજશ્રીએ નવીન વિચાર રજૂ કર્યો.

"હા ! તો બરાબર સમજી શકાય !" લાલાજી કબૂલ થયા.

"જુઓ ભાઈ! મૂર્તિપૂજા તમે નથી માનતા ને ! પણ હું તો કહું છું જગતનું કોઈ પણ સમજુ મનુષ્ય મૂર્તિપૂજાથી બચી શકયું નથી. કોઈ ને કોઈ રૂપમાં બધા મૂર્તિપૂજા તો કરે છે." મહારાજશ્રીએ માર્મિકતાથી જણાવ્યું.

“ અશક્ય ! અશક્ય ! સાબીતી શું ! ” લાલાજી આશ્ચર્યથી બોલી ઊઠયા.

“ સાબીતી ? તમારા જ ઘરમાંથી સાબીતી મળે છે.” મહારાજશ્રીએ ધડાકો કર્યો.

“ પણ તો બતાવો ને ! ” લાલાજી બોલી ઊઠયા.

“ જુઓ લાલાજી ! તમારા ઘરોમાં આપના પૂજ્ય સાધુ સોહનલાલજી, શ્રી લાલચન્દજી, શ્રી ઉદયચન્દજી વગેરેના ફોટાઓ તો છે ને ! ” મહારાજશ્રીએ પ્રશ્ન કર્યો.

“ હા ! તે શું છે ! તેનાથી મૂર્તિપૂજા સાબીત થઇ ગઈ શું ! ” લાલાજી વિસ્મય પામ્યા.

“ હું પૂછું છું કે આ ફોટાઓ પૂજ્ય ભાવથી જ ટાંગવામાં આવ્યા છે ને ! માનો કોઈ અનાડી મનુષ્ય તે ફોટાઓ ઉતારી તેનું અપમાન કરે તો તમારા દિલમાં ચોટ લાગશે કે નહિ ? ”

“ જરૂર ! જરૂર ! ” સભાજનો બોલી ઉઠયા.

“ તો હવે શું બાકી રહ્યું. આ મૂર્તિપૂજાનો પ્રકાર જ છે. લાલાજી ! ”

મહારાજશ્રીએ બધાને ચકિત કરી દીધા.

લાલાજી માથું ખંજવાળતા ચાલ્યા અને હા ના કહી ન શકયા. લોકો મહારાજશ્રીની દલીલોથી તથા વ્યવહારુ દૃષ્ટિથી મુગ્ધ થઈ ગયા.



# ભાઈ–ભાઇ ને પિતા–પુત્રમાં શાંત

"મહારાજ સાહેબ! આપનો વિચાર તો ઘણો સારો છે, પણ તે બન્ને કોઇનાથી માને તેવા નથી." એક વૃદ્ધજને કહ્યું.

"પણ લાલાજી! આ તે કાંઈ સારું કહેવાય! દસ ઘરની જૈન વસ્તીમાં બે સગા ભાઇઓ લડે." મહારાજશ્રીએ પોતાનું દુઃખ વ્યક્ત કર્યું.

"અમે તો ઘણાએ વારંવાર પ્રયાસ કરીએ છીએ, પણ બેમાંથી કોઈ માને ત્યારે ને!"

"એવું તે શું કારણ છે કે વર્ષોથી આમ ચાલે છે!"

"કારણ તો કૌટુંબિક કલેશ. પણ એકબીજાને અંટસ પડી ગઇ એટલે પછી મેળ થાય જ શી રીતે!"

"જુઓ લાલાજી! મને તો આ સાંભળીને ભારે

દુઃખ થયું છે. હું જ્યાં જાઉં છું ત્યાં આવું કાંઈ સાંભળું છું ત્યારે મારાથી નથી રહેવાતું. અને ગુરુકૃપાથી મને તેમાં યશ જ મળે છે."

"મહારાજ સાહેબ! તો તો તમે જ પ્રભુ! પણ આ કાર્ય પાર પડે તેમ અમને તો નથી લાગતું."

"મને તો ખાતરી છે કે તે પાર પડશે જ."

"તો આપ જરૂર તે બાબત સત્વર હાથમાં લેશો."

"જુઓ એક કામ કરો! તમે અહીંના આગેવાન ભાઈઓને કાલે રાત્રે બોલાવો અને હું અમ્બાલાનિવાસી લા. ગંગારામજી અને લા. જગતુમલજીને બોલાવું છું. આ વિષે વિશેષ વાત બહાર ન પાડશો."

"બહુ સારું! ત્યારે હું રજા લઉં છું."

"સુખેથી જાઓ."

થોડી વારે બન્ને ગૃહસ્થો આવ્યા.

"મહારાજશ્રી, મથ્થેણ વંદામિ" લાલા ગંગારામજી અને લા. જગતુમલજીએ વંદણા કર્યા.

"ધર્મલાભ! આવો આવો લાલાજી! તમારી જ વાટ જોવાય છે. કાલે રાત્રે અહીંના બે–ચાર ભાઈઓને બોલાવ્યા હતા."

"કહો સાહેબ! શું આજ્ઞા છે!"

"જુઓ! લાલાજી, આ નાના એવા ગામમાં બે ભાઈઓ વર્ષોથી લડે છે, તે બરાબર નથી. અમારો સાધુનો તો

ધર્મ છે કે જ્યાં જ્યાં જવું ત્યાંનો રોટલો હક કરવો. હું આ સ્થિતિ નથી જોઈ શકતો."

"ગુરુવર્ય, આપની વાત બરાબર છે. અમે તે માટે બનતું કરીએ છીએ. બન્નેને મળીશું અને ગુરુકૃપાથી બધાં સારાં વાનાં થઇ રહેશે. આપ નિશ્ચિંત રહેશો."

"મને તો તમારા જેવા ધર્મપ્રેમી અને ગુરુભક્ત આગેવાનોમાં પૂરી શ્રદ્ધા છે. તમારા કામમાં તમે સફળ થાઓ."

આગેવાનોને સાથે લઇ લા. ગંગારામજી બન્ને ભાઈઓને મળ્યા. મહારાજશ્રીની ચિંતા જણાવી અને બન્નેને સમજાવ્યા. બન્ને ભાઇઓને પણ આ બધી પરિસ્થિતિની અસર થઇ, હૃદય પીગળ્યાં અને સમાધાન માટે બન્ને રાજી થયા. બધા ઊઠીને ગયા ઉપાશ્રયે.

"ગુરુવર્ય ! આજે અમે કૃતાર્થ થયા. આપ જેવા ગુરુ તો આજે જ જોયા. આપને જે દુઃખ થયું છે તે માટે અમે ક્ષમા માગીએ છીએ." ભાઈ દયારામજી હાથ જોડીને બોલ્યા.

"ભાઇઓ ! હું તો નિમિત્ત માત્ર છું. એ ગુરુકૃપાનું ફલ છે. ધન્યવાદ તો મારે તમને આપવાનો છે અને ખાસ કરી લાલા ગંગારામજી અને લાલા જગતુમલજી આ યશના ભાગીદાર છે."

મહારાજ સાહેબ હું મારી દુકાનનો ઉપરનો ભાગ ઉપાશ્રય માટે શ્રી સંઘને અર્પણ કરું છું, અને મંદિરજીની

પ્રતિષ્ઠાનો પ્રબંધ પણ આ સેવક કરશે." બીજા ભાઇ લા. કપૂરચંદજી બોલ્યા.

ધન્ય! ધન્ય!

બાલાચોરથી વિહાર કરી મહારાજશ્રી રોપડ પધાર્યા હતા. ત્યાં ૧૫ દિવસ રહી ધર્મોપદેશ આપ્યો. જૈનહિન્દુ બધા ઉપદેશનો લાભ લેતા હતા. અહીં આ બે ભાઈઓનો ક્લેશ સાંભળી તેમને દુઃખ થઈ આવ્યું અને ઉપર પ્રમાણે તે ક્લેશની શાંતિ પણ થઈ.

મહારાજશ્રીના પ્રયત્નથી કેટલાક જૈનેતર ભાઈઓએ માંસમદિરાનો ત્યાગ કર્યો. અહીંથી વિહાર કરી અનેક ગામોમાં ધર્મપ્રચાર કરતા કરતા આપ અંબાલા પધાર્યા. અંબાલાના સંઘે મહારાજશ્રીનું ખૂબ ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું.

અંબાલા પંજાબ જૈન સંઘનું કેન્દ્રસ્થાન ગણાય છે. અહીં એક વિશાળ મન્દિર છે. જૈન ગૃહસ્થોનાં ઘર પણ ઘણાં છે. ઉપરાંત આત્માનંદ જૈન હાઇસ્કૂલ, જૈન કન્યા પાઠશાળા, લાઇબ્રેરી, આત્માનંદ જૈન ટ્રેકટ સોસાયટી તથા આત્માનંદ જૈન મહાસભાની કચેરી વગેરે ઘણી સંસ્થાઓ અહીં ચાલે છે. હમણાં જ શ્રી આત્માનંદ જૈન કોલેજ શરૂ થઈ છે, તે આનંદની વાત છે.

મહારાજશ્રીએ અહીં કેટલાક સામાજિક સુધારા કર્યા. આત્માનંદ જૈન મહાસભાના લાઇફમેમ્બરો મહારાજશ્રીના ઉપદેશથી થયા. અહીંથી મહારાજશ્રી સાઢોરા પધાર્યા. અહીં

શ્વેતાંબર જૈનોનાં ઘર તો ચાર જ છે, પણ આપના સ્વાગતમાં દિગમ્બર, શ્વેતાંબર સ્થાનકવાસી અને હિન્દુ-મુસલમાન ભાઈઓએ ભાગ લીધો હતો. સ્કૂલના દોઢસો જેટલા વિદ્યાર્થીઓએ સ્વાગતમાં ભાગ લીધો હતો.

અહીં ત્રણ સાર્વજનિક વ્યાખ્યાન આપ્યાં, ખાસ કરીને જૈન ધર્મ, આપણું કર્તવ્ય, દેવપૂજા વગેરે વિષયો ઉપર ખૂબ પ્રકાશ પાડયો. બધી જાતિના લોકો આ વ્યાખ્યાનોનો લાભ લેતા હતા. ઘણા ભાઇઓએ માંસમદિરાનો ત્યાગ કર્યો અને અન્ય વ્યસનોનો પરિત્યાગ પણ ઘણાઓએ કર્યો.

પંદર દિવસ રહી અહીંથી અંબાલા છાવણીમાં આવ્યા. પહેલે દિવસે આપનું વ્યાખ્યાન દિગમ્બર જૈન મંદિરમાં થયું. બીજું દિગમ્બર ભાઈઓના આગ્રહથી સાર્વજનિક વ્યાખ્યાન થયું. તેમાં જૈન ધર્મના મૌલિક સિદ્ધાન્તોનું ખૂબ સરસ નિરૂપણ કર્યું તેમજ આર્યસમાજ તરફથી જૈન ધર્મ પર થતા આક્ષેપોનું નિરાકરણ ખૂબીપૂર્વક કરવામાં આવ્યું. અંબાલા શહેરથી ઘણાભાઇઓ આવ્યા હતા. પં. હંસરાજ શાસ્ત્રી આ પ્રસંગે અહીં આવી પહોંચ્યા અને શાસ્ત્રીજીએ 'જૈન ધર્મ અને વર્તમાન આર્ય સમાજ' પર સુંદર સમાલોચના કરી.

અહીંથી મહારાજશ્રી અમ્બાલા પધાર્યા. થોડા દિવસ રહીને રાજપુરા થઈને આપ પતિયાલા પધાર્યા. અહીં સ્થાનકવાસી ભાઈઓનો સમુદાય અધિક છે. અગ્રવાલ ભાઈઓનાં ઘર ઘણાં છે, ખંડેલવાલનાં ઘરો ત્રણ ચાર જ છે.

આ પ્રસંગે લુધિયાનાના બાબુ કૃષ્ણચન્દજી શર્મા

વકીલ પણ અહીં હતા. બાબુજી કટ્ટર આર્યસમાજી હતા. તેમની બુદ્ધિ ચપલ હતી.

ગુરુદેવશ્રી વિજયાનંદ સૂરીશ્વરજી મહારાજના વખતમાં તે શાસ્ત્રાર્થ માટે આવ્યા હતા. મહારાજશ્રીએ ખૂબીથી તેમને દલીલોપૂર્વક સમજાવ્યા. મહારાજશ્રીના ઉદાર વિચારો જાણી તે જૈન ધર્મના અનુયાયી બની ગયા. તેઓ મહારાજશ્રીના વ્યાખ્યાનમાં હમેશાં હાજર રહેતા હતા.

અહીંથી આપ સમાના પધાર્યા. સમાનામાં સુંદર સ્વાગત કરવામાં આવ્યું. અહીં જૈન મન્દિર તથા ઉપાશ્રય છે. જૈન ભાઈઓનાં ૨૦ ઘર છે. અહીં આત્માનંદ જૈન સભાની સ્થાપના કરવામાં આવી. સામાજિક સુધારા પણ કરવામાં આવ્યા.

શ્રી મહાવીર જયંતી ખૂબ ઉત્સાહ પૂર્વક ઉજવવામાં આવી. રામલીલાના મકાનને પતાકાથી સુશોભિત કરવામાં આવ્યું. જૈનેતર લોક ખૂબ આવ્યાં હતાં. લા. સાગરચંદના ભજનો બાદ મહારાજશ્રીએ ભગવાન મહાવીર અને મૂર્તિપૂજા વિષે એક પ્રભાવશાળી વ્યાખ્યાન આપ્યું. લોકોની અધિક પ્રાર્થનાથી એક વ્યાખ્યાન બજારમાં આપ્યું. લોકોએ ખૂબ લાભ લીધો.

અહીંથી વિહાર કરી નાભા આદિ નગરોમાં વિચરતા વિચરતા આપ માલેર કોટલા આવી પહોંચ્યા. અહીં પણ સમારોહપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું. અહીં ૪૦ ૫૦



ગુજરાનવાલાનિવાસી ધર્મનિષ્ઠ
લાલા મુન્શીરામજી જૈન

જૈન શ્વે. અગ્રવાળનાં ઘરો છે. ભગવાનનાં બે સુંદર મન્દિર છે, ઉપાશ્રય પણ છે. તથા શ્રી આત્માનંદ જૈન હાઇસ્કુલની શરૂઆત થઈ છે.

અહીં મહારાજશ્રીએ જાહેર ભાષણ આપ્યું. રાતદિવસ મહારાજશ્રીના ઉપદેશનો લોકો ઠીક લાભ લેવા લાગ્યા.

બેચાર સજ્જનો આવ્યા અને વંદના કરી બેઠા.

મહારાજશ્રી આજે ઉદાસ જણાતા હતા. કારણ સમજાતું નહોતું. શિષ્યો પણ ચિંતાતુર હતા. વાતાવરણ પણ શાંત હતું

" કેમ! મહારાજશ્રી! અમે આપની સેવામાં હાજર છીએ. આપની શી આજ્ઞા છે!" ગૃહસ્થો બોલ્યા.

" લાલાજી! મેં કાલે રાત્રે સાંભળ્યું છે અને તે સાંભળી મારા હૃદયમાં આઘાત થયો છે." મહારાજશ્રી ખિન્ન વદને બોલ્યા.

" હાજી! આપની વાત બરાબર છે. પણ ગુરુદેવ! બાર બાર વર્ષથી કલેશ ચાલે છે. ભલભલા અધિકારીઓ તે માટે પ્રયત્ન કરી ચૂકયા અને અમે પણ હવે તો નિરાશ થઈ બેઠા છીએ." એક ગૃહસ્થ બોલ્યા.

"લાલા નગીનચંદજી! તમારા જેવા અને લાલા તારાચન્દજી તથા લા. કસ્તુરચંદજી વગેરે સજ્જનો તે માટે પ્રયત્ન કેમ કરતા નથી!" મહારાજશ્રીએ પૂછ્યું.

"મહારાજશ્રી! અમે પ્રયત્ન કરવામાં બાકી રાખી નથી, પણ શું થાય! બન્ને પિતાપુત્ર કોઈપણ વાતે માનતા નથી.

લા. તુલસીરામજી પોતાને પોતાની સમૃદ્ધિના સ્વામી માને છે. પુત્ર ગોકુળચંદજીમાં યુવાનીનું લોહી દોડે છે. એટલે તે ગમે તે ભોગે પણ પોતાની વાત જતી કરવા તૈયાર નથી. " બીજા ગૃહસ્થ બોલ્યા.

" મારો આત્મા કહે છે કે મારે આ માટે પ્રયત્ન કરવો. " મહારાજશ્રીએ આત્મભાવ જણાવ્યો.

" ઘણી ખુશીની વાત છે. પણ તેમાં સફળ ન થવાય તો આપ જેવા ગુરુની પ્રતિષ્ઠાનું શું"! એક ભાઈ બોલી ઊઠયા.

" સફળતા મળશે જ, તમારે મારી સાથે પ્રયત્ન કરવાનો રહેશે. " મહારાજશ્રીએ બધાને પોતાની સાથે લીધા.

" અમે તો હરેક વાતે તૈયાર છીએ." બધા બોલી ઊઠયા.

મહારાજશ્રીએ પિતા–પુત્રને જુદા જુદા સમયે બોલાવ્યા. બન્નેની પાસે પોતાના હૃદયની આગ ઠાલવી. બન્નેને શરમાવ્યા. ભવિષ્યના જીવનનો વિચાર આપ્યો. બે કડવા–મીઠા શબ્દો પણ કહ્યા અને છેવટે કહ્યું "લાલાજી! આપ તો બૂઝર્ગ છો, સંપત્તિવાન છો, પુત્રના અહંભાવનો તમારે વિચાર કરવાનો ન હોય. પિતા એ પિતા છે અને પુત્ર એ આખરે તો પુત્ર છે. તમે ભૂલી જાઓ. "

તેમણે પુત્રને સમજાવ્યા.

" ભાઈ ગોકુલચન્દજી ! તમારી નિર્ભયતા મને ગમે છે. તમે જે વસ્તુને અન્યાય ગણો છો તે લાલાજીને મન છે જ નહિ. તમે વિચાર કરો. બાર વર્ષમાં કેટલી પરેશાની તમારે

તથા પિતાજીને ઉઠાવવી પડી છે. હવે ભૂલી જાઓ. મારા જેવા સાધુનું માનો!” બન્ને પીગળ્યા—બધાની મહેનતથી રાજીનામું થઈ ગયું.

બાર બાર વર્ષનો કલેશ હમેશને માટે મટી ગયો. શહેરના લોકો, અધિકારી વર્ગ બધા ચકિત થઈ ગયા. આ પ્રસંગને ચમત્કાર માનવા લાગ્યા. ઘેરેઘેર આનંદ આનંદ થઈ રહ્યો. મહારાજશ્રીના આત્માને ખૂબ શાન્તિ થઈ.

અહીંથી વિહાર કરી આપ લુધિયાના પધાર્યા. અહીં પણ મહાસભાના આજીવન સભાસદો થયા. સામાજિક સુધારા થયા.

અહીંથી વિહાર કરી ફિલૌર, બિલગા આદિ નગરોમાં થઈ શંકર પધાર્યા, અહીં ૧૫ દિવસ રહી શિખોની ધર્મશાળામાં ઉપદેશ થવા લાગ્યો. ધર્મકથા સાંભળી હજારો લોકો આવવા લાગ્યા. અહીંથી વિહાર કરી નિકોદર પધાર્યા. અહીં આપના ઉપદેશથી ખંડેલવાલ જૈન મહાસભાની સ્થાપના થઇ.

અહીંથી વિહાર કરી મહારાજશ્રી જાલંધર, જંડિયાલા આદિમાં ધર્મોપદેશ દેતા દેતા અમૃતસર પધાર્યા. ગુરુદેવ આ સમયે લાહોરમાં હતા. અહીંથી જલ્દી વિહાર કરી ગુરુચરણોમાં મહારાજશ્રી લાહોર પધાર્યા.

ગુરુચરણોમાં ગુરુભકતે વંદણા કરી. અશ્રુની ધારા ગુરુદેવ અને શિષ્યની આંખોમાંથી ઉછળી પડી.

અહીં ગુરુદેવના ચરણોમાં ચાતુર્માસ થયું. શ્રી આત્માનંદ જૈન મહાસભાનું અધિવેશન ઉત્સાહપૂર્વક થયું.



પદવીદાન સમારંભ

"ગુરુદેવ! આપ સમાજનૌકાના કર્ણધાર છો. પંજાબ દેશ પરના આપના ઉપકારો તો ગણ્યા ગણાય નહિ તેટલા છે. ભારતભરમાં આપની સંસ્થાઓ પ્રગતિ સાધી રહી છે. દિશેદિશ આપના પુણ્યકાર્યનો ધ્વજ ફરકી રહ્યો છે. બૂઝર્ગ વયોવૃદ્ધ સાધુ મુનિરાજ પણ આપના કાર્યની પ્રશંસા કરી

રહ્યા છે. તો આપશ્રી આચાર્યપદ સ્વીકારી અમને કૃતાર્થ કરો." પંજાબના શ્રીસંઘે મહારાજશ્રી વિજયવલ્લભસૂરિજીને એક વખત વિનતિ કરી.

"અરે ભાઈ! આચાર્ય બનીને કરવાનું શું! હું તો સમાજનો સેવક છું. ગુરુદેવ શ્રીમદ્ આત્મારામજી મહારાજનો ટેલીઓ છું. મારું કામ ગુરુદેવના મિશનનો પ્રચાર કરવાનું છે. જૈન જગતમાં રચનાત્મક કાર્ય કરી સમાજનું કલ્યાણ સાધવાને માટે મેં ગુરુદેવને વચન આપ્યું છે. હું સીધો સાદો તમારો મુનિ રહેવા ઇચ્છું છું. આચાર્ય પદવીથી હું કાંઇ વિશેષતા નથી માનતો. અને મારા કરતાં જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ શ્રી કાંતિવિજયજી, શ્રી હંસવિજયજી વગેરે છેને!"

વારંવાર જ્યારે જ્યારે આચાર્યપદ માટે પ્રાર્થના કરવામાં આવી ત્યારે મહારાજશ્રીએ આ રીતે તે નકારી અને પોતાનું કામ ચાલુ રાખ્યું. શ્રી કાંતિવિજયજી અને શ્રી હંસવિજયજી મહારાજશ્રીએ પણ કહેવરાવ્યું કે ગુરુદેવનું કાર્ય પૂરું કરવાનો ઉત્સાહ અને કુનેહ તમારામાં છે, તેથી તમે જ આચાર્ય બનો! અમારા તમને આશીર્વાદ છે. પણ વર્ષો સુધી તે તરફ તેમણે વિચાર જ ન કર્યો.

છેવટે જ્યારે ગૂજરાત–પંજાબના શ્રી સંઘે તેમ જ વયોવૃદ્ધ શ્રદ્ધેય શ્રી પ્રવર્તકજી મહારાજ વગેરેએ આગ્રહ પૂર્વક અનુરોધ કર્યો ત્યારે પોતાની મરજી ન હોવા છતાં તેમણે હા કહી અને પંજાબના શ્રીસંઘના હર્ષનો પાર ન રહ્યો. લાહોરમાં મોટો સમારોહ કરવામાં આવ્યો. સં.

૧૯૮૧ના માગશર શુદ પાંચમના દિવસે સવારે ૭ાા વાગે આચાર્યપદ આપવામાં આવ્યું. ગૂજરાત–મારવાડ–પંજાબના હજારો ભાઈબહેનોએ આ ઉત્સવમાં ભાગ લીધો અને તેજ સમયે આપણા ચરિત્રનાયક શ્રી સોહનવિજયજી મહારાજશ્રીને ઉપાધ્યાયની પદવી આપવામાં આવી.

લાહોરથી વિહાર કરી ગુરુદેવની સાથે આપ ગુજરાનવાલા પધાર્યા. આ વખતનો પ્રવેશઉત્સવ જોવા જેવો હતો. નગરના મુખ્ય મુખ્ય બજારો ધજાપતાકાઓથી ખૂબ સુશોભિત કરવામાં આવ્યા હતા. ગુજરાનવાલામાં આ વખતે એક અદ્વિતીય કાર્ય થયું–તેમને એ કાર્ય માટે ભારે ચિંતા હતી. પંજાબભરના કલ્યાણને માટે એ કાર્ય અતિ આવશ્યક હતું–શ્રીસંઘ પંજાબ એકઠો થયો હતો. હજારો રૂપીઆ એકઠા થયા હતા. શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ પંજાબ માટેની યોજના થઈ ગઈ હતી–વ્યાખ્યાનમાં તે માટે હમેશાં સિંચન થતું હતું–બધાજ તે માટે ઉત્સુક થઈ રહ્યા હતા. આ પ્રસંગે આચાર્યશ્રી અને ઉપાધ્યાયજી તેમજ મુનિ મહારાજશ્રી લલિતવિજયજી મહારાજશ્રીના શુભ પ્રયાસથી ગુરુકુળનું મુહૂર્ત નક્કી કરવામાં આવ્યું–ગુરુદેવની અંતિમ ઇચ્છા ફલીભૂત થઈ.

ગુરુમહારાજશ્રીની આજ્ઞા લઈને આપ સંખતરા, નારોવાળ અને જમ્મૂ આદિ નગરોમાં ધર્મપ્રચાર માટે પધાર્યા. ગુજરાનવાલાથી વિહાર કરી પ્રથમ પસરૂર પધાર્યા. ત્યાં સ્થાનકવાસી સજ્જનોએ આપનો સત્કાર કર્યો. અહીં સાર્વજનિક વ્યાખ્યાન થયાં અને વ્યાખ્યાન પછી ત્યાંના સૂબેદારે તેઓશ્રીને ધન્યવાદ આપ્યા.

ત્યાંથી વિહાર કરી આપ કિલાસોમાસિંહ થઈને સનખતરા પધાર્યા. ત્યાંથી નારોવાળ થઈ પાછા સનખતરા થઈ જમ્મૂ આવ્યા. રસ્તામાં એક હડતાલ નામનું ગામ આવે છે. અહીં અલવરના એક રજપૂત અને મુસલમાન બન્ને રહે છે. આપે બન્નેને ઉપદેશ આપ્યો અને બન્નેએ આજીવન માંસ ન ખાવાની પ્રતિજ્ઞા લીધી. સનખતરા, નારોવાલ અને જમ્મૂમાં ગુરુકુળને માટે ૬૦-૬૦ રૂપીઆની તિથિ નક્કી કરવામાં આવી. જમ્મૂથી પાછા ફરતા આપ સ્યાલકોટ એક માસ રહ્યા, અહીં મહાવીર જયંતિ ધૂમધામથી ઉજવી. લોકોએ ઉત્સાહથી તૈયારી કરી. ગુજરાનવાલા નારોવાલ, સનખતરા આદિ શહેરોથી ઘણાં ભાઈબહેનો આવ્યાં હતાં. નગરમાં ઉત્સવની ઠીક ધૂમ મચી. આપે મહાવીર સ્વામીના જીવન પર સમયોપયોગી વ્યાખ્યાન આપ્યું. લોકોને ખૂબ આનન્દ થયો. સનખતરાનિવાસી લાલા પરમાનન્દજી દુગડ તથા નારોવાળના લાલા મંજૂશાહે લાડુઓની પ્રભાવના કરી અને ગુજરાનવાલાના સજ્જનોએ બદામોની પ્રભાવના કરી.

ચૈત્ર શુદિ ૧૫ના રોજ નારોવાલથી શ્રી સિદ્ધાચળનો પટ મંગાવીને પટની યાત્રા કરી તથા શ્રીસંઘ સાથે ચૈત્યવંદન કર્યું. અહીં એક નવીન કાર્ય પણ થયું કે અહીંના કેટલાક સ્થાનકવાસી શ્રાવકશ્રાવિકાઓએ મહારાજશ્રીના પવિત્ર હાથે વાસક્ષેપ ગ્રહણ કરવાનું સૌભાગ્ય મેળવ્યું. જેમાં લાલા નત્થુરામજીના સુપુત્ર લા. હરજસરાયજી, લા. લાભામલ્લજી, લા. ખજાનચીલાલજી, લા. અમરનાથજી, લા.

સરદારીલાલજી, લા. મેલામલજી ચૌધરી, લા. તિલકચંદજી, લા. મુલખરાજજી, લા. લક્ષ્મીચંદજી, લા. વિશનલાલજી, લા. દેવીદયાલજીના પુત્ર સરદારીલાલજી તથા લા. ગોપાળશાહનાં ધર્મપત્ની કેસરદેવી, લા. લધ્ધેશાહનાં ધર્મપત્ની અને લા. પાલામલનાં ધર્મપત્ની વગેરે નામો ઉલ્લેખનીય છે. આ ભાઈબહેનોને ચૈત્યવંદન–વિધિ તથા ગુરુવન્દન–વિધિ શીખવવામાં આવી.

સ્થાનકવાસી સાધુ–સાધ્વીઓએ વિઘ્ન નાંખવાની ભારે કોશીશ કરી પણ ગુરુકૃપાથી બધું વ્યર્થ ગયું. સ્થાનકવાસી સાધુ શ્રી લાલચન્દજીએ તો લાલા રામચન્દ્રજીને પોતાના મકાનમાં પૂજેરાના સાધુને રાખવા માટે ઠપકો આપ્યો પણ તેમણે તો ઉલટું એમ કહ્યું કે મહારાજ મકાન મારુ છે, મહારાજશ્રી ચોમાસું રહે તેમ નથી પણ રહે તો હું તો મારા મકાનમાં તેમને ચોમાસું રાખીને મારી જાતને ભાગ્યશાળી માનીશ.

મહારાજશ્રીના વ્યાખ્યાનમાં હમેશાં પ્રત્યેક સંપ્રદાયનાં સેંકડો સ્ત્રીપુરુષો આવતાં હતાં. હિન્દુ ભાઈઓ ઉપરાંત મુસલમાન ભાઈઓ પણ આવતા હતા. આ બધામાં અનાર અલીશાહ તો મહારાજશ્રીના ભક્ત બની ગયા હતા. એક દિવસ સભામાં તેમણે કહ્યું કે આ શહેરમાં એક સુન્દર જૈન મન્દિર બનેલું જોઉં અને તેમાં આ મહાત્માને બેઠેલા જોઉં તો મારા દિલમાં શાન્તિ થશે. જો કે મારા ઈસ્લામ ધર્મમાં મૂર્તિપૂજાને સ્થાન નથી પણ આ મહાત્માના ઉપદેશના પ્રભાવથી મૂર્તિપૂજા પર મારી શ્રદ્ધા પાકી થઈ ગઈ છે.

અહીંથી વિહાર કરી આપ ગુરુદેવના ચરણોમાં ગુજરાનવાલા પધાર્યા. ગુરુદેવના ચરણોમાં આવી પહોંચ્યા પણ આચાર્યશ્રીને વન્દન કર્યા પહેલાં સ્વર્ગીય આચાર્યશ્રી ૧૦૦૮ વિજયાનન્દસૂરિ મહારાજની સમાધિનાં દર્શન કર્યાં. ઉપસ્થિત જનતાને ગુરુકુળની સહાયતા માટે ઉપદેશ આપ્યો અને પછી ગુરુદેવના દર્શન કરી પોતાની જાતને કૃતકૃત્ય માની.

થોડા દિવસો પછી સં. ૧૯૮૨ના જેઠ શુદ પાંચમથી મૌન ધારણ કર્યું અને આ પવિત્ર તપશ્ચર્યાની સાથે સાથે નવપદજીનું આરાધાન શરુ કર્યું અને કાર્તિક શુદ પાંચમ સુધીમાં તે વ્રત સમાપ્ત કર્યું. આ તપશ્ચર્યામાં આપનું શરીર બહુ જ કૃશ થઇ ગયું, પરંતુ ગુરુદેવની કૃપાથી વ્રત નિર્વિઘ્નતાથી સંપૂર્ણ થયું.



## દીપક બુઝાયો

"ગુરુદેવ ! આપને અમે કેટલીવાર પ્રાર્થના કરીએ ! આ મહાવ્રત આપે કઠીનતાથી પૂરું કર્યું. તેમાં આપ કેટલા નંખાઈ ગયા છો ! હજી આ શરીરથી કામ લેવાનું છે, ગુરુકુળની સેવા કરવાની છે. પંજાબનો ઉદ્યોત કરવાનો છે. કૃપા કરી હવે ઉપવાસ પર ઉપવાસ ન કરો." સમુદ્રવિજયજી આદિ શિષ્યોએ પ્રાર્થના કરી.

"ભાઈ! કાલની કોને ખબર છે! જે થાય તે કરી લઉં. શરીરનો શો ભરોસો? મનમાં તો ઘણાંએ સ્વપ્નાં ઘડી રાખ્યાં છે. પંજાબ ભરમાં ગુરુકુળના પ્રચારનું બીડું મારે જ માથે છે. ગુરુદેવને નિશ્ચિંત કરવાનું પણ ધાર્યું છે અને મહાસભાદ્વારા પંજાબની કાયાપલટ પણ વિચારી છે પણ શરીર થાકી ગયું છે. કેટલા દિવસ ચાલશે તે શંકાસ્પદ છે."

અને ખરેખર તેમજ બન્યું. જ્ઞાનપંચમી પછી શરીર કૃશ થતું ચાલ્યું. કાર્તિક શુદિ ૧૨થી તો તબિયત ખરાબ થવા લાગી. ચાતુર્માસિક પ્રતિક્રમણ મહા મહેનતે કરી શકયા. ભાવિકજનો અને શ્રીસંઘે વૈદ્યોદ્વારા આપની ચિકિત્સા કરાવી પરંતુ રોગનું જોર વધતું જ ચાલ્યું. છેવટે રોગ જીવલેણ નીકળ્યો. હાલત બહુ જ બગડતી ચાલી. આવી તબિયત હોવા છતાં શુદ્ધિ એવી ને એવી હતી. અરિહંત અરિહંત શબ્દ તો ચાલુ જ હતો. બાર વાગે એક સુપ્રસિદ્ધ ડોકટરને શ્રાવકોએ બોલાવ્યા. ડોકટર નાડી તપાસવા લાગ્યા ત્યાં મહારાજશ્રીએ કહ્યું. "ડૉકટર સાહેબ, શું જુઓ છો! હવે તો તૈયારી છે! પ્રભુનામનું સ્મરણ એજ મારું પરમ ઔષધ છે."

પ્રાતઃકાળ હતો. ઘંટારવથી પ્રભુ મંદિર ગુંજી રહ્યું હતું. મધુર મધુર સુગંધ પ્રસરી રહી હતી. ઘંટનો નાદ આજે તો એક જ સૂર કાઢી રહ્યો હતો—પોકારી પોકારી કહી રહ્યો હતો કે હે ભાવિક ભક્તો દેવાધિદેવ વીતરાગ પરમાત્માની સાચી સેવા કરી વીતરાગ બનવા પ્રયત્ન કરો. દેહ ક્ષણભંગુર છે. કાલે નષ્ટ થઇ જશે કે આજે ઉડી જશે. આત્મ કલ્યાણ સાધી લ્યો. મૂક્તિ પંથ શોધી લ્યો.

પ્રભુદર્શન કરીને ગુરુદેવને વંદન કરવા આવતા ભાવિક ભાઈબહેનો ગુરુદેવને જોઇને સુખશાતા પૂછતાં પૂછતાં ઉદાસીન બની જાય છે. ઉપાધ્યાયજી પોતાની નાડી તપાસી રહ્યા છે. શિષ્યો સેવા કરી રહ્યા છે. શ્રાવકો તો આઠે પહોર બેઠા જ છે, એટલામાં ગુરુદેવ બોલી ઉઠયા.

“ ભાઇ ! સાવધાન ! આજ નાડીનું ઠેકાણું નથી હો ! ભાઇઓ ( શિષ્યોઃ સમુદ્રવિજયજી તથા સાગરવિજયજીને ) તમે આજે ઉપવાસ ન કરશો. મને ચેન નથી. મને લાગે છે આજ જ મૃત્યુને ભેટવા જાઉં છું. સમુદ્ર ! સાગર ! પુત્રો ! શામાટે આંસુ સારો છો ! આપણી લેણદેણ પૂરી થઇ. ભાઈ તમે મારા શિષ્યો નથી પણ પુત્રો છો ! તમે તો મારી ભારે સેવા કરી છે. હું તમને કેમ ભૂલીશ ! હિંમત રાખો. તમારી સેવાની શું પ્રશંસા કરું ! તમારું કલ્યાણ થશે–જેવી તમે મારી સેવા કરી છે તેવી ભાઈઓ ગુરુદેવની–સમાજની –પંજાબની સેવા કરશો. અધિક શું કહું, તમે બન્ને સુજ્ઞ છો આનંદથી રહેશો. તમારું કલ્યાણ સાધશો.” આમ શિક્ષા આપી અરિહંતનું સ્મરણ કરવા લાગ્યા.

આજ પ્રાતઃકાળમાં આપે પોતાના શિષ્ય શ્રી સમુદ્રવિજયજી તથા શ્રી સાગરવિજયજીને ચેતાવી દીધા હતા કે ભાઈ! સંભાળજો ! આજ ચતુર્દશીનો દિવસ છે. તમે ઉપવાસ ન કરશો મારી નાડી ઠેકાણે નથી. આજ અંતિમદિન છે. આમ કહી બધા જીવોની સાથે ખમત ખામણા કર્યા અને અર્હન, અર્હનનો જાપ કરવા લાગ્યા. ભક્તજનો ને સંઘથી ઉપાશ્રય ભરાઈ ગયો. સાધુ સાધ્વી આસપાસ બેસી ગયા.

અંતિમ ઘડી આવી પહોંચી. પાસે જ ગુરુદેવના મુખારવિંદથી મેઘ ધ્વનિશા ચાર શરણોના ઉચ્ચાર આપ સાંભળતાં સાંભળતાં સેવામાં બેઠેલા ગુરુદેવ, શિષ્યો તથા શ્રી સંઘને ઉદાસીનતામાં છોડીને માગશર વદી ૧૪ને રવિવારના બપોરના બરાબર ૧॥ વાગે આપ ૪૩ વર્ષ ૯ માસ ૨૫ દિવસનું ટૂંકું

આયુષ્ય ભોગવી પોતાની ઉજ્વળ કીર્તિને છોડી ભક્તજનોને શિષ્યોને તથા પંજાબ શ્રી સંઘને દુઃખી છોડી આપની સંસારલીલાઓનું સંવરણ કરતાં કરતાં સ્વર્ગલોકમાં સીધાવ્યા.

આપના દેહાવસાનના સમાચાર પંજાબના બધા શહેરોમાં વીજળીની જેમ ફેલાઈ ગયા. આ સમાચાર સાંભળતાં જ ગમગીની છવાઈ ગઈ. પંજાબના પ્રત્યેક શહેરમાંથી શ્રાવકો મોટી સંખ્યામાં ગુજરાનવાલા આવી પહોંચ્યા. વિમાન ધામધૂમથી કાઢવામાં આવ્યું. સ્મશાનયાત્રામાં હજારો સ્ત્રીપુરુષો જોડાયાં. દાહ સંસ્કાર સ્વર્ગીય ગુરુ મહારાજની સમાધિ સમીપ થયો. પંજાબ ભરમાં ઉપાધ્યાયજીના સ્વર્ગગમનનો શોકદિન મનાયો.

ઉપાધ્યાયજી એક આદર્શ સાધુ અને સુયોગ્ય વિદ્વાન તથા પ્રસિદ્ધ વક્તા હતા. જૈન સમાજના અભ્યુદયને માટે આપે જે પરિશ્રમ કર્યો છે તે પ્રત્યેક સાધુ નથી કરી શકતા. આપના હૃદયમાં સમાજ, દેશ અને ધર્મને માટે જેટલો પ્રેમ હતો તેની કલ્પના કરવી મુશ્કેલ છે.

આપના વિયોગથી દેશ અને સમાજમાં જે ખોટ પડી છે તેની પૂર્તિ થવી મુશ્કેલ છે. આપે પોતાના જીવનકાળમાં ઉપદેશ કાર્ય ઉપરાંત કેટલાંક પુસ્તકો પણ લખ્યાં છે. ગુરુભક્તિનો ભાવ તો અખંડ અને અસ્ખલિત હતો. અધિક તો શું કહેવું, આપના વિયોગથી જૈન સમાજમાં આજે મોટી ખોટ પડી છે.

આપને ચાર શિષ્યો હતા. શ્રી મિત્રવિજયજી, શ્રી સમુદ્રવિજયજી, શ્રી સાગરવિજયજી અને શ્રી રવિવિજયજી. શ્રી સાગરવિજયજીનો દેહાંત સં. ૧૯૯૦ના અષાડ વદી ૧૪ના રોજ અમદાવાદમાં થયો. શ્રી સમુદ્રવિજયજી તો આજે પણ ગુરુદેવના ચરણોમાં છે અને ઉપાધ્યાયજીના અધૂરા કાર્યને પૂરા કરવામાં ગુરુદેવને સહાયતા આપે છે, તેઓ તો અધિક પુણ્યશાળી અને સાધુવાદને પાત્ર છે.



# સ્નેહાંજલિ

સોહન મુાન સ્વર્ગમાં અધ સિધાવ્યા,
એવા ભવિકના મન ભાવ્યા. સોહન૦ ટેક

સ્નેહસુખાવર સાંભરી આવે, ત્યાં નયનમાં અશ્રુ વહાવ્યાં.
ઉપદેશ અમૃત આપી જગતમાં, વૈરાગ્યના બીજ વાવ્યાં. સો.૧
કામ અનેક કરાવ્યાં મનોહર, જ્ઞાનમાં નાણું ખપાવ્યાં,
નિર્મળ આનંદ ચિત્ઘન દેશે, ક્લેશનાં મૂળ કઢાવ્યાં. સો.૨
સદ્‌ગુરૂવલ્લભ સૂરિના ચરણે, સોહન નામ ધરાવ્યાં
જૈન સમાજની ઉન્નતિ કરવા, વિદ્યાસ્થાન સ્થપાવ્યાં. સો.૩
કોમળ ચિત્ત સદા મુનિ અપનું, અનુભવ તરૂ ઉપજાવ્યાં,
અંતરમાંહિ અનાદિના, અજ્ઞાન સૈન્ય હરાવ્યાં. સોહન.૪
ધન્ય ધન્ય ધન્ય મુનીશ્વર આપને, હેતુ જનોને હસાવ્યાં,
જન્મ ધર્યો અવની તળ ઉપર, નરકનાં સૈન્ય નસાવ્યાં. સો.૫
સ્નેહની અંજલિ આપું નિરંતર, શમતા હર્મ્ય સજાવ્યાં,
અવળી નદીતણાં પાણી આનંદે, અનુભવ બળથી ચડાવ્યાં.સો.૬
**અજિતસૂરિ** ઉચ્ચરે મુનિ આપે તો, ગાન ગુણ ગવરાવ્યાં,
આશીવારિ સદા શુભ આપને, સ્થાનક ઉર્ધ્વ વસાવ્યાં. સો.૭

## ગજલ–સોહની

સોહન વિજય મુનિરાજમાં, શોભન ગુણો વસતા હતા.
પંજાબની ભૂમિ વિષે, બોધાર્થ સંચરતા હતા. સોહન. ૧

કીધી જીવનની સફળતા, હતી પ્રેમકેરી પ્રબળતા,
સત્સંગ કેરી સબળતા, ધીરજ પેઠે ઢળતા હતા. સોહન ૨

એઓ વિષે ઉત્તમ ગુણોની, વસ્તી સંપૂરણ હતી,
ને આત્મજ્ઞાન તણી સુખદ, લહરી લલિત લસતી હતી. સો. ૩

ઉપકાર પરપ્રાણી તણો, કરવા બદલ કટિ બાંધતા,
સાધુત્વની સુંદર સીખા, મહાત્મ જન મોંઘા હતા. સો. ૪

મત્સર જગતનો મોરચો, મુનિરાજ માંહી ના હતો,
ભગવત ભજનમાં ભાવનો, વ્યામોહ એમાંહી હતો. સો. ૫

સ્વર્ગે સીધાવ્યા એ મહદ્, દઈ સ્નેહીને વિરહી દશા,
સ્નેહી જનોના સ્નેહ શા ! પ્રેમી જનોના પ્રેમ શા. સો. ૬

સત્સંગ આપી વિશ્વમાં, વાણી વિમળ વર્ષાવતી,
**શ્રીઅજિતસાગર**સૂરિના દિલો, આનંદ ધન પ્રગટાવતા. સો. ૭



મુંબઈનિવાસી ધર્મપ્રેમી
શ્રી શાહ કેશવલાલ નાનચંદ મુકાદમ

# પરિશિષ્ટો

## સ્પર્શેલાં સ્થળો



| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 卐૧ | પાલીતાણા | ૬ | પાલણપુર | ૧૧ | રતલામ | ૧૬ | પાલી |
| ૨ | જીરા | ૭ | વડોદરા | ૧૨ | બદનાવર | ૧૭ | બીકાનેર |
| ૩ | લુધિયાના | ૮ | ભરૂચ | ૧૩ | વેરાવળ | ૧૮ | ગુજરાંવાલા |
| ૪ | અમૃતસર | ૯ | ડભોઈ | ૧૪ | મુંબઈ | ૧૯ | સનખતરા |
| ૫ | ગુજરાંવાલા | ૧૦ | મુંબઈ | ૧૫ | ઉદયપુર | ૨૦ | જંડીયાલા ગુરુ |
| | | ૨૧ | લાહોર | ૨૨ | ગુજરાંવાલા. | | |

# પરિશિષ્ટ ૧

## सनखतरा—निवासी हिन्दुभाइओनी तरफथी अपायेलुं संस्कृत अभिनंदनपत्रम्

तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ !
तुभ्यं नमः क्षितितलामल भूषणाय ।
तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय,
तुभ्यं नमो जिनभवोदधिशोषणाय ॥ १ ॥

ॐ स जयतु शोभनविजयो,
देवो यत्पादपङ्कजाश्रयम् ।
जनताऽघतमस्तरणि—
र्नाशयति नृणां पापराशिम् ॥ २ ॥

त्यक्त्वामताभिमानं—
तत्पादाब्जमधुव्रतैर्जनैर्भव्यम् ।
नीत्वा विविधरसांस्ते स्वजनिं,
संशोध्य यान्तु भवपारम् ॥ ३ ॥

अथेदानीं सर्वतो धर्मप्रचारप्राचुर्य्यात विकृतान्तकरणः परिणता कालःमरणात्राभावान्यायदण्डपरिपीडितसर्वसंप्रदाय-समुदये सञ्जातकृपापारवश्यताऽभिप्रेतरितमनस्कैस्तत्रभवद्भिः?

श्री १०८मद्भिर्जैनोद्विन्दारुजनाभिवन्दितपादाब्जैर्जिनसंप्रदाय गुरुभिरेतत्प्रान्तमपिपावितव्यमेवेतिमत्वाऽऽगतं त्रियामावसाने कमलबन्धुवज्जगद्वन्ददबन्धुभिरूदितमिव तस्थाने "तमसालुप्यमानानां लोकेऽस्मिन् साधुवर्त्मनां प्रकाशनाय प्रभुता भानोर्वै इव दृश्यते। तत आगत्य चाव्यवहितम्पापप्रचारसंतापसमुच्छितानिश्रोत्रिहृदयानिकमलानांव हरितीकृतानि प्रतिदिनं वक्तृतामृताभिषेकेण प्रत्यक्षप्रतिभान्ति यद्बहुभिर्मांसादिदैर्यवनैर्मांसादनं परित्यक्त बधिकैरपि व्रतेषु जीवहननमस्वीकृतंराजकर्मचारिभिरपि शपथैः मांसादिकंनिरस्तम्।बहुभिरूपानद्विदेशवस्त्राणि विदेशशर्करा च परित्यक्ता अन्यान्यपि नियमानि स्त्रीभिर्बहून्युपगृहीतानि अघटघटनारूपं सर्वसंप्रदायसंमेलनमपि संजातमद्य सेवासमितिरपि सम्यक् प्रतिष्ठिता—एवं बहुप्रकृतिजालेन स्वीयमेव यशः प्रख्यापितं रुच्युत्पादेकैर्वाग्जालैः जनतया सर्वं विस्मृत्य कस्यचित् कवेरुक्तिः सूचिता तद्यथा ज्योत्स्ना गङ्गा परब्रह्मदुग्धधारा सुधाम्भुधिः हाराश्चापि न रोचन्ते रोचेत भगवद्यशः? अतो भगवद्भिरपरिमेयतया जगदुपकारपरैः श्रीमद्भिः सार्थकं नामस्वीयं पन्न्यासतः कृतं शोभनोविजयो जातः श्रीश्चाष्टाधिकशतात्मिका? रुडाः प्रशंशपदवीगाढाश्चैवाखिलामही। महाराजजिनादेशांच्छ्रव्यद्भिः प्रतिक्षणम् अवश्यमेवं विधर्मर्यादापालकैर्जगदाधारभूतैः बहुकालं जीवितव्यमित्याशास्महे भगवच्चरणारविन्दद्वन्दादनिशं गीर्ति च गास्यामः इत्थम्॥ यद्व्रतकृतामृता स्यादसेवनाद्धौत किल्विसा एकये स्थितामताः सर्वे जीवन्तु शरदः शतम्।

इतिशमभीप्सवो वयं प्रार्थयामः सनक्षत्र निवासिनः कृष्णदत्तप्रभृतयः। सं १९७१ जेठ ५ मी।

॥ समाप्तमदोऽभिनन्दनपत्रम् ॥

# અભિનંદન પત્રનો

## અનુવાદ

શ્રી ૧૦૮ મહારાજશ્રી સોહનવિજયજી ચિરાયુ રહો ! આપશ્રી અંધકાર સમૂહના નાશ કરવાવાળા સૂર્યની જેમ મનુષ્યોની પાપરાશિને નષ્ટ કરવાવાળા છો.

જે સમયે સમસ્ત સંપ્રદાય સમુદાય અંતઃકરણની મલિનતા, અકાળ મૃત્યુ, અન્નનો અભાવ અને અન્યાયથી પીડિત હતો તે સમયે આપના ચરણકમળોથી આ પ્રાંત પવિત્ર થયો. જેમ રાત્રિના અવસાન પર કમળ-બંધુ સૂર્ય ભગવાન ઉદય પામે છે, તેમ આપનું અહીંનું આગમન આલ્હાદજનક છે.

આપના પ્રતિદિનના વચનામૃતોથી જનતામાં ધર્મ પ્રચાર થયો. તેના ફળસ્વરૂપ ઘણા મુસલમાન ભાઈઓએ માંસભક્ષણનો ત્યાગ કર્યો. રાજ કર્મચારીઓએ પણ વિદેશી વસ્ત્ર તથા પરદેશી ખાંડનો પરિત્યાગ કર્યો. બધા સંપ્રદાયોનો જે આપસ આપસનો મેળ થયો તે આનંદની વાત છે કારણ કે તે આજસુધી અશકય વાત હતી. આજે સેવા સમિતિની પણ સ્થાપના આપના પ્રયાસે થઈ. આ રીતે આપનો યશ આપના ઉપકારોથી એટલો બધો ફેલાઇ ગયો કે જન સાધારણ લોક બધી વાતોને ભૂલી જઇને કવિની ઉકિતને યાદ કરવા લાગ્યા કે “ ચાંદની ચાંદની, ગંગા, પરબ્રહ્મ, દુધની ધારા, સુધાસાગર અને હાટ પણ પ્રિય નથી લાગતાં જેટલો ભગવાનનો યશ પ્રિય લાગે છે.” આ રીતે

જગતની ભલાઈમાં આનંદ માનનાર આપે આપનું શ્રી ૧૦૮ પંન્યાસ શ્રી સોહનવિજય નામ સાર્થક કર્યું છે અને સારી પૃથ્વી પર ખાદીનો પ્રચાર કર્યો છે.

અમે બધા ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે આપ જિન-વાણીને પ્રતિક્ષણ સંભળાવતા રહીને ધર્મને મર્યાદામાં રાખીને ધર્મનો ઉદ્યોત કરવા માટે બહુ સમય જીવિત રહો અને અમે આપના યશને હમેશાં ગાતા રહીશું તેમજ ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે અમે આપની અમૃત વાણીના આસ્વાદનથી સમસ્ત પાપોને દૂર કરીને એક થઇ સેંકડો વર્ષ સુધી જીવિત રહીએ.

શ્રી કૃષ્ણદત્ત વગેરે બધા સનખતરાનિવાસી ભાઇઓની આજ એક અભ્યર્થના છે.

# પરિશિષ્ટ ૨

## પીરસાહેબનું પ્રતિજ્ઞાપત્ર

[ સનખતરાના ચોમાસામાં પીર અહમદ શાહ ઉપાધ્યાયજીને મળ્યા હતા. પીરસાહેબે નીચેનો પ્રતિજ્ઞાપત્ર મહારાજશ્રીની સેવામાં મોકલ્યો હતો. ]

### મૂળ ઉર્દૂ
### નો
અનુવાદ

બિસ્મિલ્લાહ અલરહમાનુર્રહીમ.

જૈન સાધુ પં. સોહનવિજયજી મહારાજ.

સલામ—સનખતરામાં મારા શિષ્યોને ત્યાં મારું આવવાનું થયું. આપની પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિ સાંભળી મને આપને મળવાની ઈચ્છા થઈ. મળીને વાર્તાલાપ કરતાં શુદ્ધ વસ્ત્ર પહેરવાના તમારા ઉપદેશની મારા પર પ્રભાવિક અસર થઈ અને મેં શુદ્ધ વસ્ત્ર અંગિકાર કર્યાં. વળી મેં સનખતરા-નિવાસી મારા શિષ્યોને એક સાથે એકઠા કરીને શુદ્ધ સ્વ-દેશી વસ્ત્ર પરિધાન માટે ઉપદેશ આપ્યો અને તે બધાએ સ્વીકાર્યો એટલું જ નહિ પણ પ્રતિજ્ઞા કરી કે લગ્ન આદિ કાર્યોમાં તથા બીજા સાંસારિક ધાર્મિક પ્રસંગોએ અપવિત્ર ચરબીથી ખરડાએલાં, ચરબીથી ચાલતી મશીનોનાં અને અમારા ધર્મને હાનિકરવાવાળાં વસ્ત્રો ઉપયોગમાં નહિ લાવીએ. અમે પ્રતિદિન સ્વદેશી પવિત્ર વસ્ત્ર પહેરીશું અને બીજાં કાર્યોમાં પણ તેનો જ ઉપયોગ કરીશું.

આ ઉપરાંત હું જ્યાં જ્યાં જઈશ ત્યાં ત્યાં મારા શિષ્યોને એ જ શિક્ષા આપીશ અને મને આશા છે કે મારા બધા શિષ્યો મારી આજ્ઞાને માનશે અને અપવિત્ર વસ્તુઓ ખાણામાં પણ નહિ વાપરે. આ પત્ર આપની સેવામાં મોકલું છું તેનો સ્વીકાર કરશો."

૧૭ જુલાઈ ૧૯૨૨

પીર અહમદશાહ દ. પોતે



شردھا کے پھول پنیاس جی مہاتما موہن جی مہاراج کے چرنوں میں

بنی آدم اعضائے یکدیگرند
کہ در آفرینش ز یک جوہرند
چو عضوے بدرد آورد روزگار
دگر عضوہا را نماند قرار

امید واثق ہے کہ آنجناب اس تحفہ کو قبول فرما کر ہماری حوصلہ افزائی کرینگے

گر قبول افتد زہے عز و شرف

સનખતરાના કસાઈ ભાઈઓની

તરફથી

# અપાયેલ માનપત્ર

# પરિશિષ્ટ ૩

## માનપત્ર

[ સનખતરાનિવાસી મુસલમાનભાઈઓએ વિદાય વેળાએ આપેલું ]

અનુવાદ

શ્રીગુરુ સોહનવિજયજી મહારાજની સેવામાં અલ્લાહો અકબર, વન્દેમાતરમ, વન્દે જીનવરમ, સતશ્રી અકાલ !!!

ભગવન ! સંસારના ઉદ્યાનમાં અનુભવી લોકોએ પ્રતિદિન બનતા બનાવો અને વિપ્લવોથી એવો અનુભવ કર્યો છે કે સુખ-દુઃખ, આનંદ-શોક, પ્રકાશ-અંધકાર, ઉંચ-નીચ, ફુલ-કાંટા, જીવન-મરણુ, મિલન-વિરહ એક પછી એક ચાલ્યા જ કરે છે.

એ દિલોને દૈવ આરામથી નથી રહેવા દેતો. અમને પણુ તે કેમ છોડે ! આજે અમારે એ જ કડવો ઘુંટડો ગળવો પડે છે અને જુદાઈનું દુઃખ સહેવું પડે છે. આ થોડા દિવસોમાં અમારા ઉપર પરમ ઉપકાર કરીને આપ જેવા પવિત્ર ચારિત્રશીલ ઉપદેષ્ટા, પથપ્રદર્શક અમારાથી જુદા થાય છે.

શ્રીમાન ગુરુ મહારાજ ! અમને છોડી જવા પહેલાં, અને જુદાઈથી અમારા હૃદયોને આઘાત લગાવ્યા પહેલાં અમે આશા રાખીએ છીએ કે આપ અમને અમારા ભાવો પ્રદર્શિત કરવા આજ્ઞા આપશો. એ તો ચોકસ છે કે હૃદયના ભાવો હૃદય જ જાણે છે. શબ્દોમાં તેનું વર્ણન નથી થઈ શકતું.

ગુરુજી ! અમે આપને વિશ્વાસપૂર્વક જણાવીએ છીએ કે અમે માત્ર બનાવટી વાતો કહેવા એકઠા થયા નથી પણ આપની સહૃદયતા, સત્યતા, મધુરવાદિતા, નિષ્પક્ષ વ્યાખ્યાન-શૈલી અને સુંદર અને બહુમૂલ્ય ઉપદેશોએ અમારા હૃદયોને જીતી લીધાં છે એટલે જ આજ આપની વિદાય સમયે અમે ધૈર્ય નથી રાખી શકતા. એ જ કારણથી આપના પ્રેમપાશમાં બંધાઈ ગયેલાં હૃદય આ સમયે ધબકી રહ્યાં છે.

મહારાજ ! એક મહિનાનો સમય તો થોડી જ ક્ષણોમાં સ્વપ્નવત્ ચાલ્યો ગયો. અમારી હાર્દિક ઇચ્છા તો એવી છે કે આપ હજી થોડો સમય અમારી વચ્ચે રહો કારણ કે આપના આચારવિચારોએ અમારા દિલમાં સ્થાયી સ્થાન લઈ લીધું છે.

શ્રીમાન ગુરુજી મહારાજ—આપનું નિષ્કામ જીવન અમારે માટે આદર્શ રૂપ છે. આપનો નાનોશો વિચાર પણ અમારા જીવનને માટે બહુમૂલ્ય સિદ્ધાંત રૂપ છે. આપની વિદ્વતા, આપનું નિર્મળ ચિત્ત, આપની પરોપકારિતા પ્રસિદ્ધ છે. એક વખત પણ આપના પરિચયમાં આવનાર આપશ્રીના આંતરિક અને બાહ્ય ગુણોથી પ્રભાવિત થયા વિના રહ્યું નથી. આપના વ્યાખ્યાનમાં આવીને અમે આયુ-ભરની તૃપ્તિ અનુભવતા હતા. તેનાથી અમારા હૃદયમાં પણ ઉચ્ચ ધ્યેયની પ્રાપ્તિની ઇચ્છા જાગૃત થઈ છે જે માટે અમે આપના ચિરઋણી રહીશું. આપના શબ્દોએ આ નગરમાં મૃત હૃદયોમાં અમૃતવર્ષાનું કામ કર્યું છે વળી આપના સતત પરિશ્રમ તેમજ માનુષતાના સિદ્ધાંતે અમને ઘોર

નિદ્રામાંથી જગાવી દીધા છે. આપે અમારા ઉત્થાન માટે સેવાસમિતિ કાયમ કરીને અમને જીવનદાન આપ્યું છે. અમને આપે વર્તમાન સમય અનુસાર જીવન જીવતાં શીખવ્યું, ધર્મરક્ષાના સાધન બતાવીને, ખાદી પ્રચાર અને વિદેશી ખાંડનો ત્યાગ કરાવી અમને સ્વદેશ પ્રેમની શિક્ષા આપી. અમારી પ્રાર્થના છે કે આપને આપના ઉચ્ચ ઉદ્દેશમાં સફળતા પ્રાપ્ત થાય.

મહારાજ ! આપના ઉપકારોનું સવિસ્તર વર્ણન શક્ય નથી. અમે સંક્ષેપમાં આ માનપત્ર સમાપ્ત કરતાં પ્રાર્થના કરીએ છીએ કે ભગવાન આ પરોપકાર–સરોવરને દીર્ઘ કાળ વહેતું રાખે જેનથી અમે પણ વારંવાર અમારી તૃષા છીપાવીને શાંતિ પ્રાપ્ત કરી શકીએ. તથાસ્તુ

આપના ચિરઋણી

**સનખતરાનિવાસી મુસલમાન ભાઈઓ**

મેહરદીન અરાઈ, મુહમ્મદ અસમાઇલદરજી, મિસ્ત્રીફ઼ઝલ અહમદ, ફ઼જલદીન, રમજ઼ાન, જલાલદીન, કાયમદીન, હાકિમગૂજર, છાંગા અરાઇ. મેહરદીન, હુકમદીન, ઇલમદીન અરાઇ વલ્દ ઇમામ બખ્શ, જગન્નાથ બ્રાહ્મણ, ગુલામ હૈદર કમૈદીન કાશમીરી, હૈદરઅલી માશકી, બુદ્ધા કાશમીરી, લબ્ભૂખાં, સોહના હજામ, હુસૈનશાહ ફકીર, અબ્દુરહેમાન વલ્દ કરીમ દીન, જાનમહમ્મદ અરાઇ, સરાજબેગ, બાજ઼ચૂડ઼ગર । ઉમરદીન, મુહમ્મદદીન અરાઈ । અલ્લારખા કાશમીરી, સુલતાન, ફ઼જ઼લદીન દર્જી, ઇલમદીન મુહમ્નદદીન લુહાર, દૂલા, ઇમામ ચિરાગ઼દીન, કાદિરબખ્શ, ઇમામદીન કાશ્મીરી, તાજદીન, અબ્દુલગની કશમીરી, લાલદીન, દાદઅરાઈ, તાજદીન કવ્વાલ, શેખ ગુલામમુહમ્મદ કશમીરી લાલદીન, ચૂડ઼ગર, મુહમ્મદદીન, અબ્દુલકાદિર, ફકીરાઅરાઈ, ફ઼જલદીન કસાબ, સરાજદીન.

૧૭ રમજાન ૧૩૪૦ * હિ. જેઠ સં. ૧૯૭૯

# પરિશિષ્ટ ૪

## સનખતરાનિવાસી કસાઈઓની તરફથી

## માનપત્ર

અનુવાદ

શ્રદ્ધાના ભંડાર પંન્યાસજી મહાત્મા સોહનવિજય મહારાજના ચરણોમાં—

ગુરુજી મહારાજ! આપે એક મહિનાથી વિશેષ અમારી પાસે રહીને જે જે ઉપદેશો અમને આપ્યા છે તેમજ જે જે સિદ્ધાંત અમને શીખવ્યો છે તેનું વર્ણન કરવામાં વૃથા સમય નથી લેતા, કારણ કે આ પહેલાં અમારા જ મુસલમાન ભાઈઓએ આપની સેવામાં માનપત્ર દ્વારા તે ઉપદેશો અને સિદ્ધાંતોનું વર્ણન આપ્યું છે. પરન્તુ અમારાં હૃદયોને આપની તરફ આકર્ષિત કરનાર તો આપનો ઉપદેશ છે, જેનો સાર જેમ શેખસાદીએ પણ કહ્યું છે તેમ એ છે કે પરમાત્માએ મનુષ્યોને એ માટે જ સર્જ્યા છે કે દુઃખના સમયે એકબીજાની સહાયતા કરવી; જેમ એક અંગમાં દર્દ થાય તો બીજા અંગોને પણ ચેન પડતું નથી.

ગુરુજીમહારાજ! એજ શિક્ષા અમારા સાચા પ્રવર્ત્તક મુહમ્મદ સાહેબે પણ આપી છે. અમને એ વાતથી બહુ જ આનંદ થાય છે કે આ અંધકારના સમયમાં પણ અમારા સિદ્ધાંતો અને આપનો ઉપદેશ એક જ છે. અને એજ અમારા સાચા દિલોજાની પ્રેમ અને મિલાપનું ચિન્હ છે.

સ્વામીજી મહારાજ! આપનો સ્નેહ અને આપની



ગુરુવર્યના અનન્ય ભક્ત ગુજરાંવાલાનિવાસી

**લાલા સુંદરદાસજી જૈન, બરડ.**



શ્રી નીંગાળા જૈન શ્વે. કોન્ફરન્સના સ્વા. ઉપ-પ્રમુખ
કાન્તિ કોટન મીલ્સવાળા વઢવાણ કેમ્પ નિવાસી
**શ્રીયુત રતિલાલ વર્ધમાન શાહ**

સાચી મહોબત અમારા દિલોમાં જ્વલંત છે જેથી અમે આપની સેવામાં કોઈ એવી વસ્તુ ભેટ કરવા ઇચ્છીએ છીએ જે આપશ્રીને યોગ્ય હોય.

સનખતરાનિવાસી અમે કસાઈ ભાઈઓ જેનું કામ પેઢીઓથી એક જ ચાલ્યું આવે છે તે આપની સમક્ષ પ્રતિજ્ઞા કરીએ છીએ કે અમે રાજીખુશીથી, કોઇના પણ દબાણ વિના પ્રત્યેક સાલ નીચે લખેલા ચાર દિવસો માંસ નહિ વેચીએઃ—

જેઠ સુદ ૮, કાર્તિક સુદ ૧૫, પર્યુષણનો પહેલો અને છેલ્લો દિવસ. તેમ જ જૈનભાઈઓ પાસેથી આના બદલામાં પ્રત્યુપકારની આશા પણ નથી રાખતા. અમને પૂર્ણ આશા છે કે શ્રીમાનજી આ ભેટ સ્વીકારી અમને પ્રોત્સાહિત કરશો.

અમારાં સંતાન પણ આ અમારા લેખ અનુસાર આચરણ કરીને પુણ્યના ભાગીદાર બનશે કારણ કે પ્રત્યેક મુસલમાનનો ધર્મ છે, કે પોતાની પ્રતિજ્ઞામાં દૃઢ રહે.

અમે છીએ

સનખતરાનિવાસી

ફઝલદીન, અલ્લાહરકમા, મુહમ્મદલપી,
ફત્તુ, મેહરદીન, ઇમામદીન, ઇમામદીન,
ગુલામ મુહમ્મદ, અબ્દુલ્ખા, ફજા.

# પરિશિષ્ટ ૫

## ગામ પિંડદાદનખાંના–નિવાસીઓ તરફથી

### માનપત્ર

અનુવાદ

પરમ પૂજ્ય સ્વામીજી મહારાજ !

અમે પિંડદાદનખાં–નિવાસી હિંદુ જેમાં સનાતન ધર્મી, આર્યસમાજી, સિક્ખ, જૈન વગેરે ભિન્ન ભિન્ન સંપ્રદાયોના લોકો સમ્મિલીત છે; તે બધા આપના વિહાર સમયે અતીવ વિનય અને સાચા હૃદયથી આપનો ધન્યવાદ કરવાને માટે એકત્રિત થયા છીએ. અહીં થોડા સમય રહીને પણ આપશ્રીએ કરેલા ઉપકારનું વર્ણન કરવા અમારી પાસે શબ્દો નથી.

આપના નિશ્ચયથી ધર્મોપદેશ, આપનું ચારિત્ર, આપનો હિન્દુજાતિ પ્રત્યે પ્યાર તથા અન્ય ગુણોના પ્રભાવથી પિંડદાદનખાંના હિન્દુઓમાં નવીન શક્તિનો સંચાર થયો છે.

આ શહેરના હિંદુભાઈઓ વિરોધ, ઇર્ષ્યા અને પરસ્પરની ફૂટની આગમાં બળી રહ્યા હતા. આપની ઉપદેશરૂપી વર્ષાથી તેઓને સર્વનાશમાંથી બચાવી લીધા એટલું જ નહિ પણ પરસ્પર પ્રેમ અને સહાનુભૂતિના રંગમાં રંગી દીધા અને જે કાર્ય અસંભવિત લાગતું હતું અને જેને માટે પહેલાં પણ ઘણી વખત પ્રયત્ન થઈ ચૂકયા હતા તે તમે ચમત્કારની જેમ તરત કરી બતાવ્યું.

અમે પરમાત્માનો ધન્યવાદ કરીએ છીએ કે જેમણે આપ જેવા મહાત્માને આ સમયે અમારી પાસે મોકલ્યા:

આપ અહીં પધાર્યા અને આ ખારી પૃથ્વીને મીઠી જ નહિ પણ હરીભરી કરી દેખાડી, તે એ જગદીશ્વરની જ કૃપા છે. આમાં અત્યુક્તિ નથી જ, કારણકે જે લોકો એકબીજાની સામે જોવું તો શું પણ નામ લેવામાં પણ હલકાઈ માનતા હતા તે આપની સામે આવતાં જ આપના પ્રતાપથી મીણ જેવા સરળ બની ગયા અને એકબીજાને મળી ગયા, એટલું જ નહિ પણ જેમ બરફ સૂર્યના તાપથી પોતાની કઠોરતા તજીને પીગળી જાય છે, તેમ બધાએ પોતાની કુટિલતા, કઠોરતા, હઠ અને જૂઠો અહંકાર છોડી દીધા. આપનો આ ઉપકાર ભૂલી જાય તેવા પિંડદાદનખાંના નિવાસીઓ કૃતઘ્ની નથી જ.

આપનું જીવન ક્રિયાશીલતાનો એક નમૂનો છે, જેનો આજકાલ સર્વથા અભાવ જોવાય છે.

આપની કલ્યાણભાવના, ઉત્સાહ, પુરુષાર્થ, આપનો મનોહર ઉપદેશ, આપનું ઈંદ્રિયદમન, આપનો નિષ્કામ ભાવ અને આપની આત્મશક્તિ તેમ જ આપનું પવિત્ર સાધુજીવન એક સાચા સંન્યાસીનો નમૂનો છે, જેનાથી પ્રત્યેક મનુષ્ય શિક્ષા ગ્રહણ કરીને પોતાનું જીવન સુધારી શકે છે. જે જીવન સુધારને માટે હિન્દુજાતિ આજ સુધી ચોતરફથી પોકાર કરી રહી છે.

જ્યાં સુધી હિન્દુસભા રહેશે—અને તે અવશ્ય કાયમ રહેશે; કારણ કે તેનો પાયો આપ જેવા નિષ્કામી અને ત્યાગી મહાત્માએ નાંખ્યો છે.—ત્યાં સુધી આપનું નામ સદા પ્રેમ અને સન્માનથી સ્મરણમાં રહેશે.

અમને આશા છે કે આપ ફરી પણ આ નગરને આપના દર્શન તથા ધર્મોપદેશથી કૃતાર્થ કરશો અને આપને હાથે વાવેલા આ વૃક્ષને ભૂલી ન જશો.

અંતે સચ્ચિદાનંદ પ્રભુને અમારી પ્રાર્થના છે, કે આપને આપના ધ્યેયમાં—જેને માટે આપે સંસાર, વૈભવ પોતાનું કુટુંબ તથા શારીરિક સુખનો ત્યાગ કરી સંન્યાસ લીધો છે,–સફળ કરે અને આપનો પરિશ્રમ સફળ કરે.

અંતમાં અમે બધા આપને હાથ જોડી પ્રણામ તથા નમસ્કાર કરીએ છીએ અને આ માનપત્ર સ્વીકાર કરવા વિનંતિ કરીએ છીએ.

અમે છીએ
આપના સેવકો
પિંડદાદનખાંના હિન્દુભાઈઓ.



સનખતરા (પંજાબ)ના
મુસલમાન ભાઈઓની
તરફથી અપાયેલ

# માનપત્ર



# પરિશિષ્ટ ૬

# અંત સમયના પત્રો

[ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીવિજયવલ્લભસૂરિજીનો કૃપાપત્ર ]

ત્રયોદશી શનિવાર

વંદનાનુવંદના સુખશાતા. અષ્ટમી, નોમ તથા દશમના ત્રણે પત્રો મળ્યા. વૃત્તાંત જાણ્યો. જવાબ શું લખવો તે આજે તો સૂઝતું નથી. ઉપાધ્યાયજીની તબિયતનો ભરોસો નથી. જ્ઞાનીએ જોયું હશે અને આયુષ્ય લાંબુ હશે તો મળીશું નહિ તો આ પત્રથી વારંવાર વંદણા અને ખમત ખામણા સાથે લખાવે છે કે, " પ્રિય બંધુ ! મારું અધૂરું કામ આપને પૂરું કરવાનું છે. " તમારો એક પત્ર આવ્યો હતો, તેનો જવાબ તેમણે લખી રાખ્યો હતો, પણ પછી તે બિમાર થઈ ગયા. આજ કાગળોમાં મળી આવવાથી યાદગાર તરીકે મોકલું છું. હવે તો તબિયત સારી થયા પછી લખવું હશે તે લખશે. હાલ તો આ પત્રને અંતિમ પત્ર સમજી લેશો. વારંવાર હાથજોડી વંદના લખાવે છે. આરામ થયે આપને મળીશ તેમ કહે છે. હવે પત્ર નથી લખી શકાતો એટલામાં સમજી લેશો.

શાંતિ : શાંતિ : શાંતિ :

[ ૨ ]

[ ઉપાધ્યાયજી મહારાજનો પત્ર ]

વંદે વીરમાનંદમ્

ગુજરાનવાલા

વદિ ૧૦ શુક્રવાર

ધર્મબન્ધુ લઘુની વંદણા સ્વીકારશો. ધન્ય છે, ધન્ય છે, આપને, જે સૂરીશ્વરજીના વચનોનું પાલન કરી રહ્યા છો. મેં આ ગુણ આપનામાં ખાસ કરીને જોયો છે. જેવી રીતે આપ આચાર્ય ભગવાનની આજ્ઞાનું પાલન કરો છો તેમ હું પણ કરી શકું તો મારો તો બેડો પાર થઈ જાય. શાસનદેવને એ જ પ્રાર્થના છે કે મને ભવોભવ સૂરીશ્વરજીની સેવા મળે–જેવી તમે કરી રહ્યા છો. આપમાં મેં શું શું જોયું, બસ નથી કહી શકતો. કારણકે હું તો તમારી જ માળા ફેરવું છું. આપે જે કાર્ય કર્યું છે તે બીજાથી થવું દુશ્કર છે.

[ ૩ ]

[ બીજો પત્ર ]

વંદે વીરમાન્દમ્

ગુજરાનવાલા

શુદિ ૧૫ મંગળવાર

સેવકની વંદણા. માળા પહોંચી ગઈ. આજ શ્રીજીને અઠમ છે. કાલે પારણું થશે. ધર્મબન્ધુ! મારા પાપનો

ઉદય છે કે શ્રીજીની છત્રછાયામાં રહેતાં છતાં મારાથી કાંઈ પણ ભક્તિ નથી થઈ શકતી. પાંચ માસથી ખાંસી પાછળ પડી છે. આચાર્ય ભગવાનની કૃપાથી બે દિવસથી કાંઈક ઠીક છે. સિદ્ધચક્રના પ્રતાપથી આરામ આવી જશે. શરીર પણ હવે પહેલાં જેવું નથી. આપની કૃપાથી ચિંતા જેવું નથી. આજે મારા મનોગત ભાવો આપની સમક્ષ જણાવું છું.

આપ દયાળુ ગુરુદેવના કાર્યમાં સહાયતા કરી રહ્યા છો તે માટે મારી પાસે પૂરતા શબ્દો નથી જે હું તમારી સેવામાં લખું. એટલું જરૂર છે કે જ્યારે તમે યાદ આવો છો, આપનો સ્નેહ યાદ આવે છે, તે સમયે બે અશ્રુબિંદુઓ ટપકી પડે છે. સાચા ગુરુભક્ત છો તો આપ છો. હું દાવાની સાથે કહું છું કે જે જે કાર્ય આપે કર્યાં છે તે બીજો કોઈ કરવા સમર્થ નથી. ધન્ય છે આપને.

ગુરુકુળને માટે જે મદદ પહોંચાડી તેનો બદલો હું કઇ રીતે આપી શકું ! હું તે દિન ધન્ય માનીશ જે દિવસે ગુરુદેવની ઇચ્છા સોળે સોળ આના પૂર્ણ થશે. એ ઇચ્છા સંપૂર્ણ કરવાનું પ્રથમ કર્તવ્ય આપણું–સૂરીશ્વરજીના શિષ્યોનું છે, પણ બધામાં આપ જ તેમની ઇચ્છાને સંપૂર્ણ ન્યાય આપવા સમર્થ છો, બાકી તો 'અલ્લા અલ્લા ખેર સલ્લા' વાળો હિસાબ છે. મને લાગે છે ગુરુકુળને માટે આપણે એવા ભાઈબહેનો તૈયાર કરવાં જોઈએ જે સાલમાં રૂા. ૬૦) આપીને એક દિવસ સાધર્મી વાત્સલ્ય નોંધાવે. એવી ૩૬૦ તિથિઓ મળી જાય તો તો શું પૂછવું ! અગર એક એક સાલ દેવા વાળા ૭૦૦૦ ભાગ્યશાળી મળી જાય તો પણ સારું. મેં

ધારી લીધું છે કે દેશ દેશાન્તરમાં ફરી ગુરુકુળ માટે મોટું ફંડ કરવું. જો મારા ખૂનનું ટીપું પણ માગશે તો હું આપવા તૈયાર છું, પણ ગુરુદેવે જે છોડ વાવ્યો છે તેનું મહાન વૃક્ષ બનાવી દેવુ છે. અગર જિંદગી રહી તો કાંઇ ને કાંઈ સેવા ભક્તિ કરીશ, નહિ તો ભાવિભાવ. પ્રભાવવિજયને સુખશાતા. તપસ્વીજી, સમુદ્રવિજય, સાગરવિજય, ઉપેન્દ્રવિજય વગેરેની વંદના. બાબાજી અને શ્રીજીની તરફથી સુખશાતા.

આપનો

લઘુ સોહન



# સ્નેહાંજલિ

[ આચાર્યશ્રી વિજયલલિત સૂરીશ્વરજી મહારાજ ]

મારા પ્રિય બાંધવ! આજે પણ યાદ છે તે દિવસ, જે દિવસે દૂર દૂર પંજાબથી ગૂજરાતની તીર્થભૂમિ ભોયણીમાં આપણે બન્ને મળ્યા. એ શાંતસ્વભાવ, વિનીતભાવ, ભદ્રિકતા અને સહનશક્તિ આજે પણ નથી ભૂલાયાં.

તારી જીવનકથા પણ કેવી વિચિત્ર છે! સાધુ થયા, સ્થાનક છોડયું અને ત્રણ ત્રણ વખત સ્થાનકમાં ગયા છતાં શાંતિ ન મળી. ગુરુદેવની પાસે તમે દોડી ગયા. એ દયાસાગરે તમારી કેવી કસોટી કરી અને ગૂજરાતની ભૂમિમાં શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજશ્રીની છાયામાં આપણે મળ્યા.

'ભાઈ તમે કોણુ છો ? ક્યાંથી આવ્યા છો !' મેં પૂછ્યું ત્યારે 'હું પંજાબથી આવું છું.' કેવો ટૂંકો જવાબ ? પહેલા પ્રશ્નને। જવાબ તમારી તે વખતની સ્મિત કરતી ભોળી–ભલી દર્દભરી સૂરતથી મળી ગયો.

**મા**રા પ્રિય બન્ધુ, હૃદયમાનસના હંસ, ભવિષ્યના પંજાબના મુનિસિંહ, તારી આત્મકથા આજે પણ યાદ છે.

"હું જમ્મુ (કાશ્મીર) ને। રહીશ છું. ઓસવાળ કુટુંબમાં મારો જન્મ છે. મારું નામ વસંતામલ છે. મેં સ્થાનકવાસી સંપ્રદાયમાં સમાના(પતિયાળા)માં દીક્ષા લીધી હતી. મને ત્યાં શાંતિ ન મળી. હું તે છોડી ગુરુદેવની પાસે આવ્યો. તેમના દર્શનથી મને શાંતિ થઈ. તેમની કસોટીથી હું મુગ્ધ થયો. તેમની કૃપાથી મને આનંદ થયો. પંજાબના આગેવાન સુશ્રાવક લાલા ગંગારામ બનારસીદાસને કહીને મને ગૂજરાતમાં મોકલ્યો. આજે આ તીર્થભૂમિ તથા આપના દર્શનથી હું કૃતાર્થ થયો."

ભાઈ મારા ! તારી સાદગી અને હૃદયની નિર્દોષતાથી પરમપૂજ્ય શ્રી હંસવિજયજી મહારાજ અને હું આશ્ચર્યચકિત થયા હતા. તારો સાદો પહેરવેશ, મલમલને। ઝભો, બે પૈસાની ટોપી અને ધોતી તો આજે પણ સાંભરે છે. આ સાદાઈમાં સમાજની નસનસમાં પ્રાણ પ્રેરવાની તાકાત હતી તે હવે જાણ્યું.

બે દિવસ પછી તો આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ–જે તે સમયે સંસારની દૃષ્ટિએ સામાન્ય સાધુ હતા, તેમનો પત્ર આવ્યો કે' લલિતવિજય

યોગ્ય સુખશાતા અનુવંદના સાથ જણાવવાનું જે વસંતામલને તમારી પાસે મોકલ્યા છે. તેને તમારા નામની દીક્ષા આપશો, સાથે રાખશો, ભણાવશો અને સ્નેહથી રાખશો. એ ભવિષ્યમાં પંજાબને માટે ઉપયોગી નીવડશે.” અને ખરેખર ગુરુદેવનાં વાકયો ભાઈ તેં સાચાં પાડચાં. અંત સુધી પંજાબની સેવા કરી.

પ્રિય બન્ધુ! પછી તો તમારો અભ્યાસ ચાલ્યો. તેમાં પણ તમારી પ્રગતિ સારી ગણાય. થોડા વખતમાં જીવ-વિચાર, નવતત્ત્વ વગેરે શીખી લીધું. ત્યાંથી વિહાર કરી આપણે માંડળ આવ્યા. દીક્ષાની વાત સાંભળી માંડળનો શ્રીસંઘ આનંદ પામ્યો. તેનો લાભ માંડળને મળવો જોઇએ તેમ આગ્રહ થયો પણ નિમિત્ત જુદું હતું. માંડળની પાસે દસાડા ગામમાં મારા પરમ ઉપકારી, જ્ઞાનદાતા, મારા પરમપૂજ્ય ચારિત્રદાતા આચાર્યદેવથી બીજા નંબરના ઉપકારી મુનિમહારાજ શ્રી શુભવિજયજી તપસ્વીજી બીરા-જમાન હતા. તેમણે મને પંજાબથી આવ્યા બાદ વર્ષો સુધી શાસ્ત્રો તથા સિદ્ધાન્તોનું અધ્યયન કરાવ્યું હતું. પ્રમા-ણનયતત્વલોકાલંકાર, લોકતત્ત્વનિર્ણય, ત્રણભાષ્ય, ગુણ-સ્થાનક્રમારોહ, તર્કસંગ્રહ, ષટ્દર્શનસમુચ્ચય, સમ્યક્ત્વ-સપ્તતિ વગેરે અનેક ગ્રંથો કંઠસ્થ કરાવ્યા હતા. હું તેમની પાસે વંદનાર્થે ગયો. તેમની હાર્દિક ઈચ્છા મને જણાવી: “લલિતવિજય! શ્રી હંસવિજયજી મહારાજશ્રીની ઈચ્છા પ્રમાણે ભલે માંડલમાં દીક્ષા થાય, પણ જો મારી હાર્દિક

ભાવના પ્રમાણે થાય તો અહીં દસાડા ગામને આ પ્રસં-ગનો લાભ આપવો જોઈએ. માંડલને તો ઘણીવાર લાભ મળશે પણ મારી જન્મભૂમિમાં હું દીક્ષા લીધા પછી ઘણા વર્ષે આવ્યો છું. તો આ નાના ગામના શ્રી સંઘને આ પ્રસંગ ઉજવવા માટે તક મળે તો સારું.”

મેં હાથ જોડી ઉપકારીના ચરણમાં મસ્તક નમાવ્યું ને પ્રાર્થના કરી, ‘પ્રભો! હું શ્રી હંસવિજયજી મહારા-જશ્રીને પૂછીને આપને જણાવીશ. તેઓ દીર્ઘદર્શી અને વિચારશીલ છે અને મારા પર તેમની અસીમ કૃપા છે.’

એમ જ થયું. તેમની આજ્ઞા મળી. અમે દસાડા આવ્યા. સંઘમાં આનંદ આનંદ છવાઈ રહ્યો. ગુરુદેવે પંજાબથી મુહૂર્ત મોકલ્યું હતું–વરઘોડા નીકળ્યા, વાજાં વાગ્યાં, સમારોહપૂર્વક દીક્ષા થઈ અને સોહનવિજયજી નામ રાખવામાં આવ્યું. પણ ગુરુદેવના નામથી દીક્ષા અપાઈ કારણકે ગુરુદેવનું નામ લબ્ધિસંપન્ન છે.

આ આનંદજનક બનાવ પછી એક ભૂલ થઈ ગઈ તે આજે પણ યાદ આવે છે. શ્રી હંસવિજયજી મહારાજ-શ્રીના વિનીત શિષ્યરત્ન શ્રી સંપતવિજયજી મહારાજ-શ્રીએ મને આદેશ આપ્યો હતો, કે અમે શ્રી ભગવતીજીના યોગ પૂરા કરીએ ત્યાં સુધી તમે શ્રી હંસવિજયજી મહા-રાજશ્રીની પાસે રહો; પણ અમને બન્ને ગુરુભાઈને મહે-સાણા પાઠશાળામાં જઈને સંસ્કૃત અભ્યાસ વધારવાની ઇચ્છા થઈ આવવાથી અમે ન રહી શકયા. તેનું આજે પણ દુઃખ રહી ગયું છે.

મહેસાણાની હવા તે દિવસોમાં સારી નહોતી–પછી ચાણસમા ગયા અને વૃદ્ધ સાધુ પં. શ્રી ઉમેદવિજયજી મહારાજને સદ્‌ભાવપૂર્વક નવીન સાધુને વડી દીક્ષાના યોગોદ્વહન કરવા આગ્રહ કર્યો પણ અમને તો શ્રી હંસવિજયજી મહારાજશ્રીના ચરણમાં રહી શાંતિ પ્રાપ્ત કરવાની ભાવના જાગી હતી. અને અમે પહોંચ્યા સિદ્ધક્ષેત્ર પાલીતાણા–શ્રી હંસવિજયજી મહારાજ સાહેબની સેવામાં.

પ્રિય ભ્રાતા ! તમને છોડીને મારે મુંબઈ જવું પડ્યું. મારો આત્મા જાણે છે કે તે જુદાઈ મેં કેવી રીતે સહી છે, પણ ગુરુદેવના ચરણમાં તમને જોઈને આનંદ પણ થતો હતો.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના ગુરુદેવને આભારી છે. તેમણે જૈનસમાજને એક સર્વોત્તમ ભેટ આપી છે. હજારો નવયુવકોના જીવન સુધારની એ એક મહાન સંસ્થા છે. વિદ્યાલયનું ભાડાનું ખર્ચ વાર્ષિક ૧૮૦૦૦ રૂપીઆ આવતું હતું. ટ્રસ્ટી મંડળની સૂચનાથી ગુરુદેવની આજ્ઞાથી મારે મુંબઈ જવું પડ્યું અને ગુરુકૃપાથી વિદ્યાલય માટે મોટું ફંડ થઇ ગયું.

પ્રથમ જયન્તિ વિલેપારલે થઈ અને મુંબઈથી આવેલ ભાઈઓની ભક્તિ શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીયા સોલીસીટરે કરી—તે સમયે લગભગ રૂા. ૨૭૫૦૦, વિદ્યાલયને મળ્યા. બીજા ચોમાસાના પ્રારંભમાં જયન્તિ અન્ધેરી

શેઠ સેવંતીલાલ નગીનદાસ કરમચંદના બંગલામાં થઈ. લગભગ ૨૭૦૦ ભાઈઓની ભકિત તેમણે કરી અને ૫૦૦૦ રૂપીઆ વિદ્યાલયને આપ્યા.

શેઠ કીકાભાઇ પ્રેમચંદે પહેલા થોડી રકમ આપી હતી અને વળી થોડી રકમ આપી. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના બિલ્ડીંગ માટે લગભગ રૂ. બે લાખ બન્ને ચોમાસામાં થયા.

આ બન્ને ચોમાસામાં દાનવીર શેઠ વિઠ્ઠલદાસ ઠાકોરદાસ, દાનવીર શેઠ કીકાભાઈ પ્રેમચંદ, બાબુસાહેબ શ્રી. જીવનલાલજી પન્નાલાલજી તથા દાનવીર શેઠ દેવકરણ મુળજી આદિ ગૃહસ્થોએ સારો લાભ ઉઠાવ્યો.

વળી ભાઈ જે કામને માટે તમારી ભાવના હતી—મહા મહેનત હતી—તપશ્ચર્યા હતી, તે શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ પંજાબને લગભગ એક લાખ રૂપીઆ પૂરા થયા, તેમાં ૫૧૦૦૦ તો દાનવીર શેઠ વીઠ્ઠલદાસ ઠાકોરદાસે આપ્યા હતા.

શ્રી આત્માનંદ જૈન હાઈસ્કૂલ અંબાલા (પંજાબ) બિલ્ડીંગ ને માટે ૧૮૦૦૦ રૂપીઆ પણ તેમણે જ આપ્યા.

પ્યારા સોહન—આ બધા કામોમાં ગુરૂદેવની પ્રતિષ્ઠા અને તારી પ્રેરણા મને પ્રેરક હતાં.

કર્મયોગી ! પંજાબના ઉત્થાન માટે, મહાસભાના

સંગઠન માટે અને આત્માનંદ જૈન ગુરુકુળ પંજાબ માટે સર્વ શક્તિનું તારુ સમર્પણ અદ્‌ભુત છે.

ગુરુદેવની હાજરીમાં ખાંસીએ તને પાંચ પાંચ મહિના સતાવ્યો. આવા શરીરે મૌનવ્રત ધારણ કર્યું. આયંબિલ તપની આરાધના કરી. પણ શરીર દિવસે દિવસે બગડતું ચાલ્યું. તારી ભાવનાઓ—મહેચ્છાઓ પૂરી કરવાની જવાબ-દારી મારી છે તેમ હું માનવા લાગ્યો, તારા આત્માની શાંતિ પણ તેમાં જ હતી.

પ્રેમોદ્યાન ભાઈખાલાથી વિહાર કરી માહીમ પહોંચ્યા. શ્રી મકનજી જૂઠાભાઈ બાર. એટ. લો. એ પોતાના બંગ-લામાં બાર માટે નિમંત્રણ આપ્યું. અમે ત્યાં પહોંચ્યા. મુંબઈથી હજારો બહેનભાઈઓ ત્યાં આવ્યાં હતાં. પૂજા તથા સ્વામી વાત્સલ્ય થયું, પણ મારો આત્મા તો ઉપા-ધ્યાયજીની અંતિમભાવના પૂર્ણ કરવામાં લીન હતો.

મારા જન્મ જન્માન્તરના પ્રિય સ્નેહી! શેઠ શ્રી વિઠ્ઠલદાસ ઠાકોરદાસ સાથે પરામર્શ થતો હતો કે તેઓશ્રી ઉપાધ્યાયજીની ચિંતા દુર કરવા ગુજરાનવાલા તાર કરીને જણાવે કે ગુરુકુળ પંજાબ હમેશાં તેમની પ્રિય સંસ્થા રહેશે ને દિન પ્રતિદિન વૃદ્ધિ પામશે. બારથી વિહાર કરી શાન્તાક્રુઝ આવ્યા ત્યાં શ્રી વિઠ્ઠલદાસ શેઠ મળવાના હતા. તેઓ આવ્યા. તેમણે પોતાને ત્યાં ટેલીફોન પર માણસ બેસાડયો કે શાન્તાક્રુઝથી હું જે સંદેશો કહેવરાવું તે ગુજરાનવાલા તારથી જલદી મોકલવો. વાતચીત થઈ.

અને સંદેશો મોકલવાનું નક્કી કર્યું, કે ઉપાધ્યાયજીને લખી દેવું કે આત્માનંદ ગુરુકુલને આજન્મ હું સહાયતા કરીશ--પણ ભાવી તો જુદું જ હતું. ટેલીફોન પર જે માણસને બેસાડવામાં આવ્યો હતો તે કાર્યવશ બહાર ગયો હતો. સાન્તાક્રુઝમાં ટેલીફોન માટે બે ચાર જગ્યાએ તપાસ કરી પણ વ્યવસ્થા થઇ શકી નહિ. છેવટે જ્યારે મુંબઈથી ગુજરાનવાલા સમાચાર મોકલ્યા ત્યાં તો પ્રિય ધર્મબંધુ! ઉપાધ્યાયજી! તારો હંસ આ પિંજરને છોડી પરલોકવાસી થઈ ગયો હતો.

અહીં મારી દશા જળ વિનાના મીન જેવી હતી. રાત્રિભર ચિંતામાં રહ્યો--સવારે અનિષ્ટ સમાચાર મળ્યા. હું પાગલ જેવો થઈ ગયો. મતિ મુંઝાઈ ગઈ. મારા પ્યારા આંખોના તારા! તને યાદ કરી કરી હું અશ્રુ સારવા લાગ્યો.

પ્રિયબંધુ! મેં નહોતું જાણ્યું કે જાલંધરમાં આપણે ભેટયા--આગ્રહપૂર્વક તમે મને રોકયો. તમે જાલંધર આવી પહોંચ્યા અને આપણે બન્નેએ પ્રેમતરુનું ખૂબ ખૂબ સિંચન કર્યું. આત્મા એક બની ગયો--શરીર ભિન્ન રાખ્યાં. તે છેલ્લો મિલાપ હતો. તે રાત્રિ--તે સમાજ ઉત્થાનની વાતો--ગુરુદેવની ભકિતનાં ગાન--પંજાબ માટે બલિ થઈ જવાની તારી તમન્ના! આજે બધું યાદ આવે છે.

ધર્મવીર! તારાં કાર્યો--તારી સેવા--તારી ભાવના

—તારા મનોરથો બધું આજે પણ આંખ સામે તરવરે છે. તારી મનોહર છબી આ હૃદયમાં જડેલી જણાય છે.

ધન્ય તારી ભક્તિ! ધન્ય તારું જીવન! કોણ જાણે કેટલા દિવસો સુધી હું બેચેન રહ્યો.

શ્રી ડાહ્યાભાઈ ઘેલાભાઈએ એંસી હજાર રૂપીઆ ખરચી એક સેનીટોરીયમ માટે મકાન ખરીદ્યું હતું, પણ દાનવિધિ બાકી હતો. તેમણે વિનતિ કરી કે આપ આઠ દિવસ રહી જાઓ તો આ મકાન લોકહિતને માટે આપું—ઉત્સવ શરૂ થયો. પૂજા શરૂ થઈ, હજારો લોકો આવવા લાગ્યા. સ્વામી વાત્સલ્ય થયું અને આ ઉત્સ-વથી મારો ઉદ્વેગ કાંઇક શમ્યો.

વિહારની તૈયારી કરતા હતા ત્યાં અંધેરીના શેઠ શ્રી ભોગીલાલ લહેરચંદના મકાનની વાસ્તુપૂજા માટે આગ્રહ પૂર્વક નિમંત્રણ આવ્યું અને અંધેરીમાં પૂજા વગેરે કાર્ય થયાં. ત્યાંથી સૂરત વડોદરા થઈ અમદાવાદ આવ્યા.

અમદાવાદના શ્રી શેઠ વાડીલાલ સારાભાઈ મુંબઈ મળ્યા ત્યારે તેમણે મહાવીર વિદ્યાલયને એક લાખ રૂપીઆ આપવા માટે હાર્દિક ભાવના દર્શાવેલી. અમદાવાદ આવતાં શ્રી મોતીચંદભાઈનો પત્ર મળ્યો કે હું શ્રી. નગીનદાસ કરમચંદના ઉદ્યાપનમાં જાઉં છું, પણ મુંબઈ અગત્યનું કામ હોવાથી શ્રી વાડીલાલભાઈને મળી શકયો નથી, આપ જરૂર મળશો. તેઓ આમલી પોળની ધર્મશાળામાં આવ્યા. તે પ્રસંગે ઝવેરી ભોગીલાલ તારાચંદ લસણીયા, વકીલ

કેશવલાલ પ્રેમચંદ મોદી, શેઠ સારાભાઈ મગનભાઈ આદિ સજ્જનોની હાજરીમાં તેઓએ શ્રી મહાવીર જૈન વિદ્યાલયને રૂપીઆ એક લાખ આપવાનો નિશ્ચય દર્શાવ્યો. અમદાવાદથી પાટણ ગયા અને અનેક મુનિ મહાત્માઓનાં દર્શન થયાં.

આ બધાં કાર્યોથી પ્રિય આત્મન્ ! તારી સ્મૃતિ તો ન ભૂલી શકાઈ—સારાં કાર્યોથી મન જરા હલકું થયું પણ તારી એ સૌમ્ય મૂર્તિ યાદ આવતાં હૃદય આજે પણ વ્યગ્ર થઈ જાય છે.

પ્રિય સોહન ! આજે પણ તારો પ્રેમ, તારી ગુરુભક્તિ, તારો વિનમ્ર સ્વભાવ, પંજાબના ઉત્થાન માટેની તારી જહેમત અને તારાં કાર્યો યાદ આવ્યા કરે છે.

જુદાઈ તેરી કિસકો મંજૂર હૈ,
જમીન સખ્ત આસમાન દૂર હૈ.



# અંતિમ ભાવના

"ભાઈ, કાલની કોને ખબર છે? જે થાય તે કરી લઉં. શરીરનો શો ભરોસો! મનમાં તો ઘણુંયે સ્વપ્નાં ઘડી રાખ્યાં છે. પંજાબભરમાં ગુરુદેવના પ્રચારનું બીડું મારે જ માથે છે. ગુરુદેવને નિશ્ચિંત કરવાનું પણ ધાર્યું છે. અને મહાસભાદ્વારા પંજાબની કાયાપલટ પણ વિચારી છે. પણ શરીર થાકી ગયું છે. કેટલા દિવસ ચાલશે તે શંકા સ્પદ છે."

[અંતિમ સમયના ઉદ્દગારો]



**अत्ता हि अत्तनुबंधु**
**अत्ता हि अत्तनो मित्त ।** આચારાંગ

આત્મા જ આત્માનો બંધુ અને મિત્ર છે; સહાયક અને સલાહકાર છે. આત્મા આત્માથીજ સભર છે. એની સેવાને, એની કલ્યાણકામનાને એની સિદ્ધિરિદ્ધિને માપવા દુન્યવી માનસન્મા-નનાં ત્રાજવાંની જરૂર નથી.

આત્મા સાથેની સહજ એવી એની તન્મયતા એને સ્વયંભૂ સેવા તરફ લઈ જાય છે. સર્વ ધર્મ સમન્વય–સર્વભૂતની સેવા એજ એનો રાહ હોય છે. ત્યાં લોકસેવા, ધર્મસેવા, વર્ણસેવા એવા જુજવા ભેદ રહેતા નથી. જેમ તમામ સરિતા-ઓનાં નીર આખરે તો સાગરરૂપમાં પરિણમે છે; એમ એની નાનીમોટી તમામ સેવાઓ આખરે એકજ કલ્યાણ માર્ગની પ્રવાસી બને છે.

આવી સેવાને માનપત્રોના ગભારા ઉત્તેજી શકતા નથી. ઢોલનગારાં જાહેર કરી શકતાં નથી. એ તો આપમેળે સ્ફુરે છે. આપમેળે શોભે છે. કારણકે ઉચ્ચ આત્માનો એ સાહજિક ગુણ છે.

એવા આત્માઓને વગર માગ્યાં વંદન મળે છે.

જયભિખ્ખુ

એડવાન્સ પ્રિન્ટરી, અમદાવાદ.